


# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ પ્રભુજીની આરતી




શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ તીર્થંકર પરમાત્માઓની
કેવલજ્ઞાનની મુદ્રામાં પ્રતિષ્ઠિત દેરીઓ




# ચાલો ઉવસગ્ગહરં તીર્થે જઈયે રે...


**ખ**રેખર અત્યંત મહિમાશાળી અને પૂજનીય શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થે (નગપુરા જિલ્લો દુર્ગ-છ.ગ.સી.પી. રાજ્ય) આવીને અસંખ્ય શ્રદ્ધાળુઓએ અદ્‌ભુત વિરલ, અજોડ અણચિંતુ પ્રભાવક ભૂગર્ભથી મળેલ, ધરણેન્દ્ર પદ્માવતી પૂજિત, કેશી ગણધર દ્વારા પ્રતિષ્ઠિત, ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રથી વંદેલ ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુજીની આ પ્રતિમા આગળ ભાવપૂર્વક આરાધના કરતા આનંદ પામ્યા છે. પ્રતિષ્ઠાચાર્ય પૂ. શ્રીમદ્ રાજયશ સૂરી. મ. કહે છે.

*ઉપસર્ગો હરનાર પ્રભુજી મોરા, પારસ છો ભગવાન,*
*ધનધનાધન કર્મ રહિત છો, કેવલ વિમલ પ્રકાશ....*

આવા પુરૂષાદાણીય ચિંતામણિ પાર્શ્વનાથના પુણ્યપુંજ ધામમાં, સ્મરણીય કલ્યાણ મંદિર, નમિઉણ સ્તોત્ર મંત્ર ગર્ભિત જિરાવલ્લા પાર્શ્વ જિનાલયોના ઉતુંગ શિખરો પવિત્રતાથી પ્રાણ પ્રેરક રૂપ બન્યું છે.

## મેરૂ પર્વત જિનાલય


દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુ પોતાની શ્રમણ અવસ્થામાં કઠોર સાધના પૂર્વક વિહારના અનુક્રમે શિવનાથ નદીને કિનારે આવેલ આ સ્થળે જ્યાં જાંબુ, જંબીર, અશોક, કેતકી, ચંપા, આમ્ર, કેતકી અને સાહારના વૃક્ષો વડે રમણીય ઉદ્યાનમાં પધાર્યા હતા એની સ્મૃતિમાં તેમના તે સમયના ભક્તોએ ત્યાં પ્રભુના ચરણોની સ્થાપના કરી હતી. એ ચરણકમલ દેરી બનાવીને પ્રતિષ્ઠિત કરાવ્યું તે જ જગ્યા પર મોટું 'ઉવસગ્ગહરં જિનાલય'



બંધાવ્યું છે. શિલાલેખ પ્રમાણે સં. ૯૧૯માં આ દેરીની બીજીવાર પ્રતિષ્ઠા વસુમિત્રસૂરી. કરાવેલ અને વિ. સં. ૨૦૫૧ના વર્ષે પૂ. લબ્ધિ વિક્રમ ગુરૂ કૃપાપાત્ર પૂ. રાજયશસૂરી. એ ત્રીજીવાર પ્રતિષ્ઠા કરાવી. એવી પુણ્યવંત જગ્યાએ થયેલ જીર્ણોદ્ધાર અને તીર્થોદ્ધારના અનુક્રમે મહિમાશાળી મેરૂ પર્વત જિનાલય નિર્માણ થયું છે. ત્યાં ચૌવીસ તીર્થંકર પરમાત્માઓની પ્રતિમાજી પ્રતિષ્ઠા થઈ છે. પ્રભુજીના જન્મ કલ્યાણકના દિવસે મેરૂ પર્વતે અસંખ્ય લોકો એ ભક્તિ ભાવ મહોત્સવ રૂપે અભિષેક કરતા ધન્ય ધન્ય બને છે.

## તીર્થંકર ઉદ્યાન

કેવળ જ્ઞાન વૃક્ષોનું તીર્થંકર ઉદ્યાન આ તીર્થના મહિમાની વૃદ્ધિ કરે છે. પ્રતિષ્ઠિત તીર્થંકર ઉદ્યાન પૂ. પ્રતિષ્ઠાચાર્ય શ્રી રાજયશ સૂરી. મ. એ મંત્રીત વાસક્ષેપથી ભવ્ય આરાધનાની સાથે વટ, પુન્નાગ, પ્રિયંગુ, સાલ, આમ્ર, પીપલ, જાંબુ, અશોક, રાયણ, પલાસ, પાટલ્ય, દધિપર્ણ, વેતસ, ધાતકી, ચંપક, બકુલ, શિરીષ, દેવદાર, લોધ, સપ્તપર્ણ વૃક્ષોના નીચે ચૌવીસ તીર્થંકર પરમાત્માઓને શાશ્વત અને લોકાલોક પ્રકાશ કરવામાં સમર્થ એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું એવા વૃક્ષોનું રોપણ કરાવ્યું છે. કેવલજ્ઞાન વૃક્ષોની છાયામાં ૨૪ દેવકુલિકાઓમાં પ્રભુજીને જે મુદ્રામાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તે મુદ્રાની વર્ણયુક્ત પ્રતિમાઓની મહોત્સવ સાથે (૧ જાન્યુઆરી ૨૦૦૦ સં. ૨૦૫૬) પ્રતિષ્ઠા થઈ છે. એવો ઉદ્યાન વિશ્વમાં સર્વ પહેલો છે. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થમાં દર્શનીય છે. એક કવિના કથન મુજબ ''આત્મિક લાભને વિકસિત કરાવનાર આ તીર્થનું સૃજન એક કાવ્ય છે અને પરમાત્મા ભક્તિમાં લીન રાવલમલજી જૈન 'મણિ'નું અનુમોદનીય સમર્પિત શિલ્પ છે.''






તીર્થની સમ્પદાની વૃદ્ધિ ૨૦મી સદીમાં તીર્થોદ્ધારિત, જીર્ણોદ્ધારિત અને પ્રતિષ્ઠિત આ ભક્તિકારક શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થની વિશાલ સંરચનામાં શ્રી ગૌતમ સ્વામી, ગણધર શુભદત્ત, રત્નપ્રભ સૂરી., જગચ્ચંદ્ર સૂરી., વિજયાનંદ સૂરી., આર્ય રક્ષિત સૂરી., શાંતિ સૂરી. આદિ ગુરૂ ભગવંતોના શોભિત ચારિત્ર મંદિર, ચારો દાદા ગુરૂદેવ



ભગવંતોની દાદાવાડી, તીર્થના પ્રકટ પ્રભાવી અધિષ્ટાયક શ્રી માણિભદ્ર વીર, મા ભગવતી પદ્માવતી દેવીના મંદિર અને શ્રી નાકોડા ભૈરવની દેહરી શ્રદ્ધાળુઓને આનંદ આપે છે.

# તીર્થ દર્શન ઉદ્યાન

તીર્થની સમ્પદામાં જ્ઞાન ભંડાર ઉપાશ્રય, ધર્મશાળાઓ, ભોજનશાળાની સગવડ સાથે પવિત્ર પાવન તીર્થોના પૂજન-દર્શનનો લાભ પણ યાત્રાળુઓને આ તીર્થે મળે



એવી ભાવનાથી તીર્થ દર્શન ઉદ્યાન વિકાસ પામી રહ્યું છે. ત્યાં તીર્થ દેરીમાં તીર્થ પટ્ટ અને એ તીર્થોના મૂલનાયક પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવવામાં આવશે.



श्री उवसग्गहरं पार्श्व तीर्थ
पारसनगर - नगपुरा

ता. 26-6-94

इस तीर्थ की भव्यता सुनी थी। यहां 20 दिन रहने का अवसर मिलने पर उसे अहसास करने का सौभाग्य मिला। बड़ी प्रसन्नता हुई।

तीर्थ स्थान भक्ति के स्रोत है। जहां आने पर हृदय में परमात्म-भक्ति के, आत्म-श्रद्धा के भाव जगते हैं, बढ़ते हैं।

तीर्थपति श्री उवसग्गहरं पार्श्वनाथ भगवान के दर्शन से भक्त-आत्मा आनंद-विभोर बनती है, शांति एवं पवित्रता की प्रेरणा पाकर धन्य बनती है, यह निश्चित बात है।

परमात्मा की सौम्य शान्त मुद्रा के दर्शनमात्र से प्रशमरस का आनन्द पैदा होता है - प्रभु की स्तवना से प्रकृष्ट प्रसन्नता होती है।

कलापूर्णसूरि

प. पू. वसुधा वैभव, आध्यात्म योगी, आचार्यदेव
**श्रीमद् कलापूर्ण सूरीश्वर जी. म. सा.** विशाल समुदाय के साथ.
खैरागढ़ से छ'री पालित संघ सहित तीर्थ पधारकर अविराम भक्ति का सौंदर्य बढ़ाया।

# આવો, જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં તરબોળ થઈયે

**- જ્યોતિ એસ. સાવલા**

આત્માનું પરમ કલ્યાણ શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં છે. ભક્તિમાં દુનિયાના બધા ગમ ભુલાઈ જાય, ભક્તિમાં દુઃખ-દુઃખ રૂપ લાગે જ નહિ.

ભક્તિમાં છે રસમય અને આનંદમય જીવન જીવવાની શક્તિ. જીવનના પગલે પગલે પરમાત્મભક્તિની અભિન્ન અને અગત્યનું વિશ્વાસુ તત્ત્વ છે. માનવ જીવનની પ્રાપ્તિ અને ઉપયોગ અથવા વ્યવહાર ભક્તિ જેવા અમૂલ્ય અને સાર્થક ક્રિયાઓથી જ કરવી જરૂરી છે. ભક્તિ જે મુક્તિનો રાજમાર્ગ છે અને ચરમ સિદ્ધિની પરિણતિ પણ ભક્તિમાં જ છે. પૂ. ઉપાધ્યાય યશો વિજયજી મહારાજે એટલે ગાયું કે :-

*''મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી''*

જીવનમાં ભક્તિનો યોગ મળે એવા દૃઢ વિશ્વાસની સાથે પ્રયત્ન કરવો જરૂરી છે. ભક્તિથી એકાગ્રતા આવે છે. અનુપમ ભાવોથી જીવન છલોછલ થાય છે. એના પર ઊંડું આત્મચિંતન કરનાર બધાયને ભક્તિ ભાવથી તરબોળ કરી દેનાર ગીતો, સ્તવનો, સ્તુતિઓ, ચિંતનો, દેવાધિદેવોના જિનમંદિરો, તીર્થો અને સ્વાધ્યાયો, સામાયિક પ્રતિક્રમણ ચિંતનના સરસ આલંબન આપણને મળ્યા છે. પરમાત્માની ભક્તિમાં ખોવાઈ જવાનું, એના સિવાય કોઈ આલંબન નથી.

## ઉવસગ્ગહરં તીર્થમાં પાર્શ્વ પ્રભુના દર્શન કરતા ખોવાઈ ગયેલ પૂ. આચાર્યદેવ કલાપૂર્ણ સૂરી. મહારાજા

રાજનાંદગાંવમાં ચાતુર્માસ માટે પ્રવેશ પૂર્વે અધ્યાત્મ યોગી પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. સા. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ નગપુરા પધારેલ. તીર્થમાં દેવાધિદેવ શ્રી પાર્શ્વ જિનેશ્વર પરમાત્માના પ્રથમ દર્શન કરતા કરતા ખોવાઈ ગયા હતા. એમનું વૃદ્ધ શરીર ઓઘો લઈ નાચવા લાગ્યું. ગભારામાં પ્રભુજીના ચરણે મસ્તક નમાવી ભાવ વિભોર બની ગયા. કેટલોક સમય વીતી ગયો એનું પણ એમને ભાન રહ્યું નહોતું. જ્યારે પૂજ્યશ્રીએ ઉપાશ્રય પધાર્યા અને માંગલિક સંભળાવતા કહ્યું ''આજે આ તીર્થમાં પ્રભુજીની ચિદાનન્દમયી પ્રતિમા જોતા જોતા હું



# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ જિન સ્તવન



(રાગ - દરિશન દો ભગવાન...)

ઉપસર્ગો હરનાર પ્રભુજી મોરા, પાસર છો ભગવાન,

ધનધનાધન કર્મ રહિત છો, કેવલ વિમલ પ્રકાશ,
વિષધર કેરા વિષ વિનાશક, અમૃતમય ભગવાન....૧

યક્ષ પારસને દેવી પદ્મા, રહ્યા ધરણ પ્રભુ પાસ,
પલપલં મંગલ કલ્યાણોની, ગુંથી રહ્યા શુભમાલ....૨

વિસહર ફુલ્લિંગ મંત્રને ધારૂં, હૃદય કમલ મોઝાર,
ગ્રહ રોગ મુજ દુષ્ટ જ્વરો ઔર, મારી હરે ત્રણ કાલ....૩

મંત્ર રહો તબ દૂરે દૂરે, નમન ફલત શિરમોર,
નર પશુ જૈસે જીવોંકા ભી, દુઃખ દુર્ગતિ હરનારા....૪

સમકિત તારૂં પામી હાર્યા, ચિંતામણી કલ્પવૃક્ષ,
પારસ તારા પુણ્ય પ્રતાપે, અજરામર ભવપાર....૫

પારસ તારી સ્તુતિ હૃદયે, ભ ભર ભક્તિ પ્રકાશ,
દેવ તું મારો બોધિ દેજે, ભવે ભવે પારસનાથ....૬

ભદ્રબાહુ ગુરૂ ચૌદશ પૂર્વી, સંઘ સકલ શિરતાજ,
ઉવસગ્ગહરં તીરથ ગાજે, રાજયશ તુજ દાસ....૭

૦ પૂ. આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા.

બેભાન થયો અને લાગ્યું સાક્ષાત ભગવાન જ દેખાય છે અને ભાવ વિભોર બની ગયો. મજાના દર્શન થયા''

પછી પૂજ્યપાદ સૂરીદેવે નિત્યક્રમમાં બપોરના ભક્તિના અવસરે ઉવસગ્ગહરં તીર્થ જિનાલયનું વિશાળ મંડપ પણ નાનુ લાગવા લાગ્યું. સૂરીદેવના સાથે ભક્તિમાં રંગાયેલા ભક્ત હૃદયોને ભકિતમાં ઊંડા ઉતરતા-ઉતરતા ઓત-પ્રોત થતાં મેં તીર્થમાં જોયા છે.

## તીર્થનો મહિમા ગાતા-ગાતા કલાપૂર્ણ સૂરી. એ સંભળાવ્યું

''ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થમાં પારસનાથ પરમાત્માની પ્રતિમાં સરસ-સુંદર છે. જેના દર્શન કરતા-કરતા અદ્ભુત-અનુપમ- અનોખી મસ્તીથી હૃદયમાં ભકિત રસનો દરીયો સરસ-સરલ અને સુગમ બની જાય છે. ભક્તિની ભવ્ય શક્તિ અહિયા જોવા મળી છે. આ તીર્થે વિરાજિત જિનેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ખરેખર સાહસિક આનંદ આપે છે, સોહામણો સેતુ છે અને પરમ શુદ્ધ દશામાં લઈ જાય છે. આવા અચિંત્ય શક્તિ યુક્ત શ્રી અરિહંત પરમાત્માની પરમ તારક શક્તિનું ભાન કરાવે છે. અલૌકિક સુવાસની મહેક આ પ્રતિમાથી મળે છે. સર્વ કામનાના પૂરક, આપત્તિ, વિઘ્નોં, ઉપસર્ગોના ચૂરક અને સંપત્તિના સમર્થક એવી દૃઢ શ્રદ્ધા ભક્ત હૃદયમાં ધરાવે છે ઉવસગ્ગહરં પાર્શ્વનાથ નામથી ઓળખાતી આ પ્રતિમા પરમાત્મ દશાનો અનુભવ કરાવે છે. પરમાત્માના દર્શન કરતા પ્રભુ મિલનની પ્યાસ તીવ્ર થાય છે. ભક્તોં ભક્તિમાં લીન બની સ્વજીવનને ધન્ય ધન્ય બનાવે છે અને ભક્તિની સાધનામાં અહિર્નિશ આગળ વધે છે.



પૂજ્ય આચાર્ય શ્રી કલાપૂર્ણ સૂરીજીએ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ નગપુરાના વોરા પ્રવચન સભાગૃહમાં ભક્તિ યોગની વ્યાખ્યા કરતા કહ્યું''

ભક્તને ભગવાન પ્રત્યે પ્રીતિ અને ભક્તિ છે, પરંતુ પ્રીતિભક્તિના ભોજનરૂપ પરમાત્મા પ્રત્યક્ષ ન હોવાથી ક્યારેક તે મૂંઝાઈ જાય છે અને પ્રભુને પ્રશ્ન કરી બેસે છે કે... હે

# નગપુરા કા ઐતિહાસિક મહાત્મ્ય વર્ણન



શ્રી ઉવસગ્ગહરં પ્રભુ કા યહ પાવન તીરથ ધામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.
ઈસકી મહિમા ઈસકી ગરીમા ઈસકી છવિ અભિરામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

શસ્ય શ્યામલા ચિરવરદાની યહ ભારત કી ધરતી હૈ,
સત્પુરૂષોં કી સત્કૃતિયોં સે સજતી ઔર સવરતી હૈ.
ઈસી ભૂમિકા ભાગ નગપુરા ઋષિયોં કા આનંદ ધામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

ગંડક તટ પર ઈસ પ્રતિમા કો રચા નૃપતિ પરદેશી ને,
કિયા પ્રતિષ્ઠિત પાર્શ્વ પ્રભુ કે ગણધર સ્વામી કેશી ને.
પાર્શ્વનાથ કા યહ સ્થલ દેવોં કા નંદન ધામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

નિર્મલ જલ શિવનાથ નદી કા ઈસકો અર્ધ્ય ચઢાતા હૈ,
ઈસકી પાવન મિટ્ટી કો શીતલ ઔર તરલ બનાતા હૈ.
મંદ સુખદ ઉન્મુક્ત સમીરણ બહતી આઠોં યામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

ચૌબીસ તીર્થંકર કે દર્શન યહ સુલભ સુખકારી હૈ,
લબ્ધિવંત ગૌતમ પ્રભુ આસીન વરદ છવિધારી હૈ.
દિવ્ય પ્રતિષ્ઠિત ઈન છવિયોં કે રૂપ અનૂપ લલામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

સત્ય અહિંસા પ્રેમ ત્રિવેણી કા કલ કલ મૃદુરાગ હૈ,
છત્તીસગઢ નગપુરા કા યહ તીર્થરાજ પ્રયાગ હૈ.
સદા સુરંભિત ભોર યહાં કી મંગલ પાવન શામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.



પ્રભો ! આપનું અને મારૂં મિલન થશે કે કેમ ? આપની અને મારી પ્રીતિ અભંગ રહેશે કેમ ? કારણ કે આપની અને મારી વચ્ચે સાત રાજલોકનું મોટું અંતર છે. અર્થાત્ આપ લોકાગ્રે બિરાજમાન છો, જ્યારે હું મધ્ય-લોકવર્તી મનુષ્ય ક્ષેત્રમાં વસું છું.

હે નાથ ! અનેકવાર એવી ઈચ્છા થઈ જાય કે આપને પત્ર લખીને મારી પ્રીતિ દૃઢ બનાવું, ભક્તિ વેગવંતી બનાવું. પણ... અફસોસ...! મારો પત્ર આપને પહોંચાડનાર અને ત્યાંથી આપના શુભ સંદેશાનો પ્રત્યુત્તર લઈ પાછો વળનાર કોઈ ટપાલી-પથિક મને જડતો નથી. જે કોઈ આપની પાસે આવે છે તે જાણે આપનો એક ક્ષણનો પણ વિરહ ઈચ્છતા ન હોય તેમ આપની પુનિત જ્યોતિમાં ભળી, આપમય બની જાય છે અને એવું કોઈવાહન નથી કે જેમાં બેસી ને પણ હું આપને મળવા આવી શકું... અને પેલા નીલ ગગનમાં ઊડતાં પંખી જેવી પાંખો પણ મારી પાસે નથી કે ઉડી ને પણ દૂર દેશાવરમાં રહેલા આપના મંગળકારી દર્શને આવી શકું. જેમ તનને પાંખ નથી, તેમ તેમ મન ને આંખ પણ નથી કે જેના દ્વારા આપના દર્શન કરી શકું અને હે સામર્થ્ય નિધાન ! એવી કોઈ વિશિષ્ટ શક્તિ પણ નથી કે જેના બળે આપની સમીપ આવી પહોચું. પ્રભુ-મિલન-પ્યાસા ભક્તની વ્યથા પણ આગવી રીતની હોય છે. તે પરમાત્માને કહેતો હોય છે કે આપના દર્શનની ઝંખના જેમ જેમ તીવ્ર બનતી જાય છે, આપના મિલનની પ્યાસ જેમ જેમ ઉત્કૃષ્ટ બનતી જાય છે, તેમ તેમ હે નાથ ! અનેક અંતરાયો મને ચોમેરથી ઘેરી વળે છે, મારી આશાના મધુર સ્વપ્નને વેર વિખેર કરી નાંખે છે.

ખરેખર ! પ્રભો ! આજે મને એ સત્યનું ભાન છે કે જેઓ દૂર-સુદૂર શાશ્વત ધામમાં વસતા હોય, જેમને મળવું અતિ દુષ્કર હોય અને જેઓને સંદેશો પણ ન મોકલી શકાતો હોય, એવી વ્યક્તિ સાથે પ્રેમ કરવો તે કષ્ટદાયી છે એટલે કાયર માણસો આપને પામવાના માર્ગમાં પાછા પડી જાય છે. હે નિરંજન, નિરાકાર પરમાત્મા ! આપ તો ખૂબ દૂર છો... પરંતુ સાકાર શ્રી અરિહંત પરમાત્મા તો આ પૃથ્વીતલ પર વિચરી રહ્યા છે.. અને પોતાના પવિત્ર ચરણકમળથી પૃથ્વીને પાવન કરી રહ્યા છે, અસંખ્ય દેવો તેમની સેવા કરી રહ્યા છે. એ પરમાત્મા પણ જો થોડી રહેમ કરીને એકાદ દેવને આજ્ઞા કરે, તો તે દૈવી શક્તિના બળે પણ... એ અપાર કરૂણાનિધાન પરમાત્માના દર્શન પામી શકું... પરંતુ શ્રી અરિહંત પરમાત્મા પણ એવી રહેમ કરતા નથી.

સંત પ્રબુદ્ધ શ્રદ્ધાલુઓં કે સહૃદય શુભ સહયોગ સે,
યહ પાવન નિર્માણ હુઆ પ્રભુ કી ઈચ્છા કે યોગ સે.
ધર્મિષ્ઠોં કી ધર્મ ધરા યહ તપનિષ્ઠોં કા ધામ હૈ,
ઈસ પુનીત પાવન ધરતી કો શત શત કોટિ પ્રણામ હૈ.

૦ ડૉ. રામબાબૂ તૈલંગ, કાનપુર

## 'સિરિ ઉવસગ્ગહરં તિત્થપઈટ્ઠતત્થં સિરિ પાસનાહટ્ઠગં'

ઉવસગ્ગહરં પાસં, તિયસંમા નમન્તિ જં,
કલ્લાણ-કલ-આવાસં, ભક્તિભર થય પુવ્વેણ (૧)

તં મુત્તિઈ પુગ હેઉળા, પાસં વંદામિ કમ્મધણમુક્કં,
કમ્મપાસ બંધ્ધોડહં, પાસ જકખ સુસંજુતં (૨)

પજ્જલિઅ કટ્ઠ મજ્ઝતો વિ, તારિઅ ઠારિઅ ઠાવિઓ દેવલોક જણે,
વિસહર-વિસ-ણ્ણિણાસં, તં પરમિટ્ઠિમંત હિઅં વંદે (૩)

પર્ઓરાય કરિવઅં ભવ્વ નેત્તાણં વિઆસયરં,
વંદે ઉવસગ્ગહરાહિવં, મંગલ-કલ્લાળ-આવાસં (૪)

વિસહર ફુલ્લિંગ મંતં, જસ્સ નામેળ સઈ જવિયં,
ખળ મિત્તેળ ચિંતિય વ, અચિંતિયં ખલં દિંતિ (૫)

અગેળ વસણ સમેઓ વિ. જં., કંઠે ધારઈ જો સયા મળુઓ,
તસ્ય સવ્વ સોહગ્ગમાલં, પરિઓ સમ્મુહં મિલિસ્સઈ (૬)

તુહ સમ્મતે લદ્ધે, ન કિંચિ પત્તલં હવઈ સેસં,
તસ્ય સંસારં અડળં, ન અહિયં અઢ્ઢ પુગ્ગલાવત્તઓ (૭)

પાવિઓ જિળ ધમ્મો મએ મુકખમગ્ગેકલકખો,
ભવઉ તા અવિરામં, ભવે ભવ પાસ જિળ ચંદ (૮)

૦ મુનિ વિશ્રુતયશ વિજય

ખરેખર ! વીતરાગ પ્રભુ પર કરેલો રાગ પણ એક પક્ષીય હોય છે. તેથી રાગ ભક્તને સદા શોષાવું પડે છે. અકળાવું પડે છે. ચાતક મેઘ-વર્ષાની આતુરતાપૂર્વક રાહ જોતો હોય છે. જ્યારે મેઘને તેની પડી જ નથી હોતી તેથી તેને ટટવાળી-ટટવાળીને વરસે છે અને ચકોર ચન્દ્ર-દર્શન માટે લાલાયિત હોય છે. પરંતુ ચન્દ્ર તેની પ્રીતિની ઉપેક્ષા કરી, અમાસના અંધકારમાં છૂપાઈ જાય છે. તેમ પ્રભો ! આપ પણ ભક્તની પ્રીતિ અને ભક્તિની ઉપેક્ષા કરી, ભક્તથી ન્યારા જ રહો છો. આપને કદાચ એમ હશે કે, આ ભક્ત મારા સચ્ચિદાનંદ પૂર્ણ સુખમાંથી ભાગ પડાવશે.... પણ પ્રભો ! આટલા કંજૂસ કાં બનો...? મારામાં એ શક્તિ જ ક્યાં છે કે આપના સુખમાં ભાગ પડાવી શકું. પરંતુ.... હું તો એટલું ઈચ્છું છું કે આપની ભક્તિથી મને એવી શક્તિ પ્રાપ્ત થાય કે હું પણ, મારા સંપૂર્ણ, શુદ્ધ આત્મસ્વરૂપ ને પ્રગટ કરી, નિજાનંદની મસ્તી માણી શકું.



ભલે પ્રભો ! આપ મારાથી દૂર રહો.... અને આપની મનહર મુખમુદ્રાના દર્શન પણ ન થવા દો... છતાં મારી પાસે રહેલી ભક્તિની ચુંબકીય શક્તિ વડે હું આપને આકર્ષી મારા મન-મંદિરમાં બિરાજમાન કરીશ અને વિશુદ્ધ પ્રેમના પવિત્ર બંધનથી આપને એવા બાંધીશ કે આપ કદી તેમાંથી છટકી ન શકો....

હે પ્રભો ! આપનું પ્રત્યક્ષ મિલન અત્યારે ભલે મારા માટે દુર્લભ ગણાય, છતાં મારી પાસે આપના પવિત્ર નામરૂપી આપનો મંત્ર-દેહ વિદ્યમાન છે, હું તેનું આલંબન લઈશ.... ભરદરિયે તણાતો માણસ જે અનન્ય ભાવે લાકડાના આલંબન ને સમર્પિત થાય છે તે જ ભાવે હું આપના નામરૂપી આલંબનને સમર્પિત થઈને આપના દર્શનની મારી પ્યાસ બુઝાવીશ.

અને પ્રભો ! આપ સમક્ષ આપની પાવનકારી પડિમા (પ્રતિજ્ઞા)નું જ્યારે...જ્યારે... આલંબન લઉં છું, ત્યારે... ત્યારે... તો મને જાણે સાક્ષાત આપ જ મળ્યા હો તેવો અપૂર્વ આનંદ થાય છે. હૈયું હર્ષ વિભોર બની નેત્રો પાંપણ હલાવ્યા સિવાય હોંશે-હોંશે આપના દર્શનામૃતનું પાન કરવા લાગે છે. મન 'મારૂં' મટીને 'આપનું' બની જાય છે. હે નાથ ! આપની પાવનકારી પ્રતિભા પણ મારા માટે અનન્ય આધારરૂપ છે. ભીષણ ભવસાગરમાં તણાતા એવા મને તેમાંથી તારનાર સુંદર સુદઢ-જહાજ તુલ્ય છે.

ભક્ત- હૃદયની આ વ્યથા એ ભક્તિમય જીવનની પ્રેરકકથા છે.



## શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ નમામિ અનિથં

શ્રી કારકં યદાર્હન્ત્યં, ત્રૈલોક્યે ચિત્રકારકમ્,
ઉત્તમં સર્વભાવેષુ, નમામિ તં પ્રભાભરમ્ (૧)

પદ્માપ્રદાયકં નાથં, છત્તીસગઢભૂષણમ્,
સર્ગાદિભાવહત્તરિં, નમામિ તં પ્રભાભરમ્ (૨)

હરિતાભં નાથં, ફળીલક્ષ્મં, સમાધિમૃતિદાયકમ્,
રંજકં ત્યાગધર્મસ્ય, નમામિ તં પ્રભાભરમ્ (૩)

પાર્શ્વાધીશં પ્રભાધીશં, શિવાગારં ગુણાલયમ્,
નાનાખ્યં નૈકતીર્થેશં, નમામિ તં પ્રભાભરમ્ (૪)

થં સર્પસ્ય હિ હર્તારં, નાગેન્દ્રપદ દાયિનમ્,
નમસ્કાર પ્રદાનેન, નમામિ તં પ્રભાભરમ્ (૫)

માર્ગદસ્યુ પ્રણષ્ટારં, નવકારતનુધારકમ્,
મિતભાર્ષિત્વદેષ્ટારં, નમામિ તં પ્રભાભરમ્ (૬)

અનન્તકં વિનેતારં, અનાદિ કર્મવારકમ્,
નિત્યં સુખપ્રદાતારં, નમામિ તં પ્રભાભરમ્ (૭)

શં પ્રાપળાય યદ્ ધ્યાનં, ભર્વાળવે તરીસમમ્,
રત્નત્રયનિધાનાય, શ્રી પાર્શ્વાય નમો નમઃ (૮)

વિષયવિષનિવૃતૌ, જાડંલીમંત્રતુલ્યા,
ભવવનદવશાન્તૌ, શ્યામલામેઘમાલા (૯)

સમભિલષિતદાને, કામધેનુઃ સમાના,
જગતિ જગતિ ભધ્યા, પાર્શ્વનાથસ્ય મૂર્તિઃ (૧૦)

૦ સાધ્વી રત્નચૂલાશ્રીજી

ભગવાનને ઠપકો આપવાનો અધિકાર, સાચા ભક્તને જ હોય છે. કારણ કે એ ઠપકાના મૂળમાં દુન્યવી કોઈ લાલસા હોતી નથી. પરંતુ વીતરાગ પરમાત્માના પરમ વિશુદ્ધ સ્વરૂપનું શ્રેષ્ઠ બહુમાન રહેલું હોય છે. નિષ્કામ ભક્તિની ચુંબકીય શક્તિને ત્રિલોકમાં કોઈ કદી પડકારી શકે તેમ નથી કારણ કે તે ત્રિભુવન પતિ શ્રી અરિહંત પરમાત્મા વિષયક હોય છે એટલે તેમાં શ્રી અરિહંત પરમાત્માનું અચિંત્ય સામર્થ્ય હોય છે.

શ્રી વીતરાગ, અરિહંત પરમાત્મા પ્રત્યેનો રાગ ભલે એકપક્ષીય રહ્યો, પણ તે અવશ્ય કરવા જેવો છે, કારણ કે તે રાગમાં ભક્તને વીતરાગ બનાવવાનું સ્વાભાવિક સામર્થ્ય રહેલું છે. એવો મર્મ ભક્ત હૃદયની વ્યથા વ્યક્ત કરનારા વચનોમાં મહેકતો હોય છે. જડના ચેતન ઊપરના સ્વામિત્વને હણવામાં શ્રી અરિહંત પરમાત્માના ચારે નિક્ષેપોની ભક્તિ એકસરખું સામર્થ્ય ધરાવે છે. માટે ચેતનવંતા ભક્તાત્માઓ સવેળા ચેતી જઈને જડ રાગના હુમલાઓને પાછા પાડવા માટે શ્રી અરિહંત પરમાત્માને, તેમના નામને, તેમની આજ્ઞાને તેમની ઉત્કૃષ્ટ ભાવનાને આગળ રાખીને જ ચાલે છે. નિજ આત્માના પરમાત્મા સ્વરૂપ ને પ્રગટ કરવાની ઉત્તમ જે સામગ્રી આપણને મળી છે. તેનો તે દિશામાં જ સદુપયોગ કરીને આપણે સર્વોપયોગી, સર્વોપકારી, શુદ્ધ જીવનના પરમ શિખરે પહોંચી શકીશું તે નિઃશંક છે. જ્યારે... જ્યારે... પ્રભો ! આપના શુદ્ધાત્મ દ્રવ્યની વિચારણા કરૂં છું, ત્યારે.... ત્યારે... મને મારા જ્ઞાનાવર્ણી યાદિ કર્મથી આચ્છાદિત અશુદ્ધ આત્મ દ્રવ્યમાં પણ પ્રચ્છન્નરૂપે રહેલા શુદ્ધસ્વરૂપના દર્શન થાય છે અને તેને પ્રગટ કરવાની તીવ્ર તાલાવેલી લાગે છે.



આ રીતે મારા શુદ્ધ આત્મદ્રવ્યનું જ્ઞાન કરાવી, મારા મિથ્યાત્વ અંધકારનો ઉચ્છેદ કરાવવામાં પણ પ્રભો ! આપના શુદ્ધાત્મસ્વરૂપનું ચિંતન પણ અનન્ય સહાયક બને છે, ઉપકારક બને છે.

પ્રભો! જ્યારે...જ્યારે... સમવસરણમાં બેસી, આપ દેશના દેતા હો, તે દશ્યને આંખ સામે લાવું છું ત્યારે...ત્યારે... તો એમ જ થાય છે કે.... હું પણ આ બાર પર્ષદાની મધ્યમાં બેસીને આપની અમી ઝરતી વાણીનું પાન કરી રહ્યો છું. આપ જ મને આ સંસારની દુઃખ રૂપતા, દુઃખ ફલકતા અને દુઃખખાનું બંધકત્તાનું સચોટ ભાન કરાવી રહ્યા છો અને મોક્ષ પ્રાપ્તિના ઉપાયોનું યથાર્થ જ્ઞાન કરાવી રહ્યા છો તેમ જણાય છે.

# પ્રભુ પાર્શ્વસ્તુતિ (અષ્ટક)



(છંદ – વસંતતિલકા)

શ્રી શ્યામલા મનહરાપ્રભુ પાર્શ્વ સોહે
ગાવા ગુણો તુજ વિષે ભવિ મોહે
શ્લાઘા સુળી તજ દિલે કરાવા નિવાસા
તીર્થેશ પાસ મુજ ધળી પુરજો પિપાસા (૧)

નામે જ પાર્શ્વનગરે પ્રભુ તું વિરાજે
ધ્યાવે જ પાર્શ્વનગરે પ્રભુ તું વિરાજે
તારી જ પાસ બસતા ભવિ પાસ થાવે
પાર્શ્વ ફળી તુજ ભજે અહો ભક્તિ ભાવે (૨)

ખોદે જિહાં નિકલતી અહિ છત્રયુક્તા
હર્ષ જનો નિરખતાપ્રભુ રમ્ય મુદ્રા
કેશિ પ્રતિષ્ઠ જિનકી મહિમા અપૂર્વા
સૌભાગ્ય પ્રાપ્ત કરતા ગુરૂ રાજ ગર્વા (૩)

શ્રેષ્ઠિ જ સાત દિન એક સુસ્વપ્ન આવે
સ્થાપો પ્રભો નગપુરા શુંભ શીખ ધાવે
છત્તીસગઢ ગરિમા પ્રભુજી પધારે
ત્રૈલોક્યમાં તુજ તળો જયકાર થાવે (૪)

સંગ રમે શિવ પ્રિયા સહ મુકિત મેલે
દુઃખી થયો અબ નવા ભવ નાટ્ય ખેલે
તોડો હવે કહુ તને ભવ દુર્ગ જેલે
તીર્થેશ પાસ શરણું મુજ પાપ ઠેલે (૫)

જોવા જ જેવું જગમાં બસ રૂપ તારૂ
જોયા પછી સમજતા નિજ રૂપ સારૂ

હે નાથ ! શરદપૂનમના ચન્દ્રની કાન્તિને શરમાવે એવી અનુપમ કાન્તિવાળા આપના વંદન ચંદ્રનું દર્શન સ્મૃતિ પથમાં આવતા હૈયું હર્ષ ઘેલું બની જાય છે અને દેવરચિત સમવસરણની અલૌકિક રચના, અષ્ટ મહાપ્રાતિહાર્યોની અદ્ભુત શોભા ચૌત્રીસ અતિશયોની સમૃદ્ધિ અને પાંત્રીસ ગુણોથી સભર દેશના આ બધુ જ મને આપના પ્રકૃષ્ટ પુણ્યની ઝાંખી કરાવી જાય છે. આપની 'સવીજીવ કરૂં શાસન રસી'ની ભાવદયાની યાદ અપાવે છે.

દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી પૂજિત હે પ્રભો ! આપના જેવા નાથને મેળવી હું કૃતાર્થ થયો છું. નિર્બળ પણ લખવાનની સંગતિથી ગાજે છે. નિર્ધન પણ ધનવાનની સોબતથી ગર્વ વડે મસ્તક ઊંચું કરી શકે છે અને નિર્ગુણ પણ ગુણવાન પુરૂષની સોબતથી ગૌરવ અનુભવે છે. તેમ હે પ્રભો ! કર્મ-કલંકયુક્ત એવો હું નિષ્કલંક એવા આપના સાન્નિધ્યથી ગૌરવ અનુભવું છું. મારી જાતને બડભાગી માનું છું. મારા જીવનને સાર્થક થયું સમજું છું.



આપ મારા નાથ છો, હું આપનો દાસ છું આપ મારા સ્વામી છો, હું આપનો સેવક છું. આ ભવઅટવીમાં ભટકતા કલ્પતરૂની જેમ આપનું અમોઘ દર્શન લાધ્યું છે. એટલે હવે આ અસ્થિર-અસાર સંસારમાં સારભૂત જો કાંઈ જ હોય, તો તે કેવળ આપની સેવા જ છે, તેવું મને લાગે છે. હે નાથ ! આપને શત્રુ પર રોષ નથી. ભલે પછી તે ચંડકૌશિક રૂપે આવે કે કર્મઠરૂપે આવે. આપને મિત્ર પર રાગ નથી. ભલે પછી તે દેવ હોય કે દેવેન્દ્ર. આપની તુલ્ય દૃષ્ટિને હું જેટલા નમસ્કાર કરૂં તેટલા ઓછા છે. સ્વયંભૂ રમણ સમુદ્રના જળરાશિને શરમાવનારી આપની અસીમ કરૂણાને કોટિશઃ પ્રણામ કરતા પણ મારૂં મન ધરાતું નથી.

હે વિશ્વવત્સલ પરમાત્મા ! આપના ચિત્તમાં મને સ્થાન આપો એવી માગણી હું નથી કરતો... પરંતુ પ્રભો ! એટલું જ માગું છું કે આપ મારા ચિત્તમાં આવીને વસો... બસ, પછી મને કર્મશત્રુઓનો સહેજ પણ ડર નથી. કે પરમ ઉપકારી નાથ ! મારા તન-મન-ધન-જીવન-પ્રાણ બધુ જ આપને સમર્પિત છે. એ બધા પર આપનું સ્વામિત્વ છે. આપની આજ્ઞાનું પ્રભુત્વ તેના પર સ્થપાય અને મહામોહનું બળ મંદ પડે એ જ ઈચ્છુ છું. મારૂં સર્વસ્વ આપને સમર્પિત છે. તે સ્વીકારીને પ્રભો ! આપ મને આપનો બનાવી લ્યો.... ! મારી જીવન નાવનું સુકાન સંભાળી આપ મને તારી દો....!

તેથી ગ્રહી ચરણમાં શરણુ તમારૂં
ઓ પાર્શ્વનાથ મનડું તુજમાં અમારૂં (૬)

સ્યાદ્વાદ્ યુક્ત વચનો જિનરાજ તારા
મિથ્યાત્ત્વ વિષ હવા મણિ મંત્ર સારા
સમ્યકત્ત્વ બીજ ફલતા શુભ મેઘ ધારા
તીર્થેશ પાસ પુરજો અરમાન મારા (૭)

તું મેઘ તો થનગનું થઈ ને મયુરો
તું ચાંદ તો દરશને તલસુ ચકોરો
અંભોજ તો અભિ બની ગુણ ગાવું તારા
હે પાર્શ્વનાથ તુજ બિના રહું ના લગારા (૮)

ચાહું સદા સુરતરો સમ છાય દેવા
તાપો હરે મનતળા તુજ કાય સેવા
કાપો જ બંધ ભાવના દઈ મુક્તિ મેવા
શ્રી પાર્શ્વનાથ મુજ રહો તુજ પદ્મ સેવા (૯)

ષષ્ઠી મહાસુદી દિને ભર ભવ્ય ભાવા
સંસાર પાર્શ્વનાથ તરણી પ્રભુની પ્રતિષ્ઠા
લીધા જ પાર્શ્વ નગરે ભજી ભવ્ય લાવા
શ્રી રાજતો હરખાતા ગુણ નવ્ય ગાવા (૧૦)

શોભે પંચ મનોહરા સુશિખરો પાર્શ્વેશના મંદિરે
થાયે ભવ્ય મહોત્સવો નગપુરે પાર્શ્વ પ્રતિષ્ઠા તણે
વાગે લબ્ધિ સુઘોષ ઘંટ જગમાં હર્ષે ઘણા રાજતો
સ્વર્ગે શ્રી સર્વોદયા સુહરખે ગાવે ગુણો આજ તો (૧૧)

૦ સાધ્વી અર્હત્પદ્માશ્રી

હે નાથ ! સર્વ સમર્પણ યોગના આ સાધનાપથમાં મારા પગ ડગુમગુ ન થઈ જાય, મારૂં મન ચળવિચળ ન થઈ જાય, તે માટે આપ મારા અંતઃકરણમાં સમ્યગ્દર્શનનો દીપક પ્રગટાવજો !



હે કરૂણાસિંધુ ! આપના ચરણ-કમળની સેવાની ભવો-ભવ મને ભેટ અર્પજો... એ સેવાનું સુખ હું ચાહું છું તવ ચરણસેવા એ જ મારે મન સર્વસ્વ છે.

હે અનંતજ્ઞાની પ્રભો ! આપની ભક્તિના પ્રભાવે આ બધું મને અવશ્ય મળશે, એવી અવિચળ શ્રદ્ધા મુજ હૃદયમાં છે. છતાં અંતરની અધીરતા આપની પાસે માગણી કરાવી છે.

આવી અધીરતા એ સાત્વિક ભક્તિનું એક લક્ષણ હોઈને આવકારદાયી ગણાય છે. એટલે મને તેનો રંજ નથી. આ રીતે ભક્ત, પ્રભુ ભક્તિનું આગળ વધતો રહે છે, તેમ... તેમ.. તેના જીવનમાં પરમાત્મા પ્રતિ શ્રદ્ધા, સમર્પણ અને આજ્ઞાપાલનના ગુણો વધુ ને વધુ વિકસતા રહે છે.

આ ત્રણ ગુણો એવા છે કે તેના વડે ભક્તજીવનની સઘળી ત્રુટિઓ-ખામીઓ દૂર થઈ જાય છે અને આ ત્રણ ગુણોને નિજ અંગભૂત બનાવીને ભક્ત, ભગવાનની વધુ ને વધુ નિકટ પહોંચતો જાય છે. છતાં પ્રભુ-દર્શન પ્રાપ્ત થતું નથી ત્યારે તે ભગવાનને મીઠો ઠપકો (ઉપાલંભ) પણ આપે છે. હે સ્વામી ! આપને અનેકાનેક ભક્તો છે, પણ મારે મન તો આપ એક જ સ્વામી છો. આપ મારા પર કૃપા કરો કે ન કરો, મારી ભક્તિની કદર કરો કે ન કરો, પરંતુ હું આપને છોડવાનો નથી જ, કારણ કે પ્રભો ! એક વખત અમૃતનો આસ્વાદ માણ્યા પછી વિષના કટોરા તરફ દૃષ્ટિ કોણ કરે...? કઈ રીતે ઉત્સુક થાય ? જેનું મન માલતી-ફૂલની મીઠી સુવાસથી તરબતર થયું છે તે માણસ, આકડાના ફૂલને સુંઘવાની ઈચ્છા પણ શાની કરે? તેમ લોકોત્તર ગુણોના નિધાન સમા આપને મેળવ્યા પછી વિષય કષાયને આધીન દેવો પર દિલ શી રીતે થાય?

હે નાથ ! આપે અનેક ભક્તોના દિલને લોભાવ્યાં છે, અંતરને આકર્ષ્યા છે, સૌની સેવા-ભક્તિ સ્વીકારી દિલાસો આપો છો પણ... ખરેખર તો આપ, આપને સંપૂર્ણતયા સમર્પિત એકાદ ભક્તની સાથે અનંતભાવે ભળી જાઓ છો અને મારા જેવા ગુણહીની ભક્તની ઉપેક્ષા કરો છો... તે આપ જેવા નિરાગી પ્રભુને માટે યોગ્ય ન કહેવાય. નિરાગી તો ગુણહીન અને ગુણવાન, પૂજક કે નિંદક બધા તરફ તુલ્યભાવ હોય છે. સૂર્ય-ચંદ્ર પોતાનો પ્રકાશ

# લાખો પ્રણામ



ઉવસગ્ગહરં વાલે, તુમકો લાખો પ્રણામ,
તીર્થપતિ પારસ હમારે, હમ સઘરે પ્રભુ દાસ તુમ્હારે...
તીજે પદ અભિરામ તુમકો લાખો પ્રણામ (૧)

પોષ વદી દશમી સારી જન્મે પ્રભુ તુજ જગ હિતકારી
પાર્શ્વ જિનેશ્વર નામ રે તુમકો લાખો પ્રણામ (૨)

ગ્યારસે લીનો સંયમધારી નિજ આતમ કો કિયો ઉજિયારી
પરમાતમ વિસરામ તુમકો લાખો પ્રણામ (૩)

આજ હી ઘાતી કર્મ નિવારી, કેવલજ્ઞાન ઉપાયો ભારી,
જય જય આતમરામ તુમકો લાખો પ્રણામ (૪)

સમવસરણ રચના સુર કીની પર્ષદ દ્વાદશ દેશના દીની
તીર્થંકર પદ ધામ તુમકો લાખો પ્રણામ (૫)

સંવત દો હજાર ઈકાવન માઘ સુદી છટ્ઠમ ટાણુ,
દર્શન કીનો સ્વામ તુમકો લાખો પ્રણામ (૬)

તીર્થપતિ મેરે સ્વામી, કરૂણા સાગર,
મણિ શ્રમ સફલ હુઆ તુમકો લાખો પ્રણામ (૭)

ઉવસગ્ગહરં તીર્થપતિ મેરે સ્વામી, કરૂણા સાગર,
પ્રભુજી મુઝે ઉતારોજી, ભવસાગર સે પાર (હે ઉવ.)

પાર્શ્વ જિનેશ્વર સ્વામી, નામી આતમરામ,
પૂરણ નિજ પદ ગામી રામી, અજર અમર પદ ધામ (હે ઉવ.)

નિરંજન રંજન જગ જેતા, કામ સુભટ વડવીર.
અંજન ભક્તિ નયનામૃત ગંજન, મોહ મહાભટ ધીર (હે ઉવ.)

તીરથ નગપુરા મંડલ અંજન, પાપ અનેક પ્રકાર
કર્મ વિહંડન કુમતિ ભંડન, મણિ તણા દાતાર (હે ઉવ.)

દેશ દેશ કે યાત્રી આવે ભાવે દર્શન કાજ,
પાવે દર્શન પાપ ખપાવે, ગાવે શ્રી જિન રાજ (હે ઉવ.)

રેલાવતાં ક્યારેય પણ ભેદભાવ દાખવતા નથી, તેમ આપે આ ગુણીને આ ગુણહીન એવો ભેદ રાખવો ન ઘટે. એકનો આદર અને એકનો અનાદર કરવો એ પણ આપ જેવા વિરાગી માટે શોભાસ્પદ નથી. આપને મન તો ડાબા-જમણા નેત્રની જેમ કોઈ પણ ઓછું કે અધિક પ્રીતિપાત્ર ન હોવું જોઈએ. હે નાથ! માતાને પોતાના મૂર્ખ અને ડાહ્યા બંને પ્રકારના સંતાનો તરફ એકસરખું વાત્સલ્ય હોય છે તો વિશ્વ-માતારૂપ આપ, આ છોરૂ (બાળ)ને કાં તરછોડો? આમ ભક્તના જીવનમાં ભગવાન પ્રતિ શ્રદ્ધા વધુ ને વધુ સુદૃઢ બનતી જાય છે. આ શ્રદ્ધા અને ભક્તિ પરાકાષ્ઠા એ પહોંચે છે, ત્યારે ભક્ત સંસારમાં રહેવા છતાં તેની વૃત્તિ અને પ્રવૃત્તિ સંસારથી પર બનતી જાય છે.

જળ-કમળવત્ નિર્લેપ બનતી જાય છે, રાગાદિની વૃત્તિઓ નિષ્પ્રાણ બનતી જાય છે. લોક-કણની જેમ લોહચુંબક તરફ ખેંચાય છે તેમ તેની સમગ્રતા ભગવાન તરફ ખેંચાય છે. ભગવદ્ભાવ તરફ ખેંચાય છે. પછી તેવા ભક્તને મુક્તિની ઝંખના પણ રહેતી નથી. તેના દશ પ્રાણ, સાત ધાતુ અને સાડા ત્રણ કરોડ રૂવાડામાં પ્રભુ ભક્તિનુ અમૃત એવું પરિણત થઈ જાય છે તે નિરીચ્છ બની જાય છે. અર્થાત્ એની સર્વ પ્રકારની કામનાઓ સાહિસિક રીતે વિરામ પામે છે. સ્વપ્નમાંય તેને કોઈ ઈચ્છા આંશિક રીતયે પણ સ્પર્શી જાય છે તો તે સફાળો બેઠો થઈને પોસ-પોસ આંસુએ નિજ દુરિતને પખાળે છે. પખાળીને પવિત્ર બને છે.

સતીના મનના કોઈ પ્રદેશમાં ક્યારે ય પર પુરૂષનો વિચાર જાગતો નથી તેમ પરા ભક્તિવંત ભક્તના મનના કોઈ પ્રદેશમાં પરમાત્મા સિવાય અન્ય કોઈ પદાર્થ દાખલ થઈ શકતો નથી.

હિમાલયના ઊંચામાં ઊંચા શિખરે કાગડા પહોંચી શકતા નથી. તેમ આવા ભક્તના મનના ઉત્તુંગ શિખરે દુર્વિચારના વાયસ પહોંચી શકતા નથી. ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં, કંઈ કામ કરતાં તેમજ શ્વાસ લેતાં મૂકતા આવા ભક્તનો ઉપયોગ ભગવાનમાં જ હોય છે. આવી ભક્તિને 'પરા ભક્તિ' કહે છે. પરા ભક્તિ એટલે સો ટચની શુદ્ધ અને નક્કર ભક્તિ સઘન, સઘન ભક્તિ.

આ પરાભક્તિ દ્વારા આકર્ષયેલા પરમાત્મા ભક્તના મનમંદિરમાં વાસ કરે છે અને ભક્ત અલ્પકાળમાં જ ભવભમણનો અંત લાવી શાશ્વત સુખનો ભોક્તા બને છે. પરમાત્માતત્વમાં જ એ સ્વાભાવિક પરમ સામર્થ્ય છે, કે જે અનન્ય નિજ શરણાગતને સ્વતુલ્ય બનાવી દે છે. પરમાત્માનું પરમ પવિત્ર દર્શન પામવા ઝંખતા-ઝૂરતા સાધક માટે ભક્તિ એ બીજું પગથિયું છે. પ્રીતિયોગમાં પારંગત બની ભક્તિયોગમાં દાખલ થયા પછી જ આગળની ભૂમિકાએ પહોંચી શકાય છે.

## શ્રી પાર્શ્વ પ્રભુનો... સ્તવન....



તાર મુજ તાર મુજ,..... તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી....
પ્રાણ તું પ્રાણ તું શપરણ આધાર તું.....
આતમરામ મુજ તુંહિ સ્વામી.... તાર.....૧

તુહિ ચિંતામણી તુહિં મુજ સુરતરૂ,.... કામઘટ કામ ધનુ વિધાતા,
સફલ સંપત્તિ કરૂ વિકટ હરૂ.... પાસ ઉવસગ્ગહરં મુક્તિદાતા..તાર....૨

પુણ્ય ભરપૂર અંકુર મુજ જાગી ઓ,... ભાગ્ય સૌભાગ્ય મુખ નૂર વાધ્યો,
સકલ વંછિત ફળ્યો, માહરો દિન વળ્યો.. પાસ ઉવસગ્ગહરં દેવ લોધ્યોં. તાર.. ૩

ધન્ય પુણ્ય દેશ નગપુરા નરવરી,... ધન્ય શિવનાથ નયરી નૌકા.
ધન્ય તો ધન્ય તે કૃતપુણ્ય તે,... પાસ પૂજે સદા દેવલોકા.... તાર...૪

પાસ મુજ તું ધણી, પ્રીતિ મુજ બની ઘણી, વિબધખ કહાનજી ગુરૂ વખાણી,
મુક્તિ પદ આપજજો, આપ પદ થાપ જો,.. કનક વિજય આપણો ભક્ત જાણી,

તાર તુજ તાર મુજ.... તાર ત્રિભુવન ધણી,... પાર ઉતાર સંસાર સ્વામી...૫

## પ્રગટ પ્રભાવી પારસનાથ

(રાગ : જગમાં શાંતિના કરનાર શાંતિનાથને નમનઃ
અથવાં : ભવિજીવને પોષાય.... એવી મોજ દીક્ષાની)

પ્રગટ પ્રભાવી પારસનાથ.... પારસનાથને નમન.....૧
સહુના સંકટને હરનાર.... પારસનાથને નમન....૧

જબ જન્મ જ તારે થાયે..... ચોસઠ ઈન્દ્રો તિંહા આવે,
સુરગિરિ જન્મોત્સવ તુજ થાય. પારસ.....૨

# મંગલ કલ્લાણ આવાસં

- પૂ. આચાર્ય શ્રી રાજયશ સૂરીશ્વરજી તીર્થોદ્ધાર પ્રતિષ્ઠાચાર્ય

ધર્મલાભ !

મહાપ્રભાવક ઉવસગ્ગહરં પાર્શ્વનાથ (નગપુરા)માં પ્રવેશ કર્યો. અનહદ આનંદે શ્રાવક વર્ગે વધામણાં કર્યા. ચિરઃકાળની દર્શન મહેચ્છા ભાવથી તૃપ્ત થઈ. અનેક ભાવો, ભાવનાઓ, સંકલ્પો, વિકલ્પોથી મન સભર હતું. ભવ્ય જિનબિંબને નિહાળતાં મન મયુર મસ્ત બની ગયો. ભક્તિનો ટહુકારવ શરૂ થયો. તંબુડીબોડ ગામને ધન્ય હો. આ ગામનાં શિયાળાની અડધી રાતે મારે મકાનમાંથી બહાર આવવું પડ્યું હતું. મગજ પર પ્રભુ પાર્શ્વનો અધિકાર થવાઈ ગયો હતો. સ્તવન બનાવવાની ઈચ્છા ન હોય તોય ચાલે તેવું. માગસર વદ-૮ ના દિવસે સ્વતન ગવાયું. હૈયું જાગી ગયું.



ઉવસગ્ગહરં સ્તોત્ર બોલવાનો પ્રારંભ કર્યો અને ''મંગલ કલ્લાણ આવાસં'' પંક્તિઓ પર મન ચોટી ગયું. અંતરમાં શબ્દોના અર્થનો સ્ફોટ થયો. જિંદગીમાં ન સમજાયેલા ''મંગલ કલ્લાણ'' ના અર્થો સમજાવા માંડ્યા અને પ્રવેશના દિવસથી પ્રતિષ્ઠા દિવસ સુધી ''મંગલ કલ્લાણ આવાસં''નો ૧૦૮ વાર સામુહિક જાપ રોજ થતો રહ્યો.

આજે પ્રતિષ્ઠાના લગભગ દોઢ મહિના બાદ પણ ''પાસં વંદામિ... મંગલ કલ્લાણ આવાસં'' નો લય હૃદયમાં એક દિવ્ય ઝંકાર પેદા કરે છે. નાગપુરના અતિ વ્યસ્ત શાસન પ્રભાવનાના ચાતુર્માસમાં અને તેના પછીના પ્રતિષ્ઠા કાર્યોમાં મારાથી ''ધર્મલાભ'' લખી ન શકાયો અને ''લબ્ધિ વિક્રમ'' અમીવર્ષાત્તમને ન મળી શક્યું. પણ એ દરમ્યાન પ્રાયઃ આ માસિક વાચનારાઓમાંનો મોટો ભાગ દર્શનાર્થે આવી ગયો. તમે પણ આવી જ ગયા હશો અને મંગલ કલ્લાણ આવાસંના નાદ તમારા કાનમાં ગુંજતા હશે. કદાચિત્ કોઈ સંજોગોથી નહીં આવી શકાયું હોય તો પણ મારા લખેલા માસિક આરાધનાના વદ દસમના પત્રો તમને મળી જ ગયા હશે અને આ બધા દ્વારા કે અત્રે જેઓ પ્રતિષ્ઠા મહોત્સવ જોઈને આવ્યા છે તે દ્વારા તમને અત્રેના પ્રતિષ્ઠા મંગલ કલ્યાણકારી અનુમોદનીય સમાચારો મળી જ ગયા હશે.

નીલ કાંતિ દેહની સોહે..... ત્રિભુવન જનના મન મોહે,

શત વર્ષનું આયુ ધરનાર.... પારસ....૩

નવ હાથની ઊંચી કાયા.... વામાદેવીના જાયા....

અશ્વસેન કુળના શણગાર.... પારસ....૪

લંછન અહિં નું ચરણે.... આવ્યો છું તારે શરણે,

જગત જીવને ઉદ્ધારનાર.... પારસ....૫

તુજ નામેં સંકટ નાસે.... વળી દુગર્તિ નાવે પાસે....

કરૂણા રસ દયા ભંડાર.... પારસ....૬

કમઠ ધરણપતિ ઉપરે.... સમભાવ વર્તે છે તાહરે....

પાવક ને પાણી કરનાર.... પારસ....૭

ઉપસર્ગના વર્ગને સહેતો.... સમતા ભાવે તું રહેતો....

અષ્ટ કર્મનો છેદન હાર.... પારસ....૮

ઉવસગ્ગહરંવાસી પારસ....દિલ કરતો સહુના આરસ

મને કરજે તારો વારસદાર.... પારસ....૯

જગમગ ઝળહળતો તુજ દરબાર.... દોડી દર્શને આવે નરનાર,

જોવા તારો દિવ્ય દીદાર....પારસ....૧૦

કેવી અંગે સોહે આંગી.... તારી પૂજા કરે નવાંગી,

તેને કરતો ભવથી પાર.... પારસ....૧૧

છપ્પન દિક કુમારી હુલરાવે.... વળી લળી લળી તુજ ગુણ ગાવે,

તું છે સદ્ગતિનો દાતાર....પારસ....૧૨

પ્રભુ તું થયો મોક્ષનો સ્વામી.... હું પણ તુજ પદનો કામી,

આત્મ સિદ્ધિનો દાતાર....પારસ....૧૩

જે કાષ્ટમાં સર્પ બળતો.... તેને પણ તું બુઝવતો,

એ સર્પને સ્વર્ગે મોકલનાર.... પારસ....૧૪

કનક આવે તુજ ચરણે.... જાયે ના બીજાને શરણે....

તું રાખશે થઈને રાખણહાર....પારસ....૧૫

૦ પૂ. સાધ્વી શ્રી દમયંતિશ્રીજી મ.સા.

શિષ્યા પૂ. સાધ્વી શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.



પૂ. પ્રતિષ્ઠાચાર્ય રાજયશસૂરીશ્વરજી અને તીર્થશિલ્પી મણિજી

આ તીર્થમાં આવ્યા બાદ મારા હૃદયમાં તો પૂ. આ. ભદ્રબાહુસ્વામીના સ્ત્રોતે અનેરૂં મંથન જગાવ્યું છે. મંગલ કલ્લાણ આવાસં અને ભવે ભવે પાસ જિણાનંદ જાણે હૃદયની ધડકનોનો નાદ બની ગયું છે અને અકલ્પ્ય મંગલ અને કલ્યાણને હું મારી બાજુમાં છવાયેલું જોઈ રહ્યો છું. હૃદય કહે છે

જિનભક્તિ મંગલ છે તો જિનશાસનને કરેલું સમર્પણ કલ્યાણ છે. સંયમ મંગલ છે તો અપ્રમત્ત ચારિત્ર કલ્યાણ છે....

વૈરાગ્ય મંગલ છે તે વીતરાગિતાનો આનંદ કલ્યાણ છે... જૈન ધર્મ એ મંગલ છે તો આત્મ સ્વભાવ એ કલ્યાણ છે... ધ્યાન એ મંગલ છે તો ધ્યાતા ધ્યાન અને ધ્યેયની એકતા સમાપત્તિ એ કલ્યાણ છે.

આવા અનેક મંગલ અને કલ્યાણના પાર્શ્વપ્રભુ આવાસ છે.... વિશ્રામ છે, આધાર છે. આવા પાર્શ્વપ્રભુને સંબોધતા હૃદયના તાર ઝણઝણી ઊઠે છે. બસ એક જ થાય છે કે જીવનની પ્રત્યેક પળ હવે મંગલ કલ્યાણના આધાર બની રહેશે. પ્રભુ પાર્શ્વનાથ ભગવાનના આ સ્ત્રોતના અર્થો પ્રભુ પાર્શ્વનાથમાં પણ ઘટાવવામાં આવ્યા છે અને ભગવતી પદ્માવતી માતાને પણ મંગલ અને કલ્યાણનાં ઘર કહેવામાં આવ્યાં છે.

પુરૂષદાનીય પ્રભુપાર્શ્વની સેવામાં રહેલ પાર્શ્વયક્ષ અને પદ્માવતી માતાએ ઉવસગ્ગહરં તીર્થનો મંગલ કલ્યાણ પ્રભાવ અચિંત્ય રીતે વધાર્યો છે.

મારા આ તીર્થના પોષ દસમીથી માંડીને (મા. વ. ૮) દ્વારોદ્દ્ઘાટન (મહાસુદ ૬) સુધીના સહુના સહુથી પ્રથમ વખતના જ રોકાણ દરમ્યાન મેં જે કંઈ જોયું છે... અનુભવ્યું છે તે અવર્ણનીય છે... આ તીર્થનો મહિમા અચિંત્ય મંગલ-કલ્યાણકારી છે. આ તીર્થના મંગલ કલ્યાણ પ્રભાવે મેં અસાધ્ય રોગીના રોગોની નાબૂદી, ગૃહકલેશના નિવારણો અને અનેકોની અનેક મનોધારણાઓ અનેક આશ્ચર્યકારક રીતે પૂર્ણ થયેલી જોઈ છે. આ તીર્થમાં કોઈ એવો સુભગ મેળો જામ્યો છે કે વૈરાગ્યની મંગલમયતા અને વીતરાગિતાની કલ્યાણમયતાને પ્રભુપાર્શ્વથી પ્રાર્થો અને ભગવતી પદ્મા તથા પાર્શ્વયક્ષ તમારાં તન-મન-ધનનાં દુઃખો દૂર કરી તમારું મંગલ કરે અને સંપત્તિ, આબાદી, નિર્મળ યશ અને કીર્તિઓથી તમારું કલ્યાણ કરે.

# ભક્તિ ગીત



ઉપસર્ગ હરો વ્હાલા પ્રભુ પાર્શ્વ અમારા,
ગુણ ગાઈ રહ્યા પ્રેમે મળી ભક્તો તમારા,

ના ચૈત્યવંદનો કર્યા, કીધા સ્તવન ના કદી,
ના મંત્ર-તંત્ર જાપની, વિદ્યા લીધી અહીં,
ઉવસગ્ગહરં રટ્યા કરૂં દિવસ ને રાત્રી,
બસ કાંઈ બીજુ, જાણુ નહીં હું.... બાબરી

દુઃખ દર્દ અને પીડા ભરી દુનિયા અમારી
રોગો અને દોષો ભરી આ જીંદગાની,
કોને કહુ વિટંબણાઓ, પાર્શ્વ પ્રભુજી,
છાયા તમારી વ્હારે, પ્રભુ આસ લઈ ઘણી.

જોજો પ્રભુજી આસ, ના તૂટે હવે મારી,
ચાતક નજરે જોઈ રહી, રાહ તમારી,
આવો હવે તો આવો, પ્રભુ વાર થઈ ઘણી,
આંસુ બનીને અશ્રુ, હવે જાય છે વહી.

જે કોઈ રહે હવે ઉવસગ્ગહરં ભાવથી
પલમાં ટળે છે વિઘ્નો એના તે જ ઘડી,
શંકા ન કરો પ્રભુને, પ્રભુ હાજરા હજુર છે.

૦ રક્ષા શાહ

આ તીર્થનો.... ઉવસગ્ગહરં તીર્થનો, ઉવસગ્ગહરં સ્તોત્રનો મંગલ મહિમા અનુભવાય છે, તો મૂળનાયક જિનબિંબના અધિષ્ઠાયકનો કલ્યાણમય પ્રભાવ અનુભવાય છે. આ તીર્થોની મંગલ કલ્યાણતાની સાથે આપણે સહુએ પણ જીવનને મંગલ કલ્યાણમય બનાવવું જરૂરી છે.



*પ. પૂ. પ્રતિષ્ઠાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી*

જીવન ક્ષણિક છે. પ્રભુ વીરે કહ્યું છે આ જીવન ઝાકળના બિંદુ જેવું છે. કવિઓએ ગાયું છે જીવન વીજળીના ચમકારા જેવું છે. મહા ભૌતિકવાદીઓએ પણ આ માનવ જીવનને મહામૂલો અવસર માન્યો છે. વૈજ્ઞાનિકોએ માનવ શરીરનાં પડળો દૂર કરવા પ્રયત્નો કર્યા છે. એમણે પણ કહ્યું છે વિશ્વની મોટામાં મોટી અજાયબીઓનો માનવ શરીર ખજાનો છે. આવા માનવ જીવનને મંગલ-કલ્યાણ બનાવવા હવે મંડી પડવા જેવું છે.

*નિર્વ્યસની જીવન મંગલ જીવન છે...*
*નિર્વિકારી જીવ કલ્યાણ જીવન છે...*
*નીતિમય જીવન મંગલ જીવન છે...*
*નિઃસ્વાર્થ સ્નેહ સભર જીવન મંગલ જીવન છે...*
*તો પરોપકાર પરાયણ જીવન કલ્યાણ જીવન છે...*
*સંસ્કારી જીવન મંગલ જીવન છે...*
*તો સદાચારી જીવન કલ્યાણ જીવન છે....*
*સ્વાર્થની ગૌણતા મંગલમય જીવન છે...*
*તો પરમાર્થની પ્રમુખતા કલ્યાણમય જીવન છે...*

બસ, આજથી જીવનને મંગલમય, કલ્યાણમય બનાવવાનો સંકલ્પ કરજો. તમારો સંકલ્પ પૂરા પરિવારને મંગલ કલ્યાણમય બનાવશે. તમારો પરિવાર ગામને, તમારા અનેક ગામો દેશને, આવા અનેક દેશો દુનિયાને મંગલ અને કલ્યાણમય બનાવશે અને એ માટેના તાળાની એક જ ચાવી છે, શુભનો સંકલ્પ મંગલ છે અને શુભનું નિર્ભીક સુષ્માપૂર્વકનું પાલન કલ્યાણ છે.

બસ, પ્રભુ પાર્શ્વભક્તિ નાદ તમને પોકારી રહ્યો છે, લલકારી રહ્યો છે, જગાડી રહ્યો છે, તૈયાર કરી રહ્યો છે, સજ્જતા બક્ષી રહ્યો છે ! તમે તૈયાર થઈ જાવ, જીવનના મંગલ અને કલ્યાણથી વિશ્વના મંગલ અને કલ્યાણ કાજે... !!

# ઉવસગ્ગહરં તૂને પ્રણામ



અમે દેવ ઘણા દીઠા, વળી દીઠા તીરથ ધામ...
ગામ ગામ ને ગલી ગલી, બસ એક જ પારસ નામ....
ઉવસગ્ગહરં તૂને પ્રણામ....

ગામ ગામ ને ગલી ગલી, બસ એક જ પારસ નામ... ઉવસ....
ઘટમાં શિવ, નજરમાં સુંદર, ભાગ્યમાં સત્યનું અક્ષય ધામ....
આ જ દુર્ગના પુણ્યે પ્રતાપે, નગપુરા છે તિરથ ઠામ....
રોમ રોમ ને વાણી-વાણી, બસ એક જ પારસ નામ,.....
ઉવસગ્ગહરં તૂને પ્રણામ....

ગામ ગામ ને ગલી ગલી, બસ એક જ પારસ નામ... ઉવસ....
જીવન છે ધગધગતી જ્વાલા, ક્યાંય નથી શીતલનાં સ્નાન,....
અહિં તો ખુદનો પડછાયો પણ, વેરી બની કરે છે કામ....
ધૂપ દીપ ને જ્યોતિ-જ્યોતિ, બસ એક જ પારસ નામ....
ઉવસગ્ગહરં તૂને પ્રણામ....

ગામ ગામ ને ગલી ગલી, બસ એક જ પારસ નામ... ઉવસ....
ત્રિભુવન તિલક ઓ તિર્થંકર, હો પારસ કે મહાવીર સ્વામી....
પાપ-તાપ થી દાઝેલા અમ, આત્મના સંતાપ હરો...
ફૂલ ફૂલ ને કલી કલી, બસ એક જ પાસર નામ...
ઉવસગ્ગહરં તૂને પ્રણામ....


અમે દેવ ઘણા દીઠા, વળી દીઠા તિરથ ધામ....
ગામ ગામ ને ગલી ગલી, બસ એક જ પારસ નામ....
ઉવસગ્ગહરં તૂને પ્રણામ....
બસ એક જ પારસ નામ.....

O મહેન્દ્ર શાહ, મુંબઈ

શ્રદ્ધાળુઓની દૃષ્ટિમાં ઉવસગ્ગહરં તીર્થ

# મેરો પ્રભો પારસનાથ આધાર.... !

ઉવસગ્ગહરં તીર્થમાં આવતા અસાધારણ આનંદ થાય છે, કેવી મજા આવે છે, એને વર્ણવી શકુ આ સામર્થ્ય નથી. ખરેખર ભક્તોની દુનિયામાં છવાઈ ગયેલા ભગવાન એટલે પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન ! ચોવીસીના ચોવસી ભગવાનમાં જેમનો ત્રેવીસમો નંબર હોવા છતાં કોઈ પણ જગ્યાએ પ્રતિષ્ઠાનો પ્રસંગ હોય ત્યારે ચઢાવામાં મૂળનાયકને બાદ કરતાં લગભગ બીજો નંબર કોઈ ભગવાનનો આવતો હોય તો તે પ્રાયઃ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જ આવતો હશે.



પાર્શ્વનાથ પરમાત્માના નામમાં ય કોઈ એવો ચમત્કાર છે કે જેમનું નામ લેતાં ભયંકરમાં ભયંકર સંકટો અને વિકટો વચ્ચેય માર્ગ મળી રહેતો હોય છે. શ્રી કલ્પસૂત્ર જેવા મહાન આગમ ગ્રંથમાં ચોવીસે પરમાત્માઓનું જીવન લખતાં બીજા બધા તીર્થંકરોને એકમાત્ર ''અર્હમ્'' અરિહંત એ જ વિશેષણ આપ્યું છે, ત્યારે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જીવનચરિત્ર લખતાં એક ખાસ મહત્ત્વનું વિશેષણ ''પુરૂષાદાનીય'' ઉમેર્યું છે. પુરૂષાદાનીયનો અર્થ થાય છે પુરૂષોમાં જેઓનું ખૂબ જ આદેય નામ કર્મ છે. અર્થાત ચારે બાજુ જેઓનું ખૂબ નામ લેવાય છે તેવા પાર્શ્વનાથ ભગવાન ! ચોવીસ તીર્થંકરોમાં બીજા કોઈ પણ તીર્થંકરોમાં મા વિશેષણ ન મૂકતાં પાર્શ્વનાથ પરમાત્મામાં જ આ વિશેષણ મૂકવાની પાછળ જરૂર કંઈક રહસ્ય તો હોવું જ જોઈએ. કહેવાય છે કે - પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાને તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યા પછી પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના નવમા ભવે ૧૦મા પ્રાણત દેવલોકમાં ૨૦ સાગરોપમના પોતાના આયુષ્ય



## ઉવસગ્ગહરં પાર્શ્વનાથ

(રાગ : 'રઘુપતિ રાઘવ રાજા રામ')

ઉવસગ્ગહરં પાર્શ્વનાથ, આવી પકડજો મારો હાથ,
સાંભળો પ્રભુ હવે મારી વાત.... આવી,

કરજો નહિ પ્રભુ મને નિરાશ, આવ્યો દ્વારે લઈને આશ,
દીન દયાળુ દીનાનાથ.... આવી... ઉવસગ્ગહરં......૧

બની ગયો છું હું અનાથ, કાયમ માંગુ આપનો સાથ,
પ્રાર્થના કરૂં પ્રભુ હું દિન રાત.... આવી... ઉવસગ્ગહરં......૨

અનંતા ભવોથી રખડયો નાથ, જાણતા અજાણતાં ઘણા કીધા પાપ,
હવે જપુ છું મુક્તિનો જાપ.... આવી... ઉવસગ્ગહરં......૩

કેડે પડયા છે કર્મો આઠ, ક્યારે ના છોડતા મારો સાથ,
હવે બતાવો શું કરૂં નાથ.... આવી... ઉવસગ્ગહરં......૪

આપની કૃપા જો મળશે નાથ, ભવ ફેરાનો ટળશે સંતાપ,
સતરાને પહોંચાડો મોક્ષે નાથ.... આવી... ઉવસગ્ગહરં......૫

○ ઉમરશી શીવજી 'સતરા' ભાંડુપ-મુંબઈ



દરમ્યાન ૫૦૦ જિન કલ્યાણકોની પોતે અગ્રેસર થઈ ઉજવણી કરી હતી તેમજ શાશ્વતા જિનબિંબોની સ્વહસ્તે પૂજા-સ્તવના આદિ કરવા દ્વારા અદ્વિતીય પુણ્ય સંચય એકઠો કર્યો હતો, જેના કારણે ચારે બાજુ તેઓ પૂજાય છે, ગવાય છે અને સ્તવાય છે અને એથી જ તેઓ 'પુરૂષાદાનીય' કહેવાય છે.

શ્રી પાર્શ્વનાથ પરમાત્માના જેટલા નામ છે બીજા કોઈ પરમાત્માના એટલાં નામ નથી. પાર્શ્વનાથ ભગવાનના ૧૦૦૮ નામો હોવાનું પણ સાંભળ્યું છે.પરંતુ ૧૦૮ નામ તો અત્યારે પણ પ્રચલિત છે અને ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજનમાં એ બધાં નામો યાદ કરી કરીને તે તે પરમાત્માનો અભિષેક કરાય છે.

એમાંનાં કેટલાક નામો તો ખૂબ જ પ્રચલિત છે. જે યાદ કરતાં હૃદયમાં ભકિતભાવનો સ્રોત વહેવા માંડે છે. જેમકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ, શ્રી અમીઝરા પાર્શ્વનાથ, શ્રી અજારા પાર્શ્વનાથ, શ્રી ભીલડિયા પાર્શ્વનાથ, શ્રી પંચાસરા પાર્શ્વનાથ, શ્રી મનમોહન પાર્શ્વનાથ, શ્રી સ્થંભણ પાર્શ્વનાથ, શ્રી ગોડી પાર્શ્વનાથ, શ્રી સૂરજમંડણ પાર્શ્વનાથ, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, શ્રી કલિકુંડ પાર્શ્વનાથ, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી શેરીસા પાર્શ્વનાથ, શ્રી નાકોડા પાર્શ્વનાથ, શ્રી પોસીના પાર્શ્વનાથ, શ્રી નવલખા પાર્શ્વનાથ, શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથ, શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ, શ્રી ફલોધી પાર્શ્વનાથ, શ્રી નવખંડા પાર્શ્વનાથ, શ્રી વરકાણા પાર્શ્વનાથ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ, શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ આવાં તો અનેક નામો શ્રી પાર્શ્વનાથ પરમાત્માનાં છે. જેટલા પાર્શ્વનાથ પરમાત્માનાં નામો છે એના કરતાં ય વધારે પાર્શ્વનાથ પરમાત્માનાં તીર્થધામો છે.

માટે જ કોક કવિએ પાર્શ્વનાથ પરમાત્માની સ્તવના કરતાં ગાયું છે -



# સમરો પાર્શ્વનાથ ભગવાન

(રાગ : 'સમરો મંત્ર ભલો નવકાર...')

સમરો પાર્શ્વનાથ ભગવાન, શંખેશ્વર વાસી છો પ્રધાન,
દર્શન કરતા થાયે કલ્યાણ, તું છે સહુ જીવોનો પ્રાણ....
સમરો પાર્શ્વનાથ....૧

શાશ્વત સુખ મળે તુજ દર્શનથી, તોડે કર્મની જાળ....
ભવ દુઃખ વારણ... ભવોદધિ તારણ, મુજને તું સંભાળ...
સમરો પાર્શ્વનાથ....૨

સદા રહુ હું તારી ગોદમાં.... શરણં ન બીજું કોય.....
નહીં જાઉં હવે નિગોદમાં.... મહેર જો તારી હોય....
સમરો પાર્શ્વનાથ....૩

હાથ મેં પકડચો તારો પ્રભુજી.... નહીં પકડું બીજો હાથ...
ભવોભવ તારો મળી ગયો..... છોડચો સહુ સંગાથ....
સમરો પાર્શ્વનાથ....૪

ઉવસગ્ગહરં તીર્થના પ્યારા.... ઉવસગ્ગહરં પાર્શ્વ....
નાટક કરતા પ્રભુ તુજ આગે.... દેવ દેવી મળી સર્વ
સમરો પાર્શ્વનાથ....૫

કનક સમ તુજ મુખની કાંતિ.... ગુણો છે અનંતાનંત....
તારા ગુણનો અંશ જ પામું.... તો થાયે ભવનો અંત....
સમરો પાર્શ્વનાથ....૬


સમરો પાર્શ્વનાથ ભગવાન.... ઉવસગ્ગહરં વાસી છો પ્રધાન

પ.પૂ. સાધ્વી શ્રી દમયંતીશ્રીજી કી શિષ્યા,
○ પૂ. સા. શ્રી પ્રભાશ્રીજી. મ.સા.

*પ્રભુ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી ?*
*પ્રભુ તારાં ધામ છે હજાર, કયા ગામે લખવી કંકોતરી ?*

પાર્શ્વનાથ ભગવાનનો આટલો બધો પ્રભાવ અને એમની ભક્તિથી સર્જાતા પ્રગટ ચમત્કારોએ એમની પુરૂષાદાનીયતામાં પૂરક તત્ત્વ પૂરૂં પાડનારાં મહત્ત્વનાં અંગો છે.

ચોવીસે તીર્થંકર પરમાત્મા રાગ-દ્વેષથી રહિત હોવાથી નિરંજન અને નિરાકાર છે. તો પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ રાગ-દ્વેષથી રહિત નિરંજન નિરાકાર પરમાત્મા જ છે. આમ છતાં અન્ય તીર્થંકરોની ભક્તિ કરતાં કાર્યસિદ્ધિ અને ચમત્કારોનો જે અનુભવ નથી થતો એ અનુભવ શ્રી પાર્શ્વનાથ પરમાત્માની ભક્તિ કરતાં થાય છે. એનું કારણ પણ કંઈક હોવું તો જોઈએ જ !



દૂર બેઠાં બેઠાં ય ભગવાનનાં દર્શનનો સંકલ્પ કરે, ભગવાનની ભક્તિ કે યાત્રાની ભાવના રાખે તો તત્કાળ તેનો પરચો, ભાવના પરિપૂર્ણ આ બધું કરે છે કોણ.....? શું આ બધું મોક્ષમાં પહોંચી ગયેલા ભગવાન કરે છે?

ના, એક તો ભક્તિ પોતાનો સ્વભાવ છે કે નિષ્કામ ભાવે ભેળસેળ વિનાની ભક્તિ જો થઈ જાય તો તે ભક્તિ ભક્તનાં પાપોને, અંતરાયોને, અવરોધોને અને વિઘ્નોને ઓગાળી નાખે છે. કોઈપણ પરમાત્માની ભક્તિ કરો, ભક્તિ પોતાનો આ સ્વભાવ છોડતી નથી.

આમ છતાં પાર્શ્વનાથ પરમાત્માની ભક્તિ સવિશેષ શીઘ્ર ફળ આપે છે, એનું કારણ કંઈક તો હોવું જ જોઈએ.

એનું એક કારણ એ પણ છે કે પાર્શ્વનાથ ભગવાનના પરિવારમાં ગણાતા કેટલાક સાધુ-સાધ્વીજીઓ પાર્શ્વનાથ ભગવાનના નિર્વાણ પછી સંયમમાં શિથિલ બની જવાના



# ચાલો ચાલો રે ચાલો.... ઉવસગ્ગહરં જઈયે

(રાગ : 'પ્યારો પ્યારો રે પ્યારો વ્હાલા પાર્શ્વ જીણંદા મુને પ્યારો')

ચાલો ચાલો રે ચાલો... પ્રભુ પાર્શ્વ દર્શન કરવા ચાલો,
વહાલો વહાલો રે વહાલો.... ઉવસગ્ગહરં પાર્શ્વ મને વહાલો....
જ્યાં છે પાર્શ્વ પ્રભુજીનું ધામ.... કાશી નગરી છે જેનું નામ....
અશ્વસેન પિતાના લાડલા.... વામા માતાના લાલ રે....
ચાલો ચાલો રે ચાલો.....૧

તું છે અનંત દયાનો સાગર,.... તું આતમનો રે આધાર....
ભુજ સરિખા આ ચરમ કિંકરને,.... ભવોદધિથી પાર ઉતાર...રે...
ચાલો ચાલો રે ચાલો....૨


જો થાયે તારી મહેર,....ભુજ જીવનમાં થાયે લહેર,....
મળે સેવા જો તારા ચરણની, તો મળે શિવપુર શહેર.... રે....
ચાલો ચાલો રે ચાલો....૩

તે જલતો ઉગાર્યો નાગ.... તેને દીધા મંત્ર નવકાર....
નાગ મટીને થયો ધરણેન્દ્ર.... પેલા કમઠનો પણ કર્યો ઉદ્ધાર....રે....
ચાલો ચાલો રે ચાલો....૪

તારી મૂર્તિ છે ચમત્કારી.... તારી સૂરત છે મનોહારી.....
ભુજ ઘટ આવ જો બારંબાર,.... 'કનક' દર્શન કરી કહે જાઉં વારિ રે...
ચાલો ચાલો રે ચાલો.....૫

**પૂ. શ્રી દમયંતિશ્રીજી મ. સા. કી શિષ્યા**
**૦ પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.**

કારણે કાળધર્મ પામીને ભવનપતિ વ્યંતર આદિ જાતિમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે અને એ દેવોને પોતે પૂર્વ ભવમાં પાર્શ્વનાથ ભગવાનના સાધુ હોવાથી પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે હૃદયમાં અનહદ લાગણી અને અતિશય ભક્તિ છે અને એથી જ પાર્શ્વનાથ ભગવાનનું કોઈ નામ લઈ કોઈ જાપ કરે, કે કોઈ ભક્તિ, પૂજા અથવા ધ્યાન કરે તો તરત જ તેનું ઈષ્ટ તે દેવો ભક્તિથી પૂર્ણ કરે છે ને પાર્શ્વનાથ ભગવાનના ભક્તો ગમે ત્યાં હોય એને સંકટમાંથી ઉગારી લે છે. લોકો પાર્શ્વનાથ ભગવાનના ચમત્કાર તરીકે કે પરચા તરીકે ઓળખે છે. પાર્શ્વનાથ ભગવાનના જુદા જુદા ચમત્કારો, પ્રભાવો અને પરચાઓને કારણે તેઓ ભક્તોના હૃદયમાં વસી ગયા છે ને જનમાનસમાં ચારે બાજુ છવાઈ ગયા છે.



પાર્શ્વનાથ ભગવાનનો પ્રભાવ ભક્ત આત્મા જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી એના સંસારમાં આવતા દુઃખોનો નાશ કરવાનો છે અને પાર્શ્વનાથ ભગવાનનો સ્વભાવ ભક્ત આત્માના સંસારનો જ નાશ કરવાનો છે જે સર્વ દુઃખોનું મૂળ છે.

આપણે પાર્શ્વનાથ ભગવાનના પ્રભાવની પાછળ દોટ ન મૂકતા પાર્શ્વનાથ ભગવાનના સ્વભાવની અસર નીચે આવવા પ્રયત્ન કરવાનો છે.

પ્રભાવ ચિરઃસ્થાયી નથી, સ્વભાવ ચિરઃસ્થાયી છે.

નિઃસ્વાર્થ અને નિરપેક્ષભાવે ભગવાનની જે ભક્તિ કરે એને ભગવાન સંસારથી તો મુક્ત બનાવે જ છે પણ સંસારથી મુક્ત ન બને ત્યાં સુધી સંસારના દુઃખોથી ય મુક્ત બનાવે છે.

કોણ ન ભજે આવા ભગવાનને....? આવા ભગવાન સહુને માટે આધારભૂત બન્યા વિના ન જ રહે... માટે તો કોક કવિએ કવિતાની કડીમાં આ ધ્રુવપંક્તિ ગોઠવી દીધી છે.... 'મેરો પ્રભુ પારસનાથ આધાર'....

**– અશ્વિન શાહ, અમદાવાદ**

# પાર્શ્વ જિનેશ્વર નાથ નિરંજન



(રાગ : 'માલકોષ')

પાર્શ્વ જિનેશ્વર નાથ નિરંજન,
ભાવ ધરીને કરીયે વંદન....
અશ્વસેન-વામાના નંદન પરમ કૃપાળુ પરદુઃખ ભંજન.
પુરણ પ્રતાપી પાય નિકંદન, વંદન કરીયે વિશ્વાનંદન.
પાર્શ્વ જિનેશ્વર નાથ નિરંજન... ભાવ ધરીને....૧

કાશી નગરમાં જન્મ લીધો ને,.... જગને દીધુ ઉજાળી,
રાજ-પાટ ને માયા મૂકી,.... થયા અનંત ઉપકારી,
ત્રિલોકના હે નાથ નિરંજન.... ભાવ ધરીને....૨

સત્ય - અહિંસા - પ્રેમ ધર્મની,.... ઝગમગ જ્યોત જગાવી,
મહિમા તારો જગમાં ન્યારો,..... મંગલ કારી વાણી,
જ્યોર્તિધર હે નાથ નિરંજન.... ભાવ ધરીને.....૩

ત્રેવીસમાં તીર્થંકર પ્રભુજી.... નામ જગતમાં જયવંતુ,
સૌને લાગે પ્યારુ એ તો, મન વાંછિત ફલવંતું,
શાંતિ પ્રદાયક નાથ નિરંજન,... ભાવ ધરીને....૪

નગપુરા-ઉવસગ્ગહરં તીર્થે,..... કીધિ પ્રતિષ્ઠા સૂરી રાજયશજીએ,
મંગલકારી શુભ ઘડીએ,.... ભવ્ય પ્રસાદે નાથ બિરાજે,
કરૂણા સિંધુ નાથ નિરંજન.... ભાવ ધરીને....૫

પુરિસાદાણી પાર્શ્વ પ્રભુજી.... ધર્મની જ્યોત રહે ઝળહળતી,
ભક્તિ ગાન-નૈવેદ્ય-સુમન ધરે... પાર્શ્વ પ્રભુના શ્રી ચરણે,
સુમંગલ પ્રભુ નાથ નિરંજન.... ભાવ ધરીને...૬

○ સુમનભાઈ એમ. શાહ - સિંકદરાબાદ



# ઉવસગ્ગહરં તીર્થ ભારતનું અનન્ય તીર્થ

સાધ્વી શ્રી પરમપદ્માશ્રીજી

પૂર્વકાલમાં મહામુનિઓએ, ઋષિઓએ પોતાના જીવનની દિનચર્યા દ્વારા ભારતની ધરાને પવિત્ર બનાવી છે. આજ ભારતમાં જૈન, જૈનેતરો, ઋષિમુનિઓએ ઉત્કટ આરાધના-સાધના-તપ-ત્યાગ દ્વારા પાવન બની અનેક આત્માઓને પાવન બનાવ્યા છે.

એક દીપક જેમ બીજા દીકનું પ્રગટીકરણ કરે છે... પ્રકાશિત કરે છે, હંમેશાં ગુણીઓનું કીર્તન-મનન-ચિંતન-બહુમાન અનુમોદના દ્વારા આત્માનાં ગુણોનું પ્રગટીકરણ થાય છે જેમાં જૈન ધર્મ બહુ જ પ્રાચીન સાત્ત્વિક ધર્મ છે, જેમાં માનવ કષ્ટ સહન કરી આત્મ તત્ત્વનું પ્રકાશન કરે છે. પ્રભુ આદીશ્વર ભગવાનથી ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામી ભગવાન સુધીના ૨૪ તીર્થંકરો છે જેઓએ આ ભારતભુમિ ઉપર વિચરણ કરી જન સમાજને અદ્‌ભુત અપૂર્વ જીવન કઈ રીતે વ્યતીત કરવું ! તે આચરણ દ્વારા ઉપદેશ આપેલ છે. જૈનોનાં ઘણાં જ તીર્થો છે, જેમાં શ્રી શત્રુંજય તીર્થ શાશ્વત છે જે તીર્થના કાંકરે કાંકરે અનંત આત્મા સિદ્ધ થયેલ છે. સંમેત શિખર, ગિરનાર, આબુ, પાવાપુરી, ચંપાપુરી, શંખેશ્વર વ. અનેક તીર્થો છે.

તીર્થ એટલે શું? તારે તે તીર્થ. જેના આલંબનથી તરાય તે તીર્થ કહેવાય. તીર્થમાં શુદ્ધતમ વિશિષ્ટ કોટિના વાતાવરણમાં સંસારથી તૃપ્ત થયેલો આત્મા પરમ શાંતિ-સુખ-આનંદ પ્રાપ્ત કરે છે. આધિ-વ્યાધિ અને ઉપાધિથી કંટાળેલો માનવ ત્યાં જઈ સંસારનાં



# પ્રભુ મને કરશો ના નિરાશ

પ્રભુ મને કરશો ના નિરાશ,
તારો એક આધાર,.... હે ઉવસગ્ગંહરં ભગવાન,
તારે ચરણે શીશ ઝુકાવું.... હે કરૂણા નિધાન,
તારો એક આધાર, પ્રભુ મને.....૧

જગદનંદ ભવદુ:ખભંજન.... જગતના તારણહાર,
કૃપા કરીને નાથનિરંજન, કરજો ભવજલ પાર,
તારો એક આધાર, પ્રભુ મને.....૨

હું અનાડી કાંઈ ના સમજું,.... ધર્મનો મર્મ લગાર,
સુખ મેળવવા સારી જિંદગી,.... ભટકતો સંસાર,
તારો એક આધાર, પ્રભુ મને.....૩


આ દુનિયા છે દંભ ભરેલી,.... જૂઠા જગ વ્યવહાર,
તુજ ચરણોમાં શાંતિ ભરેલી,.... આપે સુખ અપાર,
તારો એક આધાર, પ્રભુ મને.....૪

સત્ય-અહિંસા-પ્રેમ-ધર્મનો,.... જગ ને દીધો સંદેશ,
પ્રાણિ માત્રના મિત્ર બનીને,.... મન ધરીએ સુવિવેક,
તારો એક આધાર, પ્રભુ મને.....૫

આશાની અવધિ નહિ મારે,.... કરૂણાની સીમા નહિ તારે,
દયા કરીને પાર ઉતારો,.... સુમન તમારા દાસ,
ભક્તિ મારી હૈયે ધરજો,.... હે કરૂણા નિધાન.
તારો એક આધાર, પ્રભુ મને.....૬

૦ સુમનભાઈ એમ. શાહ - સિંકદરાબાદ

દુઃખ, દર્દને ભૂલી પરમાત્માની સાથે એકતા મેળવવા લયલીન બનવા પ્રયત્ન કરે છે. કર્મથી ભારે થયેલ આત્મા-પરમાત્મા પાસે નાના બાળકની માફક ભૂલને એકરાર કરી પવિત્ર બને છે... વર્તમાન કાળમાં પ્રભુ પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ તીર્થ છે. પ્રભુ પાર્શ્વનાથની ભક્તિ કરનાર ભક્તવર્ગ પણ વિશેષ છે. પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનની અનન્યભાવે ભક્તિ કરનાર ભક્તની વાંછા-ઈચ્છા કે કષ્ટનું નિવારણ એકાવતારી ભગવતી માતા પદ્માવતી દૂર કરે છે. જેના કારણે પાર્શ્વનાથ ભગવાનનાં તીર્થો ગાજતાં છે.



મધ્ય પ્રદેશમાં દુર્ગથી ૧૪ કિ.મી. દૂર નગપુરા ગામ પાસે શિવનાથ નદીના પાવન ધારા પર કલરવ કરતા પ્રાકૃતિક વાતાવરણમાં ઉવસગ્ગહરં પાર્શ્વનાથ પ્રભુના ભવ્યાતિભવ્ય તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે. જે પરિપૂર્ણતાની પરાકાષ્ઠા પર પહોંચી ગયું છે. ગગનચુંબી ત્રણ ભવ્ય શિખરોથી શોભતું ૧૯૩૯ વર્ગફુટ વિસ્તારવાળું પાર્શ્વનાથ પ્રભુથી સુશોભિત પાંચગભારા, સ્થંભ તથા સર્ઘસ્તંભથી શોભી રહ્યું છે. જેની જમણી બાજુ કલ્યાણક મંદિર, ડાબી બાજુ નમિઊણ મંદિર, પદ્માવતી માતાનું મંદિર, મણિભદ્રવીરનું મંદિર છે.

કલ્યાણ મંદિરમાં કાયોત્સર્ગ કલ્યાણ પાર્શ્વનાથ ભગવંત છે. પાર્શ્વનાથ ભગવાનના દસ ભવ નયન-રમ્ય છે. નમિઊણ પાર્શ્વનાથ મંદિરમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા છે. કલ્યાણ મંદિર સુંદર અક્ષરોમાં અંકિત છે.

પ્રભુ ઉવસગ્ગહરં પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ નયનરમ્ય છે. શ્યામવર્ણી મૂર્તિનાં દર્શન કરતાં આત્મભાવ વિભોર બની જાય છે. આવી સુંદર અલૌકિક-અંગેઅંગમાં સ્ફુરણા પ્રગટિત કરનાર પ્રભુજી કયાંથી પ્રાપ્ત થયાં? એનો ઈતિહાસ ઉદ્ભવસ્થાન જાણવાની ઉત્કંઠા સ્વાભાવિક જ થાય તેમાં શંકા નહીં.

ઉત્તર પ્રદેશમાં ગંડક નદીના કિનારા પર, પહાડોની વચ્ચે ઉગના નામના ગામમાં ભુનવસિંહના ખેતરમાં કુવો ખોદી રહ્યા હતા. ૫૦-૬૦ ફૂટ ઊંડાણમાં ખાડો દૂધથી ભરાઈ ગયો. મજદૂરો એક ભારી કાળા પથ્થરને બહાર લાવ્યા. ગામવાસીઓએ દેવમૂર્તિ જાણી અબીલ ગુલાલ ઉડાડ્યા. દૂધને આંખને લગાવી ભક્તિ વ્યક્ત કરી. ભુવનસિંહે નજીકમાં રહેતા હીરાચંદ ભણશાલીને દૈવી મૂર્તિની વાત જણાવી. ભણશાલીજીએ પોતે જઈને

# આ જગમાં છે મંગલકારી



(રાગ : 'ભીમ પલાસ')

આ જગમાં છે મંગલકારી,
પાર્શ્વ પ્રભુનું નામ,
શરણ તમારું પાવન કારી,
સૌનું મંગલ થાય..... આ જગમાં....

કરૂણાભરી છે વાણી તમારી,.... સાંભળી સૌ હરખાય,
રાગ કે નહિ દ્વેષ લગીરે,.... સૌને શાતા થાય....
આ જગમાં....

કાષ્ટ ચિરાવી નાગ ઉગાર્યો,.... કીધો કમઠ ને મહાન....
નવકાર પ્રતાપે નાગ પામતો,.... ધરણેન્દ્રનો અવતાર,....
આ જગમાં....

સત્ય-અહિંસા-પ્રેમ-ધર્મનું, દીધુ જગમાં જ્ઞાન,....
મૈત્રી ભાવ રહે પ્રાણિ માત્રમાં,.... એ છે જગનો સાર,.....
આ જગમાં....

શંખેશ્વર પાર્શ્વપ્રભુનું,..... મહિમાવંતુ ધામ,....
ધરણેન્દ્ર..... પદ્માવતી જેના ચરણે, સફળ કરે અવતાર....
આ જગમાં....

જગ વલ્લભ મુજ અંતર વસજો,.... હું છું નાથ અનાથ....
ધર સુમન પ્રભુ દાસ બનીને,..... તારજો દીનાનાથ,....
આ જગમાં....

૦ સુમનભાઈ એમ. શાહ - સિંકદરાબાદ



તીર્થમાં ભક્તિ કરતા શ્રદ્ધાળુઓ

પરમાત્મા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ જોઈ. તુરંત બોલી ઊઠયા ''પ્રભુ પાર્શ્વનાથ ભગવાન છે. જરૂર હું મારા ગામમાં લઈ જઈશ.'' તે જ રાત્રે સાત વ્યક્તિને શાસનદેવ દ્વારા સ્વપ્ન આવ્યું કે '' આ મૂર્તિ અહીં નહીં રહે, તે દુર્ગ પાસે નગપુરા ગામમાં ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થમાં તીર્થપતિ માટે આ મૂર્તિ રાવલમલજી ને સોંપી દો'' આ આદેશથી સર્વે ખુશ થયા પણ કયા દુર્ગ? કયા રાવલમલજી 'મણિ' ? હીરાચંદ ભણશાલીના પ્રયત્ન તથા રાવલમલજીની સાધનાથી પ્રભુ પાર્શ્વનાથ ભગવાન ખૂબ જ પ્રયત્નપૂર્વક નગપુરા ગામમાં પધાર્યા, પણ નાળા પાસે મેટાડોર અટકી ગઈ. ખૂબ જ પ્રયત્ન બાદ ટસ થી મસ ન થતાં મણિજીએ કહ્યું કે પ્રભુ પાર્શ્વનાથ ભગવાન અહીં જ બિરાજમાન થશે. કહેતાંની સાથે જ મેટાડોર ચાલુ થઈ. ખોદકામ કરતાં પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની આ વિહરણ ભૂમિમાંથી પ્રાચીન પાર્શ્વ પ્રભુનાં પગલાં નીકળ્યા. જે વર્તમાનમાં ઉવસગ્ગહરં તીર્થમાં જ મંદિરમાં આગળ જ બિરાજમાન થયાં છે.

દેરાસર ખાતમુહુર્ત સમયે પણ દૂધથી ખાડો ભરાયો. જીવંત સર્પ સહિત નીકળેલ આ પ્રભુજી સૌના માટે આશ્ચર્ય-આસ્થા-ભક્તિનું અપૂર્વ આલંબન બની રહ્યા છે. અશાંત, પાપી કે નાસ્તિક પણ દર્શન કર્યા બાદ તેનાં નયન કે મનને દૂર કરવા સમર્થ જ નથી. જે પરમાત્મા દેવો દ્વારા પૂજિત છે. કેશીસ્વામી પ્રભુ પાર્શ્વનાથ ભ. ના ગણધરથી પ્રતિષ્ઠિત થયેલા છે. ચમત્કારોની તો કયાં વાત કરવી? આત્મામાં જ ચમત્કાર સર્જાય ત્યાં ભૌતિક સુખની વાંછા યાદ જ ક્યાં કરવી?

કયા પ્રભુનું ઉગના ગામના કૂવામાંથી નીકળવું? વ. હકીકત જાણ્યા પછી જૈન-જૈનેતરોના મુખમાંથી એક જ અવાજ નીકળે છે. આ પ્રતિમાજી અદ્‌ભુત-પ્રભાવક, દુ:ખભંજન, સુખ સર્જન-જનમન-મૌહક-કર્મ નિકંદન - મોક્ષ સુખદાયક છે. પરમાત્મા

# અવસર વહી જશે તો ફરી આવશે નહિ....

(આવી શકે તો આવો....)



અવસર વહી જશે તો ફરી આવશે નહિ...
નગપુરે વસિયા હે શામળીયા,..... આવી શકે તો આવો....
દુઃખ સંકટ કે આફતમાં,..... કરજે રક્ષણ મારું....
ના હું ભટકું - ના હૂં ભુલું,.... ચીંધજે મારગ સારૂ....
જીવન પંથે ભુલો પડુ ના,.... દીપક બનીને આવો....
નગપુરે વસિયા હે શામળીયા..... આવી શકે તો આવો .....૧
સ્નેહ સુધા વરસાવો સ્વામી,.... અરજ પાર્શ્વ અમારી,....
વિષે વાસના દૂર કરી.... કરજો કરૂણા સારી,.....
સંયમ રાહે સૂનો પડુ ના..... સોબત થઈને આવો,....
નગપુરે વસિયા હે શામળીયા.... આવી શકે તો આવો .....૨
નામ અમર રહે નિરંતર.... વામા નંદન તહારૂ....
તેજ ઝળકે ને મન મોહે.... દુર્ગે તિરથ તહારૂ....
ચૌદ લોકે સંગ રહીને..... સુંદર રામ રચાવો....
નગપુરે વસિયા હે શામળીયા.... આવી શકે તો આવો .....૩

○ મહેન્દ્ર શાહ - મુંબઈ

# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય

અમી ભરેલી નજરું રાખો ઉવસગ્ગહરં પારસનાથ
દર્શન આપો, દુઃખડા કાપો, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
ચરણ કમલમાં શીશ નમાવું, વંદન કરૂ મારા પારસનાથ....
દયા કરીને, ભક્તિ દેજો, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
હું દુઃખિયારો તારા દ્વારે આવીને ઉભો રહ્યો,
સમતા દેજો, આશિષ દેજો, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
ભક્તો તમારા કરે વિનંતી, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
ભક્તિ દેજો, આશિષ દેજો, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મારા પારસનાથ.... અમી
બની સુકાની પાર ઉતારો ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
મુજ હૈયામા વાસ કરોને ઉવસગ્ગહરં પારસનાથ.... અમી
મુજ આંગણમાં વાસ તમારો, ઉવસગ્ગહરં પારસનાથ.... અમી



પાર્શ્વનાથ ભગવાનના જાપમાં તલ્લીન બનનાર આત્માને અદ્‌ભુત એવા અનુભવ પ્રાપ્ત થયેલ છે.

ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા, સમયનું પ્રાકૃતિક વાતાવરણ, મંદ મંદ પવનની લહેરો-આકાશમાંથી અમી વર્ષા દ્વારા સમસ્ત વાતાવરણ ને જનગણ મને આહ્‌લાદ ઉપજાવ્યો. સર્વત્ર "જૈન જયતિ શાસનમ્‌" નો નાદ ગુંજિત થયો.

શ્રી લબ્ધિ વિક્રમ ગુરૂકૃપા પ્રાપ્ત પ્રતિષ્ઠાચાર્ય શ્રીમદ્‌ વિજય રાજયશસૂરીશ્વરજી મ. સા.ની પાવનીય નિશ્રામાં અપૂર્વ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. પૂજ્ય શ્રી દિલના દિલાવર, અતિસરળ, વિચક્ષણ, શાસ્ત્ર રહસ્યોના પારંગત છે. મિલનસાર સ્વભાવ-નિખાલસતા દ્વારા જૈન જૈનેતર સમાજમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. નિર્વિઘ્ને પૂર્ણ થયેલ પ્રતિષ્ઠા એ જ ગુરૂ કૃપાના ફળની પ્રતીતિ કરાવે છે. છત્તીસગઢમાં, જનસમાજમાં ગુરૂકૃપા પદ પર શ્રદ્ધા વધારી છે. કલ્પાક તીર્થ, બનારસ તીર્થ - સેટેલાઈટ પ્રેરણા તીર્થ (અમદાવાદ)માં પણ પૂજ્યશ્રીજીની નિશ્રામાં જિર્ણોદ્ધાર ચાલી રહ્યા છે.

બસ, દેશભરના લાખો ભાવિકો પ્રતિષ્ઠા પૂર્વે પણ આ મહાન તીર્થના દર્શનથી કૃતાર્થ બન્યા છે. અનેક ચમત્કારો અને અદ્‌ભુત જિનબિંબની સુષમાંથી ખેંચાઈને પોતપોતાનાં મિત્રમંડળો સહિત વારંવાર આ તીર્થમાં આવે છે. પણ હજી સુધી જેણે દર્શન નથી કર્યા એને તો એક ક્ષણ પણ ચૂકવા જેવું નથી. જ્યાં ૧૦-૧૫ વર્ષ પૂર્વ માત્ર ખેતર અને જંગલ હતું ત્યાં આજે જિન ભક્તિનું રમ્ય નંદનવન બની ગયું છે. આવું તીર્થ અમારા સહુનો તો પ્રાણ જ બની ચુક્યું છે, પણ દેશ-વિદેશમાં અત્યારે પણ એ જ ચર્ચા છે કે આવતાં દસ વર્ષમાં ભારતભરનું એક અદ્વિતીય તીર્થ બની જશે. અપૂર્વ, અજોડ, મહાન પ્રભાવક શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થમાં પધારો. આત્મ શુદ્ધિ કરો. આત્મ તત્ત્વ પ્રગટ કરો.... એ જ.....

# ઉપસર્ગહર શ્રી પાર્શ્વજિણંદને મન હસવાય



(રાગ - સિદ્ધાચલનાવાસી જિનને લાખો પ્રણામ)

ઉપસર્ગહર શ્રી પાર્શ્વજિણંદ મે જો મન હસવાય
જીણંદ ને જોઈ દીલ હરખાય ....૧

ઉવસગ્ગહરં તીરથ ગયા .... હરજો રાગ દ્વેષની માયા
પ્રસન્નતા દે નાર જીણંદને .... જોઈ મન હરખાય ....
(૨) ઉપસર્ગહર ૨

શ્યામવર્ણી મૂર્તી સુહૃદય..... જોતાં કર્મો દૂર ભગાય .....
શાંતિતણું સામ્રાજ્ય.... જિણંદને જોઈ મન હરખાય.
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૩

મધ્યપ્રદેશનો તુ છે રાજા,.... દેશ વિદેશ વાગે વાજા....
મહિમા અપરંપાર જીણંદને,.... જોઈ મન હરખાય.
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૪

આવ્યો તારે ચરણે ત્રાતા,.... લેવા શિવ સુખ કરી શાતા....
તારક નાથ શ્રી પાર્શ્વ જીણંદને,.... જોઈ મન હરખાય
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૫


તું છે મારો, હું છું તારો, સ્નેહ થી દાદા મુજને નિહાળો....
મુજ જીવન આધાર જીણંદને.... જોઈ મન હરખાય....
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૬

પરમાતમ, પરમેશ્વર, પારસ,..... મારે થાવું તારા વારસ....
કરૂણાના ભંડાર જિણંદ ને,..... જોઈ મન હરખાય.....
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૭

દાદા રમજો શ્વાસમાં મારા, ..... નિત્ય જપું છું નામ તુમારા.
વંદન લાખ હજાર જીણંદને, ..... જોઈને મન હરખાય.....
જિણંદને જોઈ દીલ હરખાય.... ઉપ ૮

૦ કુમુદ મહેન્દ્રભાઈ શાહ - સિકંદરાબાદ

# શ્રી ઉવસગ્ગહરં તીર્થની ગૌરવ ગાથા...



– પૂ. આ. શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મ. સા.

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં આવેલું શ્રી ઉવસગ્ગહરં તીર્થ !
જેવું નામ છે, એવા જ ગુણોથી સંપન્ન આ તીર્થ છે.

ઉવસગ્ગ-ઉપસર્ગોને, હરં-હરે-દૂર કરે તે ઉવસગ્ગહરં તીર્થ ! આવા પવિત્ર તીર્થને ભેટવાનું અમને સૌભાગ્ય મળ્યું વિ. સં. ૨૦૪૫ના જ્યેષ્ઠ માસમાં.

તીર્થાધિરાજ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથની નાગરાજાધિષ્ઠિત શ્યામવર્ણ સુશોભિત, અલૌકિક પ્રાચીન પ્રતિમાજીના દર્શન કરતાં જ મન પ્રસન્ન બન્યું. હૃદય મયૂર નાચી ઊઠયો ! આત્મા અસંખ્ય પ્રદેશોમાં એક અપૂર્વ ભાવોલ્લાસ પ્રકટયો.

પ્રશાંત મુદ્રા સંપન્ન ૪૭' ઈંચ પ્રમાણ કાયાથી સમલંકૃત શ્રી પાર્શ્વનાથજીની નયનરમ્ય પ્રતિમાજીથી ઓપતા આ તીર્થની આજુબાજુનું વાતાવરણ જ કોઈ અનોખું અને આકર્ષક છે.

શિવનાથ નદીના સુરમ્ય તટપ્રદેશ નિકટવર્તી તેમજ વનરાજીથી સમૃદ્ધ જંગલની વચ્ચે આવેલા આ તીર્થની રમણીયભુમિ ઉપર પદાર્પણ કરતાં જ કોઈ અલૌકિક ક્ષેત્રમાં

# મારી વિનંતી સ્વીકારો



(રાગ : કાયા કરમાઈ જશે,.... શ્વાસ રૂંધાઈ જશે.)

મારી વિનંતી સ્વીકારો, મને સંસારથી તારો, દુઃખડા નિવારો,
ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ઉગારો. ....

અનંતા ભવોથી ભટકીને થાક્યો,
ક્ષણિક શાંતિ ક્યાં પણ નહિ પામ્યો, ...

પુન્ય ઉદય થયો, માનવ ભવ આ મળ્યો, દેહ રૂપાળો...
ઉવસગ્ગહરં ... મારી ... ૨


મારા તારામાં સમય ગુમાવ્યો, કુટુંબની જંજાલમાં જકડાયો.
પરિવાર સ્વાર્થી થયો, જીવન એળે ગયો, પ્રભુજી મારો, ...
ઉવસગ્ગહરં ... મારી ... ૨

લૂંટાઈ ગઈ મારી પુન્ય મૂડી, હાલત થઈ ગઈ પ્રભુ મારી બૂરી,
હવે પસ્તાઈ રયો, આપનાં શરણે આવ્યો, ચરણે સ્વીકારો, ...
ઉવસગ્ગહરં ... મારી ... ૨

દાન-શીતલ-તપ-ભાવના ને મૂલ્ય, ધર્મ ધ્યાનમાંના ઝુક્યો,
સત્સંગ ક્યારે ના કર્યો. નવકાર ક્યારે ના ગણ્યો, ભૂલ સુધારો.
ઉવસગ્ગહરં ... મારી ... ૨

આઠે કર્મોથી મુક્તિ આપો, મોક્ષ મંજીલે 'સતરા' ને સ્થાપો.
અંતિમ આશા ફળો, દેવ ગુરૂ ધર્મ મળો, ભવ ફેરા ટાળો.
ઉવસગ્ગહરં ... મારી ... ૨

○ ઉમરશી શીવજી 'સતરા' - ભાંડુપ-મુંબઈ



પૂ. આ. રાજયશસૂરીશ્વરજીનું
છત્તીસગઢમાં પ્રવેશ

આવ્યા હોઈએ તેવો ભાવ પ્રગટે છે. મનની આધિ, તનની વ્યાધિ અને ઉપાધિથી આ તીર્થના દર્શન કરતા સાહસિક રીતે મુક્તિ મળે છે.

વિ.સં. ૨૦૪૫ના જ્યેષ્ઠ માસમાં શ્રી ઉવસગ્ગહરં તીર્થના પ્રથમવાર જ દર્શન કરતાં આત્મામાં જે ભાવોલ્લાસ પ્રગટ્યો તે અવર્ણનીય હતો. આજે પણ એ મધુર પ્રસંગની સ્મૃતિ થતાં તીર્થાધિરાજની પુનઃ યાત્રા કરવા માટે આત્મા પ્રોત્સાહિત બને છે.

એ પુણ્ય દિવસે....!

શ્રી મનમોહનજી કાનુગા શ્રી રાવલમલજી 'મણિ' આદિ તીર્થ કમિટિના કાર્યવાહકો સાથે સેંકડો ભાવિકો યાત્રા માટે આવ્યા હતા અને શ્રી પંચકલ્યાણક પૂજા-પ્રવચન તથા સાધર્મિકભક્તિનું સુંદર આયોજન કર્યું હતું.

મહાપ્રભાવી સંપન્ન દાદાની સમક્ષ સામુહિક ચૈત્યવંદન ભાવોલ્લાસપૂર્વક પૂર્ણ કર્યું. ત્યારબાદ શ્રી પંચકલ્યાણક પૂજાનો શુભ પ્રારંભ થયો. દરેક ભાવિકો મુનિ શ્રી ચંદ્રકીર્તિસાગરજી દ્વારા મધુર કંઠે શાસ્ત્રીય રાગપૂર્વક ભણાવાતી પૂજાની ઢાળોને ઉલ્લાસભેર રીતે ઝીલીને ભાવોલ્લા સમય વાતાવરણ સર્જી રહ્યા હતાં. તૃતીય પૂજાનો પ્રારંભ થયો. એ સમયે એક અભૂતપૂર્વ દશ્ય સર્જાયું !

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ દાદાના પ્રત્યેક અંગમાંથી 'અમીઝરણા'નો શુભ પ્રારંભ થયો. એ એક, બે મિનિટ નહીં.... બરાબર.... બે કલાક સુધી લગભગ આ 'અમીઝરણાં' ચાલુ જ રહ્યા.

આ દશ્યથી ઉપસ્થિત ભાવુકો આનંદ વિભોર બની ગયા અને પરમાત્મ ભકિતમાં તલ્લીન બન્યા. ''જય જય ઉવસગ્ગહરં પાર્શ્વનાથ'' ના ગગનભેદી નાદોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. પ્રતિમાજીને પથ્થર માનનારાના હૈયામાં પણ આ 'અમીઝરણાં' ના દર્શનથી પ્રભુપ્રતિમા પરત્વે અપૂર્વ શ્રદ્ધાનાં બીજ પ્રગટ્યાં. પરંતુ ભાવિકોની શુદ્ધ ભક્તિ ભાવનાથી આકર્ષિત બનેલ અધિષ્ઠાયક દેવોની પ્રસન્નતાનાં દ્યોતક આ 'અમીઝરણાં' ગણાય.

# ઉવસગ્ગહરં પાસ જી વંદિયે રે લાલ...



(રાગ : આબુ પર્વત રૂડો રે લાલ)

ઉવસગ્ગહરં પાસ જી વંદિયે રે લાલ...
વંદિયે બારંબાર રે રંગીલા લાલ,
વંદન કરતા બિસરે રે લાલ,
કર્મ તણો અતિસાર રે રંગીલા લાલ... ઉવવસગ્ગહરં..૧

માતા વામા સુત જાણીએ રે લાલ.
પિતા અશ્વસેન રાજ રે રંગીલા લાલ.
કાશી વારાણસી નગરીએ લાલ.
જનમ્યા શ્રી જિનરાજ રે રંગીલા લાલ... ઉવસગ્ગહરં..૨

કર્મઠ યોગીની સાધના રે લાલ.
બાલે મણિધર જોડ રે રંગીલા લાલ.
અવધિજ્ઞાને પ્રભુ દેખીયું રે લાલ.
સેવક કાષ્ઠ ને ફોલ રે રંગીલા લાલ... ઉવસગ્ગહરં..૩

કર્મઠ મેઘમાલી થયો રે લાલ.
પુર્વ ભવ સંયોગ રે રંગીલા લાલ.
જલ વરસાવે જોરમાં રે લાલ.
પ્રભુ કાઉસ્સગમાં વિયોગ રે રંગીલા લાલ... ઉવસગ્ગહરં..૪

મણિધર ધરણેન્દ્ર દેવતા રે લાલ.
પુર્વ ભવ ઉપકાર રે રંગીલા લાલ.
જલ ઓસરાવે જોરમાં રે લાલ.
ધર્મનો જય જયકાર રે રંગીલા લાલ.... ઉવસગ્ગહરં..૫

એવા પ્રભુજી ના ગુણલા રે લાલ.
ગાવે સૌ નરનાર રે રંગીલા લાલ.
કર્મ વિસર્જન જે કરે રે લાલ.
હૈયે હરખ અપાર રે રંગીલા લાલ... ઉવસગ્ગહરં..૬

○ હરખચંદ છેડા-મુંબઈ

પરમાત્માના પ્રત્યેક અંગમાંથી પ્રગટતાં 'અમીઝરણાં'ના સુગંધીત જલને આવેલ ભાવિકોએ ગ્રહણ કર્યું અને ધન્ય બન્યાં !



તીર્થમાં ભક્તિ કરતા શ્રદ્ધાળુઓ

આ પુણ્ય પ્રસંગથી તે સમયે મારા હૃદયમાં એવો ભાસ થયો કે દેવાધિદેવ પરમાત્માની પ્રતિમા સમ્યક્ દર્શનથી પ્રાપ્તિ, શુદ્ધિ માટે પરમ નિમિત્ત રૂપ છે. પરમપ્રશાન્ત, પરમપવિત્ર સ્થળે નિર્માણાધીન આ તીર્થ ટૂંક સમયમાં જ એક અલૌકિક પ્રભાવક તીર્થ બનશે અને અનેક આત્માના ઉદ્ધાર માટે નિમિત્તરૂપ બનશે !

મધ્યાહ્ન કાળે તીર્થની મહત્તા દર્શાવતું પ્રવચન શરૂ થયું... આજના પુણ્યદિને તીર્થ સ્થાનમાં પ્રાતઃ સમયે થયેલ 'અમીઝરણાં'ના પુણ્ય પ્રસંગથી પ્રોત્સાહિત બનેલ તીર્થોદ્ધાર માટે સતત પ્રયત્નશીલ-ઉત્સાહી-કર્તવ્યનિષ્ઠ શ્રી મનમોહનજી કાનુગા તથા તીર્થના પ્રાણરૂપ વિધિ વિધાન મર્મજ્ઞ શ્રી રાવલમલજી ''મણિ'' આદિ મહાનુભાવોના હૈયામાં નિર્માણાધીન આ તીર્થ સ્થળમાં મહાપ્રભાવક શ્રી નવકાર મહામંત્રના લાખો જાપથી ચારિત્ર-ધર્મના બીજરૂપ શ્રી ઉપધાન તપની મહાન આરાધના કરાવવાની પુણ્યાતિપુણ્ય ભાવના પ્રગટી અને તદ્નુસાર પ્રવચન સમયેજ સકળ સંઘની ઉપસ્થિતિમાં ચાતુર્માસ બાદ આ પુણ્ય ભુમિ ઉપર પ્રથમવાર શ્રી ઉપધાન તપની આરાધના થશે એવી ઉદ્ઘોષણા કરાવવા ઉપરાંત ચાતુર્માસ બાદ અહીં પધારી શ્રી ઉપધાન તપની આરાધના માટે પુણ્ય નિશ્રા પ્રદાન કરવા માટે વિનંતી પણ કરી.

'ક્ષેત્ર સ્પર્શના બળવાન છે, ''નાગપુર'' ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તમારી વિનંતિને ધ્યાનમાં રાખીશું... અમારો શાસ્ત્ર મર્યાદા મુજબનો પ્રત્યુત્તર સાંભળીને પરમ આનંદિત બનેલ પુણ્યવાન કાર્યવાહકો તથા ઉપસ્થિત ભાવુકોએ તે જ સમયે ''શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વશ્રીની નિશ્રામાં ''શ્રી ઉપધાન તપ''ની મહાન આરાધના થશે એમ જાહેર કર્યું. કોઈ પુણ્ય ક્ષણે ઉદ્ભવેલી ભાવના જરૂર સફળ બને છે !!!

અને જે તીર્થ સ્થળમાં ફક્ત નાનું એવું ગૃહમંદિર, એક ધર્મશાળા તથા વર્ષીતપ ભવનનું નાના પાયે નિર્માણ થતું હતું, તે તીર્થ સ્થળમાં શ્રી ઉપધાન તપ માટેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ અને છ મહિનાના ટૂંક સમયમાં જ અધિષ્ઠાયક દેવોની



# અંતર હું ઝુકાવું પ્રેમ થકી

(રાગ : ભારતકા ડંકા આલમ મેં)

અંતર હું ઝુકાવું પ્રેમ થકી, પ્રભુ પાર્શ્વ તમારા ચરણોમાં.
કરૂં વંદન પુરણ પ્રેમ થકી, હું આવું તમારા ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૧

તમ દિવ્ય પ્રેમની અદ્‌ભૂત સૃષ્ટિ, નિહાળું મારા અંતરમાં.
આ ધન્ય જીવનની ધન્ય પળો, વિતાવું તમારા ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૨

નથી પરદુ:ખ ભંજન કોઈ અહીં, છે દુનિયા મતલબ રંગભરી,
નથી કોઈ કોઈનું આ જગમાં, ઉદ્ધાર તમારા ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૩

ઉરમાં પ્રગટાવું જ્યોતિ મૃદુ, કર્તવ્યની મંગલ માળ જપું.
તમ મનહર દર્શન ઝંખે જીગર, મમ શ્રેય તમારા ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૪

હર પળ હું નિશદિન ધ્યાન ધરૂં, ને રાચું તમારા ચરણોમાં.
આ વિશ્વ સકલની શાંતિ માંગુ કેવળ, આવું તમારા ચરણોંમાં.
અંતર હું ઝુકાવું... ૫

હા મુજને રડાવી પણ દેતી, કહિ અસીમ વેદના અંતરની,
તવ આતમ શક્તિ માંગુ કેવળ, આવું તમારા ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૬

રહી કંટકમાં હસતું-રમતું પ્રિય... પુષ્પ ગુલાબનું મન ગમતું..
હું પણ અભિલાષ એ જ ધરૂ, .... અંતે આવું તમ ચરણોમાં.
અંતર હું ઝુકાવું... ૭

ધન વૈભવ અંચલતાની હું ... માનું મૃગજલશી માયા.
છાયા શીતલ અમૃત ઝરતી.... અમી મ્હાણે તમારા ચરણોમાં..
અંતર હું ઝુકાવું... ૮

૦ અમી (હિરાબાઈ)

સહાયથી અનેક ભાવીકોના ઔદાર્યપૂર્ણ સહયોગથી શ્રી વર્ષીતપ ભવન, શ્રી ભાતાખાતું, અન્ય વિશાળ ધર્મશાળા, ભોજનશાળા આદિ ઉપધાન તપ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં કાર્યકર્તાઓ સફળ નીવડચા.

નાગપુરના ચાતુર્માસ દરમ્યાન શ્રી ઉપધાન તપની આરાધના માટેનાં મંગળ મુહૂર્તો માટે તીર્થ નિર્માણના કાર્યકર્તા ભાગ્યશાળીઓ આવ્યા અને યોગાનુયોગ શ્રી પાર્શ્વનાથના તીર્થક્ષેત્રમાં શ્રી પાર્શ્વનાથજી દાદાના દીક્ષા દિવસનું જ (વિ. સં. ૨૦૪૬ માગસર વદ-૧૧, શનિવાર તા. ૨૩-૧૨-૮૯) શ્રી ઉપધાન તપ પ્રારંભ માટેનું મુહૂર્ત પ્રાપ્ત થતાં અદ્વિતીય આનંદ પ્રગટચો. સાથે સાથે પરમાત્માના જન્મકલ્યાણક (મા. વ. ૧૦) દિનને અનુસરીને જન્મ દીક્ષા કલ્યાણકની ઉજવણી નિમિત્તે સામુદાયિક 'અઠ્ઠમ તપ'ની આરાધના કરાવવાનો પણ શુભ નિર્ણય થયો.

અઠ્ઠમ તપની આરાધના તથા ઉપધાન તપનો સુવર્ણ અવસર એમ બન્ને પ્રસંગને અનુલક્ષીને વિશિષ્ટ આમંત્રણ પાઠવવામાં આવ્યું અને વિશાળ સંખ્યામાં અઠ્ઠમ તપ તથા ઉપધાન તપ માટે આવવા ભાવિકોએ ભાવના દર્શાવતાં કાર્યકર્તાગણનો ઉત્સાહ અદ્વિતીય બન્યો !

અમોએ પણ નાગપુર ચાતુર્માસ આરાધનામય રીતે પૂર્ણ કરી, પાઢુણા (મધ્યપ્રદેશ) મુકામે શ્રી નૂતન જિનાલયમાં શ્રી શીતલનાથજી આદિ જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરાવી શ્રી ઉવસગ્ગહરં તીર્થ પ્રતિ વિહાર કર્યો.... અને માગસર વદ ૮ ગુરૂવાર તા. ૨૧-૧૨-૮૯ પુણ્યદિને ભવ્ય સ્વાગતસહ શ્રી ઉવસગ્ગહરં તીર્થમાં પ્રવેશ કર્યો.

શ્રી ઉવસગ્ગહરં તીર્થની પુણ્યભૂમિમાં પુનઃ પ્રવેશ કરતાં જ તીર્થના આહ્લાદક વાતાવરણે કોઈ અનેરી જ પ્રસન્નતા સમર્પી. ક્ષુધાતુર વ્યક્તિને મનગમતા ભોજનની પ્રાપ્તિ થતાં જેમ આનંદવિભોર બને એમ તીર્થપતિ દર્શન માટે ઉત્સુક મન પુનઃ તીર્થાધિરાજનાં દર્શન કરતાં આનંદિત બન્યું. એ ધન્ય દિવસ હતો વિ. સં. ૨૦૪૬ માગસર કૃષ્ણ અષ્ટમીનો !

મહાપ્રભાવ સંપન્ન ''શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથજી'' અર્ધપદ્માસન સ્થિત પ્રતિમાજીથી સમલંકૃત આ તીર્થમાં પરમાત્મા પાર્શ્વતીર્થજીના જન્મકલ્યાણક તથા દીક્ષાકલ્યાણકને અનુલક્ષીને ''અઠ્ઠમ તપ''ની સાધના તથા શ્રાવક ધર્મની દીક્ષા સ્વરૂપ ''શ્રી ઉપધાન તપ''ની આરાધના કરવા માટે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર, બંગાળ, ગુજરાત વગેરે સ્થળોએ વિશાળ સંખ્યામાં ભાવિકો આવી રહ્યા હતા અને દ્વિતીય દિન (માગસર વદ ૯)ના પુણ્યપ્રભાવથી સેંકડોની સંખ્યામાં આરાધકો 'અઠ્ઠમ તપ''નું પચ્ચકલ્યાણ કરી આરાધનામાં તલ્લીન બન્યા હતા....!

# ઝલકતી જ્યોતિ દરશનની



(રાગ : માલકોશ)

પ્યારા પાર્શ્વપ્રભુ જિન ચંદ્રતાણી.
ઝલકતીં જ્યોતિ દરશનની,...

અનુપમ જ્યોતિ જ્યોત જગાવે.. જીવનમાં નવ ચેતનની...
જડતા ટાળે વિપદા વિદારે... હરે વેદના જન મનની...
ઝલકતી જ્યોતી દરશાનની,.....

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીરથની.... મુજ અંતર લાગી લગની...
કાળજું કોરી કવિતા (સ્તવન) રચાયું આશિષ લઉં શ્રી સંઘતણી,....
ઝલકતી જ્યોતી દરશાનની,.....

કેસર, ચંદન ફળકે ફોરમ.... આરતી મંગલ દીપતણી...
લાવુ-ઉમળકા પ્રભુને વધામણે, અંજલિએ માણેક મણિ,..
ઝલકતી જ્યોતી દરશાનની,.....

સરસ્વતીમાં દ્યો શકિત ભલેરી, ભક્તિ સભર ગુણ રંગ ભરી,
રોમ-રોમ વ્યાપે મૃદુ ભક્તિ, ભીંજે અંતર આંખલડી,
ઝલકતી જ્યોતી દરશાનની,.....

અવિચલ આતમ નિર્મલ ભાવે આશ પુરણ હો વંદનની,
માલકોશ ગાવું મન રંગે, ધૂમ મચાવું કિર્તનની,
ઝલકતી જ્યોતી દરશાનની,.....

હો ધન્ય-ધન્ય - લાખેણી પળો મુજને મળજો નિરંતરની.
નિત-નિત દેજો દર્શન મંગલ, ઝંખના એ અમી અંતરની,
ઝલકતી જ્યોતી દરશાનની,.....

૦ અમી (હિરાબાઈ)

પ્રતિદિન સામુહિક ચૈત્યવંદન સમયે આરાધકો પ્રવેશ કરી આરાધનાની દેદીપ્યમાન જ્યોત પ્રગટાવી અને દેવાધિદેવ પરમાત્માના ચરણોમાં અપ્રમત્ત ભાવે આરાધનામાં તલ્લીન બન્યા.

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથજી દાદાની છત્રછાયામાં પુણ્યપ્રભાવનો અને અધિષ્ઠાયક દેવોની પૂર્ણ સહાયતાનો અનુભવ ૪૭ દિવસમાં અનેકવાર દષ્ટીગોચર થયો. ગામની સુંદર વનરાજી વચ્ચે નિર્માણાધીન આ તીર્થમાં આવેલ આરાધકોને ડૉક્ટર, વૈદ્ય આદિ ચિકિત્સકોની કોઈપણ દિવસ આવશ્યકતા ન પડી. ચોરી આદિ કોઈ પણ અપપ્રસંગો ઉપસ્થિત ન થયા.



નિર્માણાધીન તીર્થમાં વ્યવસ્થા કેમ અને કેવી થશે? એવા આરાધકોના અનેક વીતર્કોનું સમાધાન અહીંની સુંદર વ્યવસ્થા દ્વારા થઈ ગયું હતું. ઉપધાન તપમાં પ્રવેશ કરેલ દરેક ભાગ્યશાળી બન્યા હતા. તીર્થાધિરાજના જાગૃત અધિષ્ઠાયક દેવો તથા પૂ. ગુરૂવર્યોના આશીર્વાદના પ્રેરક બળનું જ આ પરિણામ હતું.

પ્રતિદિન મનનીય તાત્ત્વિક પ્રવચન શ્રવણ તથા ક્રિયા રહસ્ય જણાવતી ''વાચના''ના માધ્યમે આરાધકો અપ્રમત્તપણે આરાધનાની સાધનામાં આગેકૂચ કરી રહ્યા હતાં. જેના પરિણામે....

શ્રી ઉપધાન તપની ચાલુ આરાધનામાં ૫૧ આરાધકોએ ''શ્રી ઉવસગ્ગહરં દાદા'' ની આરાધના નિમિત્તે અખંડ જાપપૂર્વક ''અઠ્ઠમ તપ'' કર્યું હતું અને ''વર્ષીતપ''નું મહત્ત્વ સમજાવતા ૫૧ પુણ્યાત્માઓએ નાણ સમક્ષ વર્ષીતપ ઉચ્ચાર્યા હતાં તેમજ અનેક ભાગ્યશાળીઓએ વિવિધ નિયમો તથા વ્રતોનો સ્વીકાર કર્યો હતો !!

શ્રી મુંબઈ નગરીથી સેંકડોની સંખ્યામાં સંઘ સાથે ભાવિકો તીર્થના દર્શનાર્થે આવ્યા. મુનિ શ્રી ચંદ્રકીર્તિસાગરજી મ.સા. દ્વારા બોલાતા ''પાસજી તોરા રે પાથ પલક ન છોડ્યા જાય, તુમસે લગની લાગી'' વગેરે ભાવવાહી સ્તવનો ઝીલતા આરાધકો પ્રભુભક્તિમય બની, આત્મ નિર્મળતા પ્રાપ્ત કરી રહ્યા હતા અને આ પ્રસંગે આવેલ અન્ય પુણ્યાત્માઓ પ્રાપ્ત પુણ્ય અવસરનો સદુપયોગ કરી ધન્ય બની રહ્યા હતાં. ''શ્રી ઉવસગ્ગહરં તીર્થ''માં જાણે કોઈ અદ્વિતીય ''આરાધના નગરીનું'' પુનઃ નિર્માણ થયું હતું.

શ્રી પાર્શ્વનાથજી દાદાનો દીક્ષા કલ્યાણક દિન તો અવિસ્મરણીય બની રહેશે...!

# અવધાર જો એક વિનતિ મોરી



(રાગ : મિશ્ર કાફિ..)

વિનવું છું કર મંગલ જોડી,
અવધાર જો એક વિનતિ મોરી,

મધુકર દર્શન દયો દયાનિધી ! વિનવું છું વારંવાર,
ખડી રહ્યો રે આતમા મારો પૃથ્વી તણો પગથાર,
કરૂણાની રાખ જો વાડ સંકોરી. ... અવધાર જો ...૧

કોડિયે રૂ ની વાટ નહિ.... હું દિવડો શે પ્રગટાવું,
દિવડામાં તેલની ધાર નથી, હું જ્યોતિ શે ઝબકાવું,
રાત અંધારી રે કાળજું કોરી. .... અવધાર જો ....૨

પાર્શ્વ પ્રભુ ! તુમ ચરણે કરૂં હું વંદન કોટિ-કોટિ ...
નિત-નિત ચાહું દર્શન મંગલ ઉર અભિલાષાઓ મોટી,
પ્રેમ ભક્તિની... પુરાવું રંગોળી .... અવધાર જો ....૩

ઉવસગ્ગહરં પાર્શ્વ તીરથમાં ... જય જય દુદુંભિ વાગી,
મહોત્સવ કેરી ઘોષણાએ હું હૈયે ઝબકીને જાગી,
રાખું હ્રદયની વીણી ઝંકોરી ... ... અવધાર જો ...૪

તમ દર્શનની તેજ કિરણમયી જ્યોતિ સદા ઝળહળ જો,
ભાવની એ-વીટી વેલા-મિલનની સૌને મુબારક હોજો.
રહેજો અમીનો આતમ ઢંઢોળી ... અવધાર જો ...૫

૦ અમી (હિરાબાઈ)

આજના પુણ્ય દિવસના પ્રાતઃ કાળના પુણ્યપ્રભાતે વારાણસી નગરીના વિશાળ મંડપમાં પ્રસન્ન વાતાવરણ વચ્ચે નાણ સમક્ષ–દૂર–સુદૂરથી આવેલ આરાધકોએ શ્રી ઉપધાન તપની ભાવ આરાધના કરવા માટે પૂ. ગુરૂદેવોની પુણ્ય નિશ્રામાં મંગલમય ક્રિયાઓ શરૂ કરી અને શ્રી ઉપધાન તપનો પ્રારંભ કર્યો...

શ્રી નવકાર મહામંત્ર વગેરેની સાધના માટેની આ તપશ્ચર્યામાં યોગાનુયોગ મહામંત્રના પુણ્ય અક્ષરો ૬૮ની સંખ્યામાં હતા. ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે પરમાત્માની પૂજા તથા ભાવોલ્લાસપૂર્વક દાદાનો જાપ ચાલુ હતો. તે સમયે દાદાની પ્રતિમામાંથી ''અમી ઝરણાં'' ચાલુ થયાં હતાં અને ઉપસ્થિત ભાવુકોએ ''જયનાદ'' કરીને ભકિતમય વાતાવરણ સર્જ્યું હતું. શ્રી સંઘની ત્રિદિવસીય સ્થિરતા દરમ્યાન અનુમોદનીય ઉછામણી દ્વારા નવનિર્મિત શ્રી સુખડી ભવન (ભાતાખાતા) તથા શ્રી વર્ષીતપ આરાધના ભવનનું ઉદ્ઘાટન અપૂર્વ આનંદોલ્લાસ સાથે સંપન્ન થયું. આમ તીર્થ સ્થાનમાં આરાધના માટેના સંકુલો તૈયાર થઈ રહ્યાં હતાં.

અધ્યાત્મ સંપન્ન વાતાવરણમાં આરાધકોની આરાધના નિર્વિઘ્ન પૂર્ણ થવા આવી અને...

છત્તીસગઢ પ્રદેશાન્તર્ગત આ તીર્થમાં પ્રતિષ્ઠિત થનાર, ''શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ'' આદિ ૩૬ પાર્શ્વનાથજીના સંખ્યાંકને અનુસરીને છત્તીસ છોડના ભવ્ય ઉપધાન સહ મોક્ષમાળ નિમિત્ત અષ્ટાહ્નિકા મહોત્સવનો શુભ પ્રારંભ થયો. હજારોની સંખ્યામાં માનવ મહેરામણ આ પ્રસંગે ઊમટ્યો ભયંકર વાવાઝોડા તથા મેઘરામણ આ પ્રસંગે ઊમટ્યો !! ભયંકર વાવાઝોડા તથા મેઘતાંડવનું તોફાન માળારોપણ દિને તદ્દન શાન્ત થયું અને વિ. સં. ૨૦૪૬ મહા વદ ૨ ના પુણ્ય દિવસે શ્રી નૂતન ઉપાશ્રય નિર્માણાર્થે શિલાસ્થાપન વિધિ સંપન્ન થયા બાદ ઉપસ્થિત હજારોની માનવ મેદની વચ્ચે અપૂર્વ આનંદોલ્લાસપૂર્વક માળારોપણનો પુણ્યપ્રસંગ ઉજવાયો.

અને... પુણ્યાત્માઓ મોક્ષમાળ પહેરવા ભાગ્યશાળી બન્યા...!

છત્તીસગઢ પ્રદેશમાં પ્રથમવાર જ થયેલ ઐતિહાસિક ઉપધાન તપની આરાધના ચિરઃસ્મરણીય બની જશે. આજે નિર્માણાધીન આ તીર્થમાં વિશાળ ઉપાશ્રય અને ધર્મશાળાઓ, ભોજનશાળાઓ વગેરે અનેક ધર્મસ્થાનોનાં નિર્માણ થઈ ગયાં છે અને કુશળ શિલ્પી દ્વારા દરરોજ સેકંડો ભાવિકો તથા શ્રી સંઘો આ તીર્થમાં પધારી....ભક્તિ ભાવપૂર્વક દર્શનપૂજા, સેવા જાપ, ધ્યાન, તપશ્ચર્યા કરી ધન્ય બની રહ્યા છે.

''શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથજી જય'' જૈનં જયતિ શાસનમ્.



# પારસનાથને દ્વારે આજે

(રાગ :- જાગરે માલણ જાગ, લોકગીત..)

આવો સહુ નરનાર ... નગપુરાને દ્વાર...
પારસનાથને દ્વારે આજે, ... મહોત્સવ રૂડો ઉજવાય ...૨

પડઘમ ને શરણાયુ વાગે,.... મંગલ ગીતો ગવાય...
નરનારીના ટોળા ઉમટે,.... નાચે થઈ એક તાન.
તોરણ બાંધ્યા દ્વાર ... પ્રગટે દીપક હાર...(૨)...પારસનાથ આવો.

પ્રાર્શ્વ પ્રભુ ભાલે કેવી ... ટીલડા ટમ-ટમ થાય.
બાહુ બાજુબંધ ગળે... ઝગમગ હાર સોહાય ...
અનુપમ આંગી રચાય... ભક્તોના હૈયા હરખાય...(૨)...પારસનાથ આવો.

અમ અંતરની આશા પૂરજો, રક્ષા સહુની કરજો.
કૃપા નિધી કરૂણા સાગર, ... અરજી ઉરમાં ધરજો.
માંગે સહુ સાથ, ... મુક્તિનું દેજો દાન...(૨)...પારસનાથ આવો.


લાખ ચોરાશી ફેરા ફરતા ... નાવલડી અટકોમ.
દુ:ખની કથની કરતા મારી, ... આંખલડી ભીંજાયે.
સાંભળજો સુકાન, ... હું છું સ્વામી અનાથ...(૨)...પારસનાથ આવો.

કેટલું ? કહું હું પ્રભુજી તમને તું છે અંતર્યામી.
ના કરજો નિરાશ અમને, ... ભક્તિમાં રાખુ ના ખામી.
લઈયે તારૂ નામ, ... થાય અમારા કામ...(૨)...પારસનાથ આવો.

○ સુશીલા કે. દોશી

# શ્રદ્ધાળુઓની કલમથી - યાદગાર યાત્રા

શ્રી માતૃમંદિર તારદેવ મુંબઈના શ્રી જયંતિલાલભાઈ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થની યાત્રાએ લગભગ ૧૦૦ યાત્રીઓને લઈને જઈ રહ્યા છે એ જાણી હું પણ આ યાત્રામાં જોડાવાની લાલચ રોકી શકી નહીં અને નિર્ધારિત સમય પર આકાર પામી રહેલા તીર્થમાં સમયસર પહોંચવા માટે ભાગ્યશાળી નીવડી. 'અદ્ય મે સફળ જન્માઃ' તીર્થપતિ શ્રી પાર્શ્વ પ્રભુના દર્શન પામી ગદ્ગદ્ થઈ ગઈ. રોમાંચિત પ્રસન્નતા અવર્ણનીય છે. એટલી અસાધારણ ભવ્ય પ્રતિમાનાં દર્શન કરી જિન ભક્તિમાં તરબોળ થઈ ગઈ. અઠ્ઠમ તપ ધારણ કર્યું. તીર્થ નિર્માણની સંપૂર્ણ માહિતી મેળવી એને પૂરી કરવામાં ફાળો આપવા, અપાવવાની ભાવના બળવાન બની. મુંબઈ પાછા આવી ગોવાલિયા ટેંક ઉપાશ્રયમાં શ્રાવિકા બહેનોને આ તીર્થ અંગે માહિતી આપી. બસ, જોત જોતામાં ૫૦ બહેનો તરત જ યાત્રા માટે તૈયાર થઈ ગઈ અને ત્રીજા દિવસે ફરીથી શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ માટે પ્રસ્થાન કર્યું. ભારે વરસાદ છતાં દર્શનની ઉત્કટ અભિલાષા સાથે સંકળાયેલા વહેળા પાસે પહોંચ્યા, જેમાં પૂર આવ્યું હોઈ અમને રોકાઈ જવું પડ્યું. ઉફાણી રહેલા એ વહેળાએ અમને તીર્થ પ્રવેશથી વંચિત રાખ્યા. અમને ત્યારે ખૂબ નિરાશા થયેલી જ્યારે બસનું પૈડું પંક્ચર થયું. હવે ન તો આગળ જઈ શકતાં હતાં અને ન પાછળ. તીર્થના પદાધિકારિઓ, કર્મચારિઓ, વહેળાની પેલી બાજુ ચિંતામાં પડી ગયા હતા. કંઈ કરી શકાય એમ હતું જ નહીં. વરસાદની એ રાત અમે પ્રભુભક્તિ કરતાં વિતાવી. સવારનો ઉજાસ નવો ઉત્સાહ લઈને આવ્યો. તપસ્વી બહેનોએ શ્રીફળ, ધૂપ-દીપ અક્ષતથી ઉફણી રહેલા વહેળાના જળરાશિને વધાવ્યો. એ સમયે તીર્થના અધિનાયક નાગરાજે દર્શન આપ્યાં અને અમે સહુ બીજા માર્ગે તીર્થમાં આવી શક્યાં, પૂજા-અર્ચનાનો અવર્ણનીય લાભ પામી અમે બધી મુશ્કેલીઓ ભૂલી ગયાં.



ધર્માનુરાગી શ્રી શોરીલાલજી નાહરના અનુગ્રહ અને માર્ગદર્શનથી ઉપસર્ગોથી ઘેરાયેલા અલ્પજ્ઞોને શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વપ્રભુનાં દર્શન પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. દેવ કૃપાએ મારો પૌત્ર સંજીવકુમાર અને પ્રપૌત્ર સ્વસ્થ થઈ ગયા.

- શ્રાવિકા કંચનબેન પ્રાણલાલ દોશી, મુંબઈ

# વાંસળી રે કેવી મીઠી-મીઠી વાગતી



(રાગ : ટીલડી રે મારા પ્રભુજીને શોભતી)

વાંસળી રે કેવી મીઠી-મીઠી વાગતી.
પારસનાથ દરબાર મારા વાલા, ... વાંસળી રે ... (૨)
વાંસળી સુણીને અમે નગપુરામાં આવીયા. (૨)
હે... પારસ દર્શનથી ખૂબ હરખાયા (૨) ... વાંસળી રે ... (૨)
વાંસળીના સૂરમાં અમે ... સાન-ભાન ભૂલ્યા (૨)
હે ... ભક્તિના ભાવમાં ભીંજાણા મારા વાલા (૨) વાંસળી રે ... (૨)
વાંસળીના સૂરથી, ... સર્પો રે આવ્યા (૨)
હે ... ભક્તિથી પાર્શ્વ ને બિટાણા મારા વાલા (૨) ... વાંસળી રે ... (૨)
જીનજી ના કાજે અમે ... ફૂલના થાળો લાવ્યા (૨)
હે .... આંગી કરી મલકાયા મારા વાલા (૨) વાંસળી રે ...(૨)
વાંસળીના નાદ સુણી .... ભાવના ભાવતા (૨)
સુશીલ કંઠે, માંગુ તારી માયા (૨) ... વાંસળી રે ... (૨)

o સુશીલા કે. દોશી

# હે ઉવસગ્ગહરંના પાર્શ્વ પ્રભુ

હે ઉવસગ્ગહરંના પાર્શ્વ પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તને વંદન કરૂં શત શત વાર, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તુજ મૂર્તિ કલ્યાણકારી, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
જુજને નિખીને પાય ધોઉં, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તુજને પરખી ને કથિર સોનું, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તુમ મંગલકારી ... વિઘ્નહારી, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તુમ આત્મગુણોમાં ... વિઘ્નહારી, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
હું અવગુણોમાં પ્રથમ, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તુજ ભક્તિ માં ... બરસ તરબોળ, પ્રભુ તારૂં નામ જપું હું ઘડી-ઘડી
તને સમરીને તો ... ધન્ય પ્રભુ, તારૂં નામ જપું હું ઘડી-ઘડી

o મીના બી. દોશી, મુંબઈ

# તીર્થ પ્રગટ પ્રભાવી અધિષ્ઠાયક શ્રી માણિભદ્રવીર

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ અને પરમતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની ભવ્ય અસાધારણ પ્રતિમાનો પરિચય જેટલો આલ્હાદક અને વિસ્મયકારી છે તેટલો જ ભવ્ય અને અનુપમ છે. શ્રી માણિભદ્રવીરની જાગ્રત અનુકંપા ભૂગર્ભમાંથી શ્રી કેશી ગણધર દ્વારા પ્રાણ પ્રતિષ્ઠિત દેવાધિદેવની મનોહારી પ્રતિમાની દૈવિક સ્વપ્ન નિર્દેશથી પ્રાપ્તિ સાથે શાસન રક્ષક, નવકાર મંત્ર સમારાધક અધિષ્ઠાયક દેવ શ્રી માણિભદ્રવીરનું આ સિદ્ધક્ષેત્ર બની જવું તીર્થ પાવનતાનો નિર્દેશ છે. આગલોડ (ગુજરાત)માં શ્રદ્ધેય આરાધક શ્રી ચીમનલાલભાઈ ઝવેરીને પ્રગટ પ્રભાવી સકળ સંઘ રક્ષક શ્રી માણિભદ્રવીરે સ્વપ્નમાં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થના તીર્થોદ્ધાર અને જિર્ણોદ્ધાર બાદ એક મહામાંગલિક તીર્થ તરીકે લોક આસ્થાનું મહાન સ્થળ હોવા અને ત્યાં તેમના (વીરના) સિદ્ધક્ષેત્ર હોવાના નિર્દેશ આપ્યા. પં.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. એ સ્વપ્રેરણાએ તીર્થમાં માણિભદ્રવીરના આરાધિત નારિયળ યુક્ત કળશ પ્રતિષ્ઠિત કરીને મોકલ્યું. જે તીર્થના શ્રી માણિભદ્રવીરના સ્થાનમાં સ્થાપિત છે. પૂ. સાધ્વી શ્રી રંભાશ્રીજી મ. સા. ને ધમતરી (છ. ગ.)માં શ્રી વીરે પ્રેરણા આપી, પરિણામે પૂ. સાધ્વીશ્રીના નિર્દેશ પર તીર્થ ઉપાશ્રયની બહાર એક જુદી દેરી બંધાવી દેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. તીર્થના મુખ્ય જિનાલયના પ્રવેશ સ્થળ પર શ્રી માણિભદ્રવીરની મૂર્તિ વિધિવત્ આરાધના સાથે પ્રતિષ્ઠિત છે. પૂ. સાધ્વી શ્રી વાચંયમડાશ્રીજીબેન મ. સા. ના સૂચનથી આ મંદિરમાં શ્રી માણિભદ્રવીરની ઉજ્જૈન, મગરવાડા અને આગલોડ સિદ્ધક્ષેત્ર સહિત વિવિધ તીર્થ દર્શન પટ્ટ લગાવવામાં આવ્યા છે. તીર્થોધ્ધારનો પ્રારંભ શ્રી માણિભદ્રવીરની અસીમ કૃપાએ થયો. પહેલા જ દિવસથી શ્રી વીર સકળ સંઘની ભક્તિનો આનંદ લે છે અને ભક્તોની મનોકામના પૂરી કરવામાં સહાયક થાય છે. શ્રી વીર આ તીર્થમાં સકળ સંઘને સહાય કરવાની પોતાની વચન બધ્ધતાનું પાલન કરે છે. આ પ્રતીતિ અહીં દરરોજ આજે પણ થાય છે. દરરોજ અગણિત શ્રદ્ધાળુઓ માનતા રૂપે સુખડી તથા નારિયેળ ચડાવે છે. અનેક બાધાઓની માનતાઓના ફલિતાર્થ અહીં થાય છે. અસંખ્ય ઉદાહરણ અહીં લોકોના ચેહરા ઉપર ઊપસતી પ્રસન્નતામાં અચાનક જોવા મળી જાય છે.



તીર્થમાં દર વર્ષે તેરસના દિવસે વિશિષ્ટ હવન દ્વારા મહાન સકળ સંઘ રક્ષક અધિષ્ઠાયક દેવ શ્રી માણિભદ્રવીરની આહ્વાન ભક્તિ કરવામાં આવે છે.

## ઓ પાર્શ્વ પ્રભુ



સુખ અને દુઃખના ચકડોળમાં ... ફર્યા કરૂં છું ...
માનવ મેદનીમાં માણસને .... શોધ્યાં કરૂં છું.
મારી સહાય કરો દીનાનાથ...
ઓ પાર્શ્વ પ્રભુ, ... આવો આંગણીયે ...૨
દિન ને રાત જોયા, ... દેશ ને પરદેશ જોયા.
ગલી ગલી ફર્યા કરૂં છું.... ક્યાંયે ન જોયા પાર્શ્વનાથ...
ઓ પાર્શ્વપ્રભુ, ... આવો આંગણીયે ... ૩
તડકાં રે જોયાં ને ... છાયાં પણ જોયા.
શરદ ને બસંત ઋતુનાં ... રંગ જોયાં.
ક્યારે હું આત્મ શાંતિમાં રાચું ...
ઓ પાર્શ્વપ્રભુ ... આવો આંગણીયે ...૪
તારી તે મૂર્તિ ભવ નીતરતી નીરખી
આનંદની અવધિ ... હેલે ચડી.
મારા આત્માને લાધ્યો સંતોષ... ઓ પાર્શ્વ પ્રભુ... આવો આંગણિયે.
ઓ ઉવસગ્ગહરંના પાર્શ્વ પ્રભુ...આવો આંગણીયે... ૫

૦ મીના બી. દોશી, મુંબઈ

## ઉવસગ્ગહરં તીર્થમાં રે

(રાગ : શાંતિ જિનેશ્વર સાબિહા રે, શાંતિ તણો દાતાર સલૂણા,)
ઉવસગ્ગહરં તીર્થમાં રે, બિરાજે પાર્શ્વ જિણંદ સલુણા
મધ્યપ્રદેશમાં શોભતુ રે, અલૌકિક એ તીર્થ સલુણા...૧
ગીરી ગુદાને કંદરા પર, સોહે દેવ વિમાન સલુણા.
કલીયુગ કેરા કાળમાં રે, સતયુગ દીસે ત્યાંહી સલુણા...૨
અશ્વસેન રાજા કુળે રે, વામા માતા દુલારા સલુણા.
સાસુ સસરા પ્રભાવતી રે, ધરણેન્દ્ર કીધો ઉપકાર સલુણા ...૩
મળવા મન ઘણું ઉલ્લસે રે, ક્યારે પહોંચું તુમ પાસ સલુણા.
દેવ દીયે જો પાંખડી રે ઉડી આવું તુમ પાસ સલુણા ...૪
બાલ સેવક 'ઈન્દુ' તણી રે, સુણ જો એક જ વાત સલુણા
લાખ ચૌરાશી નીવારજો રે, કરજો બેડો પાર સલુણા ...૫

૦ જયાબેન મનસુખલાલ શાહ

# શાસનદેવની અસીમ કૃપા

મુંબઈ-મલાડ નિવાસી શ્રી ધીરૂભાઈ પરીખ ૪૦ યાત્રાળુઓ સાથે લકઝરી બસમાં ઘાટકોપર થાણા અંતરિક્ષજી-ભાંડકજી દર્શન કરતાં કરતાં નગપુરા દર્શનાર્થે આવી ગયા. રાતનો સમય હતો. ભાંડકજીથી આગળ એક વળાંક પાસે એક ટ્રક સાથે બસ અથડાઈ ને ત્યાં બની રહેલા પુલના એક ઊંડા ખાડામાં પડી ગઈ. શાસનદેવની કૃપાથી ન તો કોઈ યાત્રાળુને કોઈ જાતની આંચ આવી કે ન તો કોઈ જાતનું નુકસાન થયું. આ જોનારાઓએ દુર્ઘટના સ્થળનું વર્ણન કરતાં કહ્યું કે જે રીતે અકસ્માત થયો છે એ જોતાં એમ ન લાગે કે કોઈને ય લેશમાત્ર પણ આંચ ન આવી હોય.



# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ - દુર્ગ

પ્રાતઃ સ્મરણીય શ્રી કેશીસ્વામી દ્વારા પ્રતિષ્ઠિત પરતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિભા ભૂગર્ભથી પ્રાપ્ત થઈ અને શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પૂજિત આ પ્રતિમા તેના સ્વપ્ન આદેશ પ્રમાણે આ પાવન સ્થળે તીર્થપતિ તરીકે પ્રતિષ્ઠિત થઈ છે. આ જે ભવ્ય પ્રતિમા તીર્થક્ષેત્રમાં આવી છે તે દિવસથી જિન ભક્તિના આંગણે તપ-જપની માંગલિકતાની સુવાસ પ્રસારી લાખો શ્રાવક-શ્રાવિકાના જીવનને ધન્ય બનાવી રહી છે અને સદ્‌ગતિના પ્રવાસી બની રહ્યા છે. તીર્થોધ્ધારિત થઈ રહેલા તીર્થમાં નિરંતર અઠ્ઠમ તપ, ઉપધાન તપ, વર્ષીતપ, ઓળી આદિ અનેક વિધ તપસ્યા આત્મ-કલ્યાણના પંથે થાય છે. પ.પૂ. આ શ્રી રાજ્યસૂરીશ્વરજી મ. શ્રી ના સતત ચિંતન, મનનના પરિણામે પ્રાપ્ત થયેલ માર્ગદર્શન અનુસાર જે સ્થળે પ્રભુ પાર્શ્વ વિચર્યા હતા, તે સ્થળે અહીં પ્રભુની ખંડિત ચરણ પાદુકાની દહેરી હતી. ત્યાં અત્યારે ભવ્ય શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ જિનાલયનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે. ૫૭ ફૂટ ઊંચાઈ, ૪૫૨૦ ફૂટના વિસ્તારવાળા આ ભવ્ય જિનાલયમાં ૩૬ ઈંચના પાશ્વ પ્રભુની પ્રતિમાજી મૂળનાયક સહિત પ્રતિષ્ઠિત થયા છે. આ તીર્થોધ્ધારના શરણે હજારો તીર્થ નિર્માણનું ગૌરવ ઊભું થયું છે. આ તીર્થના ઉધ્ધારના કાર્યના ઈતિહાસના આ ગૌરવશાળી અધ્યાય લેખનમાં હજુ શ્રાવક-શ્રાવિકાના સહકારની આવશ્યકતા છે. દાનવીર સદ્‌ગૃહસ્થો પોતાની લક્ષ્મીને સફળ કરે એ જ વિનંતી છે.

**- પી. ડી. શેઠ, પાલીતાણા**

# ઉવસગ્ગહરં મારે જાવું છે



ઉવસગ્ગહરં મારે જાવું છે.
પારસનાથને ભેટવું છે, ...ઉવ. ...

મૂર્તિ જોતા આંખ ના ધરાયે,
મનડું મારૂં તુજ દર્શન ચાહે,
અપૂર્વ ભાવોં મારા હૈયે જાગ્યા છે. ...ઉવ. ...

રૂપ તારૂ જોઈ મને ચટકો રે લાગ્યો,
તારા દર્શનનો રંગ મને લાગ્યો,
અમી ભર્યા નયનોમાં કરૂણા છે ...ઉવ. ...

દુનિયાની પ્રીત મને લાગી રે જુઠી,
આ રે સંસાર માં કોઈ નથી સુખી,
દાસ બની તારા ચરણે રહેવું છે ...ઉવ. ...

જ્ઞાન નથી તોયે ધ્યાન ધરૂ છું.
એક જ તારૂં નામ નામ સમરૂ છું,
તારી ધુનમાં મગન બનવું છે. ...ઉવ. ...

સાગર જેવો ગંભીર તું તો
કરૂણાનો તું દરીયો મોટો,
દયા કર પ્રભુ મારે તરવું છે. ...ઉવ. ...


હું તો ઉપસમ નિરમાં સ્નાન કરૂં,
પક્ષલ પુજા અંગ લુછણા કરૂ,
મુજ ભાવના ભરપૂર કરો. ...ઉવ. ...

સ્વર સાધના સાધુ એવી પ્રભુ,
રાવણની મસ્તી જેવી પ્રભુ,
ભાનુંના કંઠે ભક્તિ સુર ભરો. ...ઉવ. ...

o શ્રીમતી ભાનુબેન દેવચંદ ગાલા, હૈદરાબાદ

# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ - સર્વોદય તીર્થ

મારા જીવનયાત્રાના ૬૫ વર્ષોમાં મને જો કોઈ અદ્‌ભુત આનંદનો અનુભવ થયો હોય તો તે અવિસ્મરણીય તીર્થ છે, છત્તીસગઢ, રાજ્યના દુર્ગ શહેરથી લગભગ ૧૫ કિ.મી. દુર પ્રતિષ્ઠિત થયેલ ''શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ'' પારસનગર, નગપુરા છે. શિવનાથના કણેકણમાં સ્વર્ગીય સુંદરતાની ઝલક મળે છે. પવિત્ર શિવનાથના શાંત, ગંભીર એવા આ સ્થળ ઉપર શિખર સુધી ચેતનાથી હર્યા ભર્યા તીર્થંકર શ્રમણ પ્રભુ પાર્શ્વનાથજીએ તેઓના વિહારકાળ દરમ્યાન આ સ્થળે તપશ્ચર્યા-આરાધના કરી હતી તેવો ઉલ્લેખ છે. ''પ્રભુ પાર્શ્વ આપ સદૈવ સ્થિર થાઓ'' કામનાની સાથે આપના ભક્તોએ આપની શિખર સુધીની ચેતનાનો અનુભવ કરી એક સુંદર મંદિર બનાવી આપના પગલાં તેનો પહેલો જિર્ણોધ્ધાર સંવત ૯૧૯માં થયો અને બીજો જીર્ણોદ્ધાર સંવત ૧૯૯૫માં થયો. મંગલ કલ્યાણનો નાદ સંભળાવતું આ તીર્થ આજે જનમાનસ ઉપર પરમ શ્રદ્ધાનું માંગલિક સ્થળ થઈ ગયું છે. સ્વપ્નમાં મળેલા નિર્દેશ મુજબ જ નિર્માણ પામેલ શ્રી પાર્શ્વનાથ




પ્રભુની ભવ્ય અને અલૌકિક પ્રતિમાના દર્શનાર્થે રોજ હજારોની સંખ્યામાં ભક્તો આવે છે અને દર્શન કરી પોતાની જાતને ધન્ય માને છે. પોષ વદી ૧૦, શ્રી અસંખ્ય પ્રમાણમાં જૈન-જૈનેતરો અતુટ શ્રદ્ધા લઈને આવે છે અને દર્શન પામીને ધન્યતા અનુભવે છે.

## સત્વન ભાવે લખી ને હું મોકલું



(રાગ : કંકુ છાંટી કંકોતરી...)

સ્તવન ભાવે લખીને હું મોકલું,
સ્વીકાર જો પાર્શ્વ જીણંદ, દર્શન વહેલા આપજો,
ઉવસગ્ગહરં તિર્થ સોહામણો,
કલચુર વંદના રાજાનો ઈતિહાસ .. દર્શન .. સ્તવન ..

હું તો ભુલી પડુ છુ તારો પંથ રે,
મને રાહ બતાવો નિગ્રંથ .. દર્શન .. સ્તવન ..
જ્યાં રાગ ને દ્વેષ ભુલાઈ જતાં.
બંધન મોહ માયા ના ભુલાય .. દર્શન .. સ્તવન ..

તારા વિયોગે ઝુરૂં હું તો દિન ને રાત,
એવી અંતરની લખી મેં તો બાત, ... દર્શન .. સ્તવન ..
ભલેને આભ કે ધરતી તુટે,
મારી ભક્તિની સરિતા ન ખૂટે, .. દર્શન .. સ્તવન ..

નામના નથી કરવી કોઈ મારે,
ના માંગુ કાંઈ બીજું લગારે, દર્શન .. સ્તવન ..
હું ચાહું રે પગથીયા સદાચાર ના,
આપ આજ્ઞા પ્રમાણે સદાય, .. દર્શન .. સ્તવન ..

કેમ પાળી શકું આપ આજ્ઞા સદાય,
જો ના મળે મુજ આપ સહાય, .. દર્શન .. સ્તવન ..
ભાનુ વિનવે છે વ્હાલા તને કર જોડી,
જલ્દી બોલાવજે શીવપુર જોડી, .. દર્શન .. સ્તવન ..

○ શ્રીમતી ભાનુબેન દેવચંદ ગાલા, હૈદરાબાદ



વસ્તુતઃ આ પવિત્ર તીર્થમાં જે યાત્રી આત્મકલ્યાણ અને આધ્યાત્મિક પ્રગતિ કરવાની ભાવનાવાળાઓ માટે તપ અને જપની અલૌકિક માંગલિકતા અહીં ભરપુર છે. પરમ-તારક દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની અદ્ભુત - મનમોહક - મહાપ્રભાવક પ્રતિમાજીના દર્શન-પૂજન કરતાં આ સ્થળ પર સમય પણ સ્થિર થઈ જાય છે. મન સ્થિર અને ચિંતા મુક્ત થાય છે. કુદરતના શાંત અને સુરમ્ય સાનિધ્યમાં વ્યક્તિને ચિદાનંદ સ્વરૂપના દર્શન થાય છે. લોકો પ્રભુ ભક્તિમાં લીન થઈ બધુ જ ભુલી જાય છે. ફક્ત આત્મિક સુખ-શાંતિની આશાઓ ફળીભુત થાય છે. મહત્ત્વ પામેલું આ તીર્થ આપણી સંસ્કૃતિની શુદ્ધતા વધારે છે અને અનન્ય પ્રભાના દર્શન કરાવે છે. જે કોઈ પણ આત્મા અનન્ય વિશ્વાસ સાથે તીર્થના મુખ્ય જિનાલયના પગથીયાં ચડે તે આત્માને પવિત્ર તરંગોનો અનુભવ થાય છે, આત્મિક શક્તિ વધારી જીવનને ઉજ્વળ બનાવે છે. ભક્તિ, ભાવ, પૂજા, અર્ચના સાથે મંગલ સૌંદર્યથી ભરપુર તપોભુમિ તીર્થમાં, કલ્યાણ સ્રોત જિનાલય, શ્રી નમિઉણ પાર્શ્વ જિનાલય, શિવ પાર્શ્વ અને મેરૂ પર્વત જિનાલયમાં અસાધારણ ભક્તિ, પુરૂષાર્થ અને કુદરતના સમન્વયની સુંદરતા છલકે છે. એક એકથી ચડિયાતા સરળ સ્વભાવી સાત્ત્વિક આરાધકોની આરાધના એક ચેતના પ્રદાન કરે છે. સમર્પણના ભંડારસમુ આ તીર્થ સર્વોદય વિકાસનું સોપાન છે. તીર્થોધ્ધાર તથા જિર્ણોધ્ધારને સમર્પિત, અજોડ શક્તિશાળી, પ્રાચીન અને અર્વાચીન વિધિઓના જાણકાર, પ્રખર સાહિત્યકાર શ્રી રાવલમલ જૈન ''મણિ''નું ચિંતન તથા મનન તીર્થ તથા તીર્થંકર ઉદ્યાન જ્યાં ચોવીસ તીર્થંકર પરમાત્માઓને પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનરૂપી વૃક્ષ અને જે મુદ્રામાં, સંપૂર્ણ પરિચય સાથે દર્શનિય મૂર્તિઓની સ્થાપના કરાવવાના ધ્યેયમાં સતત લાગેલું છે. કળાનું અનુપમ સર્જન કાલને આજ સાથે જોડે છે. ઈતિહાસના બહુરંગી પૃષ્ઠોની ઝલક સાથે આત્મ કલ્યાણની પ્રેરણા હેતુ આ તીર્થ અનન્ય પ્રતિભાશાળી શિલ્પી ''મણિજી''નું ચિંતન સ્વસ્થ, તન-મનને સ્વસ્થ આરાધનામાં જોડતી પ્રક્રિયાની યાત્રાનો પ્રારંભ થઈ ગયો છે.

# દરશનીયા દેજો રે

(રાગ : મારા ગાડામાં બેસો મારા નાથ, ગાડુ હું તો લઈ આવ્યો.)

દરશનીયા દેજો રે, ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુ, અંતરીયા વસજો રે,
ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુ... ૧
ભક્તજંનોના સ્વપ્નમાં આવતા ... ૨. સ્વપ્ના ....
નેપાળ દેશમાં કુવામાં બિરાજતા ... ૨. કુવામાં ...
હો-હો-હો તમને રિખવાને આવ્યા રે ... ઉવસગ્ગહરં ...૨
કુવામાંથી પ્રભુને બહાર કાઢ્યા ...૨. બહાર...
જલને બદલે દુધડા ભરાણા ... ૨. દુધડા...
હો-હો-હો મૂર્તિ જોઈને દિલ ઠર્યા રે...ઉવસગ્ગહરં ...૩
નેપાળથી તમને દુર્ગમાં લાવ્યાં, ... ૨ ... દુર્ગમાં ...
તમારા મનડાં પ્રભુ નગપુરા એ મોઈયા, ... ૨ ... નગપુરા ...
હો-હો-હો પરોણા દાખલ બેસાર્યા, ...ઉવસગ્ગહરં ...૪
જિન મંદિરના મૂહુર્ત જોવરાવ્યા ... ૨ મૂહુર્ત...
ખનન મૂહુર્તે દુધના ફુવારા ... ૨. દુધના ...
હો-હો-હો તારા નામે જય જયકાર ... ઉવસગ્ગહરં ....૫
ભવ્ય પ્રભુજીનાં મંદિર બનાવ્યા ... ૨. મંદિર ...
રાજયશ સુરીએ પ્રતિષ્ઠા કરાવી ... ૨. પ્રતિષ્ઠા ...
હો-હો-હો જંગલમાં મંગલ રે ... ઉવસગ્ગહરં ...૬
વાસુ પૂજ્ય મંડળ સાથે યાત્રાએ આવતી...૨ યાત્રા
દર્શન કરીને જયા હરખાતી .... ૨. જયા ...
હો-હો-હો મારી આશા પૂરજો રે. ઉવસગ્ગહરં ...૭
મુક્તિ માર્ગ દેખાડજો રે ... ઉવ.
મને મોક્ષ સુખ આપજો રે. ઉવ.
બીજું કાંઈ ન માગું રે ... ઉવ.
મારી અરજી સ્વીકારજો રે ... ઉવ.
ભવના ફેરા ટાળજો રે ... ઉવ.

○ જયાબેન - મનસુખલાલ શાહ - મુલુંડ-મુંબઈ

## આરુગ્ગ બોહિલાભં મર્મને ચરિતાર્થ કરવાની સેવા સાથે

# આરોગ્યધામ

ગરિમાથી સભર આ પાવન તીર્થની યાત્રા દરમ્યાન મને આરુગ્ગ બોહિલાભંના મર્મને ચરિતાર્થ કરતી સેવાનો સાક્ષાત્કાર કરવાનો અવસર મળ્યો. હું ઘણા ગર્વ સાથે કહી શકું છું કે અવર્ણનીય પ્રતિભાના સ્વામી શ્રી રાવલમલ જૈન ''મણિ'' તીર્થોદ્ધારની સાથે જૈનત્વની સર્વજન હિતાય મૂર્તતા પ્રદાન કરવાના ધ્યેય સાથે જોડાયેલા છે. સાધકોંના યમ, નિયમ, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન તથા સમાધિ દ્વારા યોગ્ય આચરણમાં સાધકને લાવવાની પ્રક્રિયા એટલે આરોગ્યધામનો પ્રારંભ થઈ રહ્યો છે. લાખો ચોરસફુટમાં ફેલાયેલ ભૂમિ પર આરોગ્યધામની આધારશિલા પ્રખ્યાત ઉદ્યોગપતિ અને શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ, પુણ્યવંતા મહાનુભવ શેઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈના કરમકમળો દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી છે. વિશાળ ભવનમાં સંપૂર્ણ આધુનિક સુવિધાયુક્ત સેવાની ભાવના સાથે સારવારની પદ્ધતીનો વિકાસ થઈ રહ્યો છે. હાલ શરૂઆત રૂપે તીર્થની ધર્મશાળામાં આશરે ૩૦ પલંગની વ્યવસ્થા સાથે સારવારનો આરંભ થઈ ગયેલ છે.

આજની અવિરત હરીફાઈભરી જીવનશૈલી, વ્યસ્તતા, પરિવારના વ્યવસાયને લઈ અલગ અને એકબીજાથી દુર વસવાટ, આ બધા સંજોગોને લઈ મનુષ્યનું મન બુદ્ધિને શિથિલ કરી દે છે. આ આજનો સામાન્ય અનુભવ છે. મનની પીડા તનની પીડા સાથે જોડાયેલી છે. ભટકી ભટકીને રોગોથી ઘેરાઈ જાય છે. આવા અશક્ત અને રોગીષ્ટ તન-મન સ્વસ્થ કેવી રીતે રહે ? આત્માનું કલ્યાણ કેવી રીતે કરે? મનુષ્ય ભવ કેવી રીતે સફળ બને ? આવા અનેક પ્રશ્નો પ્રશ્નાર્થ બનીને જ રહી જાય છે, પરંતુ જવાબ મળતો નથી.

તન સ્વસ્થ હોય તો મન પ્રસન્ન રહે, પ્રસન્ન મન આત્માની પવિત્રતા જગાડે છે અને આજ મુળ ભાવના સાથે આરોગ્યધામને પરમ શાંતિમય તીર્થક્ષેત્રની વિશાળ ભૂમિ ઉપર એક નક્કર પરિણામ સ્વરૂપે સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જણાવ્યા મુજબ કુદરતી સારવાર પદ્ધતિમાં જીવન પરિવર્તનની વાત આવી જાય છે. મનુષ્યનું પોતાનું આરોગ્ય પોતાના જ હાથમાં છે. કુદરતી સંપત્તિથી તન અને મન તંદુરસ્ત રહે અને આત્માના



# પાર્શ્વનાથ પ્રભુજી અવધાર

અરજ પ્રભુજી અવધાર પાર્શ્વનાથ છો તારણ હાર,
બહુ દિન ભટક્યો, જ્યાં ત્યા રખડયો પણ ના આવ્યો આરો,
ડૂબી રહ્યા છું ભવસાગર માંહે, પામવા ચાહુ છં કિનારો,
દુઃખ મય આ સંસાર, અરજ પ્રભુજી અવધાર ...૧
રાગ-દ્વેષના-જાળા બાઝયાં, ને અંધારે ખૂબ અટવાયા,
ક્રોધ કષાય ને તજવા છે, કરૂણામય છોડાવો ને માયા,
મારા અંતરના ઉદ્‌ગાર, અરજ પ્રભુજી અવધાર, ...૨
સંસારે સળગી રહ્યો છું, ગભરાયો છું, આધાર હવે ગોતી રહ્યો છું.
અકળાયો છું, ગભરાયો છું આધાર હવે ગોતી રહ્યો છું.
તાર-તાર-પ્રભુજી-તાર, અરજી પ્રભુજી અવધાર, ...૩
ધ્યાન ધરૂં ને જાપ જપુંલ વળી ગાઉં ગીત રસાળા,
ઉરના ઉંડાણો થી, ચાહી રહ્યો છું શરણ તમારા.
રહ્યો ના બીજા ઉપાય, અરજ પ્રભુજી અવધાર ...૪
ઉવસગ્ગહરં તીર્થ નો મહિમા મોટો, દૂર-દૂર પંકાયે
કુટિલ કર્મો હળવા બનતાં, આવતા તુજ દરબારે.
જાગે ભક્તિ અમારી, અરજ પ્રભુજી અવધાર ...૫
લબ્ધિ-વિક્રમ મળે અનુપમ, રાજયશ મહિમા મારી.
કરૂણાવંત-કરૂણા કરે તો, દુઃખ દર્દ જાય છે ભાગી.
અનુભૂતિનો અણસાર, અરજ પ્રભુજી અવધાર ...૬
વિનંતી મારી સ્વીકારી, દુઃખ થી મુજને ઉગારો.
તારા બિના આધાર મને, કહે ને વિભૂ છે કોનો.
ખશાઈ રહ્યો છું. માર, અરજ પ્રભુજી અવધાર ...૭
નત મસ્તક 'નટવર' કહે છે, લળી-લળી તુજને નમે છે.
દુઃખ દાવાનળની આ ગતિ માંથી, છૂટતા ખૂબ ચાહે છે.
અરજ કરૂ વારંવારં, અરજ પ્રભુજી અવધાર ...૮

૦ નટવરલાલ એસ. શાહ. મુંબઈ



*પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. સા. આરોગ્યધામમાં*

કલ્યાણની આરાધનાને અનુકુળ બનાવવાના માત્ર ઉદ્દેશ્યથી જ આરોગ્ય-ધામનું નિર્માણ થઈ રહ્યું છે. આરોગ્યધામ સંસ્થાના જણાવ્યા મુજબ મનની સાત્ત્વિકતા મજબૂત બનાવવાનો પ્રયાસ કુદરતી સારવારનું આ આરોગ્યધામ મનુષ્યને પરમતત્ત્વની નજીક લાવનાર સેવા મંદિર છે. આ કોઈ એક વ્યક્તિ કે એક સંસ્થાનું નહીં પરંતુ સંપૂર્ણ માનવજાતના સર્વોદય વિકાસનું સ્થળ છે. ભવિષ્યની આવનારી પેઢી પણ સેવાનો લાભ લઈ શકશે અને સમયના બંધનોથી મુક્ત છે. આ સંસ્થાને આજની મહત્ત્વની જીવનાવશ્યક અને જરૂરી સેવાઓ માટે ઉદારતાપૂર્વક અર્પણ કરવાનો એક વિનમ્ર પ્રયાસ છે.. જનમાનસને ચિરંતન દિવ્યતાનું પથિક બનાવાઈ રહ્યું છે. નિરંતર સુખની આંતરિક પ્રક્રિયા પ્રાપ્ત કરવા આ આરોગ્ય ધામનું સુત્ર છે કુદરતી, સંયમ, નમ્રસેવા, યોગાભ્યાસ, પ્રાર્થનામય ક્ષમાશીલતા.

મંગલ કલ્યાણ આવાસની તપોભૂમિ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ પરિસરમાં ''સર્વે ભદ્રાણિ પશ્યતું સર્વે સન્તુ નિરામયઃ'' ની ઉદાર ભાવના લઈને દેશભરના અગણિત માનવ સેવા કરનારા મહાનુભાવો શ્રી લબ્ધિ-વિક્રમ-રાજ સંસ્થાન સાથે જોડાઈ સાર્વજનિક વ્રત, નિયમ, કુદરતની સુંદરતા, ગુણોની પવિત્રતા સાથે તાદાત્મ્ય કરવાનો એક અશક્ત પ્રયાસ કર્યો છે. કુદરતી ઉપચાર પ્રણાલી, તંદુરસ્ત શરીર, મન અને સ્વસ્થ આરાધનાનો પોષક છે. આવા ઉદાર સંકલ્પ સાથે માનવીય સેવાની યાત્રામાં કેવળ અનુમોદના જ નહીં, પરન્તુ તન, મન અને ધનથી સહયોગી થઈ સહભાગી થવા યોગ્ય છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતના પવિત્ર માર્ગદર્શનના આધારે ''આરૂગ્ગ બોહિલાભં''ની પ્રાર્થના સફળ બનાવવા માટે શરૂઆતના પ્રયાસમાં ભાગીદાર બની બુદ્ધિ, ભક્તિ, શ્રદ્ધા અને ભાવનાને ધન્ય બનાવી અલૌકિક આનંદ મેળવવાની જરૂર છે.

– સાધક હીરજીભાઈ ગાંગજી ટાંક



# ડુંગરે ડુંગરે પ્રભુના ડાયરા

(રાગ : ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા)

ડુંગરે - ડુંગરે પ્રભુના ડાયરા, ઉવસગ્ગહરં તેનાં છે અજોડ રે,
પાર્શ્વ પ્રભુ ! ડંકો દીધો રે મધ્યપ્રદેશ ...૧
પ્રભાત થયે મોરલાં ટહુંકતા, દ્વાર પર નોબત નો સૂર રે.
જૈન ભાઈ તમે નોબત, સુણવાને વેલા આવજો ...૨
મધ્યાન સમય પૂજાપો લાવજો, જળ ચંદન-પુરણ મનોહર રે.
શ્રાવક ભાઈ પૂજા કરવાને વેલા આવજો. ...૩
સંધ્યા સમય આંગી ઝળહળે, જય-જય નાચે ગાવે મંગલ દીપ રે,
સૌ ભાઈ તમે આરતી ટાણે રે વેલા આવજો ...૪
ઉવસગ્ગહરં તીર્થ અજોડ છે, જડે ન ક્યાય જગમાં એની જોડ રે.
સૌ ભાઈ તમે સંસાર તરવાને વેલા આવજો ...૫
બાલ સેવક એમ વિનવે, તમે તર્યા એવા અમને તારો રે.
પ્રાર્શ્વ પ્રભુ ! ડંકો દીધો રે મધ્ય પ્રદેશ માં. ...૬

O જયાબેન મનસુખલાલ શાહ

# ભલેને કાશી દેશના પણ

(રાગ : આજ મારા દેરાસરમાં મોતીડે મેં રચ્યાં રે)

ભલેને કાશી દેશના પણ, પારસનાથ મારા પોતાના.
પોતાના રે પોતાના, પારસ નાથ મારા પોતાના ... ભલે ...૧
ભલેને તમે દુર બિરાજો, મન મંદિરમાં વસવાના.
મન વસવાના, દિલમાંથી નથી ખસવાના ... ભલે ...૨
ભલેને અમે મુંબઈ વસીયે, તારે દ્વારે આવવાના.
તારે દ્વારે આવવાના, શીશ ઝુકાવી નમવાના ... ભલે ...૩
ભલેને તમે મુક્તિ પૂરીમાં, અમે સંસારે ભમવાના.
ભમતા-ભમતા થાકી જઈને, તારો હાથ પકડવાના ... ભલે ...૪
તારો હાથ પકડવાના, પછી નથી એ છોડવાના.
ભલેને કાશી દેશના પણ, પારસનાથ પોતાના. ભલે ...૫
જયા કહે પ્રભુ તારા નામે, સંસાર સાગર તરવાના.
વ્હેલા મોડા પ્રભુજી અમે, તુમ સરિખા બનવાના ...૬

O જયાબેન-મનસુખલાલ શાહ-મુલુંડ-મુંબઈ

# પૂજ્યોનાં આશીર્વાદ

## પૂ. ગુરૂદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા. ની દિવ્ય આગાહી



નગપુરા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બનાવવા જે મનોરથ સેવ્યા છે તે મનોરથ ખૂબ જ જલ્દીથી સફળ થાય અને આખાયે જગતને આ પાર્શ્વ પ્રતિમાના દર્શન થાય. પાર્શ્વનાથ ભગવાનનો મહિમા કરવાવાળા ધરણેન્દ્ર પદ્માવતી મદદ કરે. ગુરૂકૃપા પામનારા આ કાર્ય કરવાવાળા છે. એટલે જ આ કામ ખૂબ જ અલ્પ દિવસમાં પુરૂં થશે.

સહિ - વિક્રમસૂરિના ધર્મલાભ

## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ કૈલાસસાગર સૂરિજી મ.સા.ના ઉદ્ગાર



''તીર્થ નિર્માણ, તીર્થોદ્ધાર, જિર્ણોદ્ધારનો ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનો અવસર આવ્યો છે. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરા, છ. ગ. માં તીર્થ નિર્માણની અંતપ્રેરણાથી, અહીં આવેલા પુણ્યશાળી શ્રાવકભાઈ શ્રી રાવલમલજી ''મણિજી'' તેમજ કાર્યકર્તાઓ સાથે વિચારણા કરી તીર્થની યોજના બનાવી છે અને આ તીર્થ નિર્માણની જવાબદારી મેં મારા માથે લીધી છે. આ યોજનાને ખૂબ ઝડપથી પૂરી કરવી છે. બધા જ પુણ્યશાળીઓનું આ સૌભાગ્ય છે કે અહિંથી આશરે ૨૭ની આસપાસ શ્રી જિનેશ્વર પ્રભુની પ્રતિમાઓ આ તીર્થ માટે પ્રદાન કરવામાં આવી રહી છે. માટે બધા જ ભાગ્યશાળીઓને આ કાર્યમાં ઉત્સાહપૂર્વક સહકાર આપવા વિનંતી છે.

-o-

''જગપ્રસિદ્ધ ભારત દેશના અંતર્ગત છ. ગ. ના દુર્ગમાં પ્રગટપ્રભાવી પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્મા પુણ્યનામથી ઉવસગ્ગહરં તીર્થનું જે નિર્માણ થઈ રહ્યું છે તે ખરેખર ખૂબ જ અનુમોદનીય અને શુભ પરમ શાસન પ્રભાવના સાથે નિર્વિઘ્ન પણે પરિપૂર્ણ થાય એ જ શુભાશિષ સાથે શુભેચ્છા.

સહી - વિજય સુશીલ સૂરિ

# આજે ઉવસગ્ગહરં ને દ્વારે વાજા વાગ્યા રે લોલ

(રાગ : હોકે લાલ દરવાજે તંબુ તાણી યો રે લોલ)



આજે ઉવસગ્ગહરં ને દ્વારે વાજા વાગ્યા રે લોલ.
પાર્શ્વનાથ પ્રભુને દ્વારે, ઘંટારવ ગુંજીયા રે લોલ.

તારા નામ છે એકસો આઠ, મારે લખવી કંકોતરી ક્યા નામ,
તારા બેસણા ઠામો ઠામ, તને પૂજૂં ગામો ગામ.
હે ત્રિભુવન નાયક મોટો જગમાં, લાગે પ્યારો-પ્યારો.
આજે કાશી નગરીને દ્વારે, ઢોલ ઢબુક્યારે લોલ. ...૧


છો વામા દેવીના દુલારા, રાજા અશ્વસેન હુરાયા.
મારા જેવા લાખો તારેસ પ્રભુ તુતો એક જ મારે.
હે કરૂણાવંત કુલપાકજી પ્રભુજી, કરૂણા વૃષ્ટિ કરજો.
આજે કુલપાકજી ને દ્વારે, શરણાઈ ગુંજતી રે લોલ. ...૨

દૂરદૂર થી ભક્તો આવે, દર્શન કરી પાવન થાયે.
અઠ્ઠમ કરી કર્મો ખપાવી, ભવ સાગર તરી જાયે.
હે મંગલકારી-પાવનકારી ચિંતામણીનું ધામ.
આજે શામલિયાને દ્વારે નગારા વાગતા રે લોલ. ...૩

લબ્ધિ-વિક્રમના પ્યારા, ભક્ત દયે રાજ કરનારા.
ૐ પારસ શરણ મમં જપતાં, શિવસુખ સ્વામી દેતાં.
હે અમુલખ આનંદ દીનાનાથને વંદિયે, શરણે લે જે હો વ્હાલા.
આજે શંખેશ્વરને દ્વારે, પાવા વાગ્યા રે લોલ.
આજે ઉવસગ્ગહરંને દ્વારે, વાજા વાગ્યા રે લોલ ...૪


૦ દીનાબેન અમુલખ સલોત-મુંબઈ

''નિર્માણાધીન શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરા, છત્તીસગઢ બાબત અહીં ખૂબ જ સાંભળવા મળ્યું, જિજ્ઞાસા થઈ. પ.પૂ. શ્રી હેમપ્રભવિજયજી મ.સા. ગણિવર્ય પાસેથી સંપૂર્ણ માહિતી મગાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની છબિનું અવલોકન કર્યું. પ્રતિમાની ભવ્યતા જોઈ રોમાંચિત થઈ ગયો. જેના આનંદનો અનુભવ કરી શક્યો પણ વર્ણન કરી નથી શકતો. એવો જ આનંદ ખૂબ પહેલાં ચારુપમાં શ્રી શામળા પાર્શ્વનાથના દર્શન કરી થયો હતો. આ પ્રતિમા એક ઐતિહાસિક



ગૌરવરૂપ નમૂનો છે. તીર્થ નિર્માણ હેતુના પ્રયત્નશીલ વિદ્વાન તેમજ કુશળ વિધિકર્તા શ્રી રાવલમલ જૈન ''મણિ'' તેમજ ઈતિહાસકાર ડૉ. કે. સી. જૈન સાથે આ સંબંધમાં વિસ્તારપૂર્વક વાટાઘાટ થઈ ગઈ છે. આ સંદર્ભમાં મળી આવેલું સાહિત્ય આ પ્રતિમાની પ્રાચીનતાને વધુ મજબૂત બનાવે છે. દુર્ગની નજીક શ્રી પાર્શ્વ પ્રભુની વિહાર ભૂમિનો વિચ્છેદ થયો. એ સ્થળે નગપુરામાં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થોદ્ધારનો પ્રયાસ સફળ થશે. આ તીર્થ અનેક આત્માઓનો જીવન આધાર બની પરમાત્માપદની પ્રાપ્તિ કરાવે. શ્રી ''મણિજી''ના પ્રયાસોને પૂર્ણ કરવા સાથ આપવાનું સકળ સંઘનું કર્તવ્ય છે.

– લી. અભયસાગરના ધર્મલાભ



શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થનું સુંદર નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ એક ઐતિહાસિક તેમજ પ્રાચીન મહત્ત્વનું મંદિર ભારતમાં બની રહ્યું છે. જૈન ભાઈઓને આ તીર્થથી સુંદર પ્રેરણા હંમેશાં મળતી રહેશે. એના નિર્માણની હું હાર્દિક અનુમોદના કરૂં છું. જિન શાસનદેવને પ્રાર્થના કરૂં છું કે મંદિરની શિલારોપણ વિધિથી માડીને છેક પ્રતિષ્ઠા સુધી સર્વ કાર્ય વિશિષ્ટ રૂપે સંપૂર્ણ સંપન્ન થાય. કાર્યની નિર્વિઘ્નતા માટે મારી શુભકામના.

– પદ્મસાગર



# તારૂ મુખડું જોઈ મન મલપતું રે

(રાગ: તોરી બાંકી પાઘલડીનું દુયતુ રે)

તારૂં મુખડું જોઈ મન મલપતું રે, મને ગમતું રે,
આતો કહું છું રે શામલીયા તને અમથું...૧

તારી મૂરતીયે દીલડું ભર્યું, તારી આંખલડીયે અમી રસ ઝરતું રે.
હું તો કહું છું રે અમીછરા પાર્શ્વજી...૨

હે વામા દેવીનો રાજ દુલારો, અશ્વસેન કુલદીપ કહેવાય.
તે તો બળ-બળતો નાગ ઉગાર્યો રે, મારી નૈયા ને પાર ઉતારો રે,
તને કહું છું, ભીડ ભંજન પાર્શ્વ જી...૩

હે નીલ વર્ણ તારો રૂડો રે દીસતો, લંઝન સર્પનું દીઠું.
નવ હાથની કાયા સોહે રે, શત વર્ષ આયુષ્ય પુર રે,
ભવો ભવની ભીંતો ચૂર રે, તને કહું છું રે ચિંતામણી પાર્શ્વ જી...૪

હે લબ્ધિ દેજો નવ નીધીની, વિક્રમ સર્જન હાર,
તમે રાજ કરો ત્રણ જીવને રે, અમુલખ ભાવે દીના વિનવું રે,
તને કહું છું સ્વયંભુ પાર્શ્વ જી, તારૂ મુખડું...૫

૦ દીનાબેન અમુલખ સલોત-મુંબઈ

# ''મેં અમૃત પીધું, પાર્શ્વનું દર્શન કીધું''

– આચાર્ય શ્રી વારિષેણ સૂરી. મ. સા.



પ્રાકૃતિક સૌંદર્યની દર્શનીય ભૂમિ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ લબ્ધિપારા, નગપુરામાં ૧ ૮૦૦ કીલોમીટરનો વિહાર કરી જ્યારે વૈશાખ સુદ ૩ ના દુર્ગથી પ્રથમવારના 'છ'રિ પાલિત સંઘ સાથે ઉછળતાં ભાવોમાં પાર્શ્વનાથના દર્શન સર્વપ્રથમ થયા; હૃદય અશ્રુથી ઉભરાઈ ગયું. રોમાંચ ખડા થઈ ગયા ને હૃદયમાં ભાવભક્તિની છોળો ઉછળવા લાગી. લબ્ધિપારાના લાડીલા પાર્શ્વપ્રભુનું નયનાકર્ષક ચમત્કારિક જિન બિંબ મનમાં વસી ગયું. દિલ ફૂલી ગયું. તન ટસમસ ખસવા તૈયાર ન રહ્યું. મન મયુર મસ્ત બની નાચી રહ્યો. પ્રભુનું લોહચુંબકીય આકર્ષણ એવું તો ખેંચી રહ્યું કે મારા પ્રભુને જોયા જ કરૂં, જોયા જ કરૂં. સ્તુતિ ''ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ''ની લય લગની જ રહો. શિરપુર અંતરિક્ષમાં બિરાજમાન પાર્શ્વ પ્રભુના બિંબ સરખી જ આ પ્રતિમા જોતા લાગી રહ્યું કે ત્યાંના જેવા જ ભાવો અહિંયા થવા લાગ્યા.

પ્રથમ દર્શને જ સાથે નાંદિયાના જીવત સ્વામીના દર્શનની જેમ આંતરિક પ્રભાવિક ચમત્કૃતિ અહિંયા પણ અનુભવવા મળી. હજારો જીવોને તન-મનની ઉપાધિ હરીને સમાધિદાતા પ્રભુ પાર્શ્વની પ્રતિમાના પ્રથમ દર્શને પાવન બનવા ભાગ્યશાળી થયો.

પંચમ પીઠીકાની ૧ ૬ દિવસીય આરાધના પરમ કૃપાળુ ચમત્કાર નિધિદેવ શક્તિથી સમલંકૃત, પાર્શ્વ પ્રભુની છાયામાં પ્રારંભ કરતાં આજે અનેક અવનવા ભાવ જાગૃત થઈ રહ્યા છે. નગપુરા પ્રભુ પાર્શ્વના ચમત્કારો અનેક વ્યક્તિઓએ મારી જેમ અનુભવ્યા છે. તો આપ પણ ચિત્તાહ્લાદક પાર્શ્વ પ્રભુની પરમ કૃપાને પ્રાપ્ત કરવા તન-મન-ધન-વચનને સહભાગી બનાવવા ચૂકશો નહિ.

-o-

અમારૂં સૌભાગ્ય કે અમે બની રહેલા તીર્થને જોઈ શક્યા છીએ. આયોજનપૂર્વક થઈ રહેલા નિર્માણકાર્યને જોઈ ખૂબ જ પ્રસન્નતા થઈ. પ્રભુ પાર્શ્વનાથની ભક્તિનો અવસર વારંવાર મળતો રહે એવી આશા સેવીએ છીએ.

– (ઈન્દુમતિ જૈન, નવી દિલ્હી)

# દર્શનિયા દેજો રે


(રાગ : મારા ગાડામાં બેસો મારા નાથ, ગાડુ હું તો લઈ આવ્યો...)

દર્શનિયા દેજો રે, પાર્શ્વ પ્રભુ ભક્તોને.
અંતરિયામાં વસજો રે, પાર્શ્વ પ્રભુ ભક્તોના ...૧
ચારે દિશામાં પ્રભુ તારા તો ધામ છે. ... રે ... તારા તો...
જૂદા-જૂદા નામે મહિમા અપાર છે, ... રે ... મહિમા...
હો-હો-હો તારા નામે જય-જયકાર ... પાર્શ્વ ...૨
સૌરાષ્ટે અજાહરા ને નવખંડા પાર્શ્વ છે ... રે ... નવખંડા
ગુજરાતમાં કલિકુંડ, સેરીસા પાર્શ્વ છે ... રે ... સેરીસા
હો-હો-હો સ્તંભનની જોડ-અજોડ ... પાર્શ્વ ...૩
બઢિયા રે શંખેશ્વરને, હલારમાં ભાભા ... રે ... હલારમાં ...
સુથરીમાં ધૃતકલ્લોલને, પાટણે પંચાસરા ... રે ... પાટણે
હો-હો-હો તારા મહિમા અપરંપાર, પાર્શ્વ ...૪
મહારાષ્ટ્રમાં ચિંતામણિ ને, જગવલ્લભ, પાર્શ્વ છે, રે જગ ..
બિહારમાં કાશી ને સમેત શિખરે શામલિયા, ... રે સમેત ..
હો-હો-હો તારા ગુણ તો અપરંપાર ... પાર્શ્વ ...૫
નાકોડા, કરેડા ને વરકાણામાં પાર્શ્વ છે. ... રે વરકાણા ...
જિરાવલ્લા, ફલોદિ, જેસલમેરમાં પાર્શ્વ છે. રે ... કેસ. ...
હો-હો-હો રાજસ્થાનમાં તીર્થો સોહાય. ... પાર્શ્વ. ...૬
નાગેશ્વરા, અંતરિક્ષ ને, કેસરિયા પાર્શ્વ છે. .. રે કેસ. ...
જંગલમાં મંગલ કરનારા પ્રભુ તમે. ... રે ... કરનારા
હો-હો-હો છત્તીસગઢમાં, ઉવસગ્ગહરં પાર્શ્વ ... પાર્શ્વ ...૭
નામ પ્રમાણે પ્રભુ ગુણ તમારા, ... રે ... ગુણ
ધરણેન્દ્ર પદ્માવતી. સહાયે જાગતા. ... રે ... સહાયે.
હો-હો-હો ભક્તોના તારણહાર, ... રે ... પાર્શ્વ ...૮
કલિકાલમાં મહિમા, તમારો, .. રે ... મહિમા...
અમ જેવા પાપીને, આધાર તમારો, ... રે ... આધાર ...
હો-હો-હો તારે શરણે આવ્યા નાથ ... પાર્શ્વ ...૯
''જયા'' કહે પ્રભુ, ભક્તો તમારા, ... રે ... ભક્તો ...
જેવા તેવા પણ, બાલ તમારા, ... રે ... બાલ ...
હો-હો-હો તમે તારણો દિન દયાલ ... પાર્શ્વ ...૧૦

○ જયાબેન મનસુખલાલ શાહ-મુલુંડ-મુંબઈ

# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થપતિ વિશે જેટલું સાંભળ્યું એના કરતા વધારે જોવા મળ્યું. દેવદ્રવ્ય સાથે સાત ક્ષેત્રોનો સુંદર ઉપયોગ

છત્તીસગઢમાં દુર્ગ શહેરની નજીક આવેલું તેમજ નિર્માણ થઈ રહેલું શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ નગપુરા વિશે ભાવિક યાત્રાળુઓ પાસેથી ઘણા દિવસોથી સાંભળી રહ્યો હતો. તેમજ કલ્યાણ, સુઘોષા વગેરે જૈન પત્રોમાં આ બાબત વિશે વાચી રહ્યો હતો. સુવિશાલ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. પાસે પણ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુ વિશે વિચારણા થઈ જેઓ તીર્થોદ્ધારના કાર્યના પ્રયાસોથી પૂર્ણ પરિચિત હતા. તેઓ કહેતા હતા કે પૂજ્ય લબ્ધિ સૂરી મ. સા. ના સેવાભાવી વિધિકુશળ શ્રાવક ગુરૂભક્ત રાવલમલ 'મણિ' યોગ્ય અને સુંદર રીતે આ તીર્થોદ્ધારનું કામ કરી રહ્યા છે. આ બધું સાંભળી અને વાચીને દર્શન કરવાની ભાવના થઈ. પ.પૂ. રત્નભૂષણ-વિજયજી મ. સા. તીર્થ સ્પર્શના કરી કલકત્તા પધાર્યા ત્યારે એમની પાસેથી પણ તીર્થ વિશે શ્રી જિનેશ્વર પરમાત્મા પાર્શ્વ પ્રભુની ભવ્ય પ્રતિમાજી વિશે જાણકારી મળી. યોગાનુયોગથી તીર્થ-યાત્રાનો અવસર મળ્યો. પ્રભુજીની પ્રતિમાના દર્શન કર્યા. આવી ભવ્ય પ્રતિમાજીના પહેલા ક્યારે પણ દર્શન ન થયા હતા. ચિંત્તાકર્ષક, મહિમા વર્ણન કરવાની શક્તિ નથી. ખૂબ ખૂબ આનંદ થયો. બાળ મુનિએ અઠમતપ દ્વારા આરાધના કરી સુંદર રીતે તીર્થનું નિર્માણ જોયું. વહીવટ જોયો, મુખ્ય દેરાસરનું નિર્માણ શાસ્ત્રીય પદ્ધતિથી થતું જોયું. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ જિનાલયના બાંધકામમાં જોઈને પાણીનો ઉપયોગ, પર્વના દિવસોમાં બાંધકામની રજા તથા અન્ય સાવધાની જોઈ. પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ કૈલાસસાગરજી મ.સા.ના દસ્તાવેજ, પ.પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.ના દસ્તાવેજ, શીલાલેખ, તામ્રપત્ર





# ઉવસગ્ગહરં પાર્શ્વ મને પ્યારા લાગે

(રાગ : આજ મારે ઘેર લીલા લહેર, પ્રભુજી પધાર્યા ચારે આંગણે જી રે)

પ્યારા લાગે રે, વ્હાલા લાગે રે,
ઉવસગ્ગહરં પાર્શ્વ મને પ્યારા લાગે, ....

દર્શન કરવાને તુજ મંદિરીયે આવું. .. રે ... મંદિરીયે ...
ભાવ ભક્તિનું ભેટણું તાવું, ... રે ... દેવાધિદેવા ...
કરી-કરી દર્શન મને દેવા રહેજો રે ... ઉવ. ૧


ભવોભવ માગુ તુમ ચરણોની સેવા, ... રે ... ચરણોની ...
માગી રહી છું હું તો દેવાધિદેવા, ... રે ... દેવાધિદેવા ...
સેવકની સામું, જરા જોઈ લેજો રે, ... ઉવ ...૨

દૂર-દૂર દેશથી યાત્રાળુ આવે, ... રે ... યાત્રાળુ
તપ જાપ કરીને કર્મ ખપાવે...રે....કર્મ ખપાવે
મનોવાંછિત સહુંના પુરાં થાય રે, ... ઉવ. ...૩

રખડતી-રઝળતી 'જયાં' ચરણોમાં આવતી, રે ... ચરણોમાં
તારા ભરોસે નૈયા ઝુકાવતી, ... રે ... નૈયા...
સુકાની બનજો નગપુરા વાસી રે, ... રે ... નગપુરા ...
સુકાની બનીને તારણો રે, ... ઉવસગ્ગહરં ...૪

○ જયાબેન-મનસુખલાલ શાહ-મુલુંડ-મુંબઈ

તથા પ્રતિમાજી સંબંધિત બીજા અનેક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોને વાચીને સમજવાનો અવસર મળ્યો. પૂ. શ્રી કેશીસ્વામી દ્વારા પ્રતિષ્ઠિત આ પ્રતિમાને પરદેશી રાજા દ્વારા ભરાવવા બાબત કલચૂરી વંશજ ગજસિંહ લિખિત તામ્રપત્ર અને એમના પૌત્ર જગતપાલસિંહ દ્વારા નગપુરા જે ક્ષેત્ર હતું એમાં આ પ્રતિમા જેવી શ્રી પાર્શ્વ પ્રભુની પ્રતિમા બિરાજમાન કરાવવા, પ્રભુજીની ખંડિત ચરણ પાદુકા વગેરે બધું સારી રીતે જોયું અને સમજ્યું અને એના આધાર પર કહું છું કે પ.પૂ. અભયસાગરજી મ.સા. દ્વારા તૈયાર કરવામાં આવેલું અધ્યયન જિનશાસનની અપૂર્વ પ્રભાવનામાં અભિવૃદ્ધિ છે. તીર્થોદ્ધાર પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શનમાં થઈ રહ્યું છે તથા વહીવટ કર્તા શેઠ લબ્ધિનાથ, શાંતિનાથ પારસ ટ્રસ્ટનો વહીવટ સંતોષકારક છે. સંઘસેવક રાવલમલ 'મણિ' આ તીર્થોદ્ધારમાં તન-મનથી જોડાયેલા છે. એની હું અનુમોદના કરૂં છું. મણિભાઈ સાથે પણ પૂરી વિચારણા કરી કે તીર્થમાં સાત ક્ષેત્રોની સુંદર વ્યવસ્થા છે, ચોપડો જોયો, દેવદ્રવ્ય ખાતાને જોયું, વ્યવસ્થિત રૂપથી પૂજા દ્રવ્ય નિર્માલ્યા દ્રવ્ય અને ચારિત્ર દ્રવ્યોને પૂર્ણ હિસાબ રાખવામાં આવ્યો છે. તીર્થમાં આવવાવાળા યાત્રિઓની વ્યવસ્થા તીર્થ કમિટી દ્વારા કરવામાં આવેલી ઉપલબ્ધ વ્યવસ્થા સંતોષજનક છે. સાધુ-સાધ્વીઓના વૈયાવચ્ચ માટે ટ્રસ્ટ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તીર્થમાં આવ્યા બાદ ઉગના ક્ષેત્ર સ્પર્શનાની તીવ્ર ભાવના થઈ છે. સેવાભાવી રાવલમલ 'મણિ'એ ઉગના સુધી ૧૪૬૦ કીલોમીટર સુધી સુંદર વ્યવસ્થા કરાવી દીધી છે. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અનેક ગામ, શહેર તેમજ જંગલમાંથી પસારથતા ઉગના આવ્યા. જ્યાંથી શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ બિરાજિત શ્રી પાર્શ્વ પ્રભુની પ્રતિમા જે ઊંડા કુવામાંથી નીકળી હતી એ સ્થાન જોયું. દુર્ગમ પહાડીની વચમાં ઉગનામાં પ્રભુની વર્ષો પુરાણી પ્રતિમા પ્રાપ્તિ અને સ્વપ્નકથ મૂર્તિ નગપુરા લઈ જવાની બધી વાત વનવાસીઓ પાસેથી સાંભળવા મળી. સુખપૂર્વક બધું જોઈને આનંદની અનુભૂતિ થઈ. અંતરમનની ભાવના છે કે અહીંયાનું આ તીર્થ જલ્દી વિકસિત થાય, આરાધનામાં વૃદ્ધિ કરે.



– લિ. દીપવિજયજીના ધર્મલાભ/વિહાર અમરપુર (ઉત્તરપ્રદેશ)

# શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થપતિ




(તર્જ – પ્રભુજી તારા ચરણ કમલ માં ..)

પાર્શ્વ પ્રભુના ચરણ કમલમાં રહેવું છે એક ધ્યાન ધરી,
જોઈને એની મનોહર મૂર્તિ મન બીજે માને નહીં ! પાર્શ્વ.
ઉવસગ્ગહરં શ્રી પાર્શ્વ પ્રભુની સાંભળજો આ વાત સહીં.
દુર્ગના નગપુરા ગામના ગામે મૂર્તિ શું યે શોભી રહી ! પાર્શ્વ.
કઈ વર્ષો પહેલાની છે આ વિંટવાયેલ કંઈ સર્પો થકી
ભૂગર્ભમાંથી મળી એ પ્રતિમા દૂધ ભર્યા ખાડાની મહીં ! પાર્શ્વ.
સાંપ ત્રિરંગી રહેતો સાથે મૂર્તિથી દૂર જાયે નહીં.
પ્રતિમા દેવ રાવલમલજી ને સ્વપ્ને સાતે જણા ને કહીં ! પાર્શ્વ.
વિરોધ મૂર્તિ લઈ જાવાના, સમજાવટથી સાથે મળી.
જૈન શ્લોકોં મણિ શુરૂ કરતામાં સર્પો ત્યાં અદ્રશ્ય થહીં ! પાર્શ્વ
ખાલી ત્રિરંગી સાપ રહ્યો ત્યાં મુકે પ્રતિમા ડોલી મહીં.
ત્રણ દિવસની યાત્રા થાશે ગાડી લાવ્યા નવી નવી ! પાર્શ્વ
નગપુરા પેલા નાલા પર ગાડી અટકી ઊભી રહી
એ મૂર્તિને રાખે છે ત્યાં પાયે, પડે સૌ નમી નમી ! પાર્શ્વ
ભર્યા કાદવના એક ખેતરમાં હૈયે શ્રદ્ધા ભરી ભરી
એ મૂર્તિને રાખે છે ત્યાં, પાયે, પડે સૌ નમી નમી ! પાર્શ્વ
કેશી ગણધર પાર્શ્વ પ્રભુના, જેણે પ્રતિષ્ઠિત કરી હતી
ધરણેન્દ્ર અને પદ્માવતી સેવે, શું યે અલૌકિક એ મૂર્તિ ! પાર્શ્વ
હાજરા હજુર છે માણિભદ્ર ત્યાં, જાવા જેણું ફરી ફરી
શ્રી જૈન સંયુક્ત મંડળ ગાવે, ભાવે ભક્તિ કરી કરી ! પાર્શ્વ
લબ્ધિ કૃપાથી આનન્દ થાવે, મણિ જી તીર્થોદ્ધાર કરી
વિક્રમ રાજ પ્રતિષ્ઠા કરી – ભક્તજનોના સુખ કરી કરી ! પાર્શ્વ

○ વિનુભાઈ ચૌકસી, મુંબઈ

# ક્ષણે ક્ષણે ભક્તિનો પ્રવાહ

ભયાનક જંગલ અને પહાડીઓની વચ્ચે ઘેરાયેલા ગંડક નદીના ઉત્તર કિનારે ૨૦ થી ૨૪ ઘાસના બનેલા ઘરોનું ગામ છે ''ઉગના''. જ્યાં પહોંચવા માટે મુખ્ય સડકને અડી ને એક નાની પગદંડી છે. થકવી નાખનાર આ પહાડી પ્રદેશ રાજાનો હતો. કેટલાય વર્ષો વીતી ગયા. પછી ઓક્ટોબર ૧૯૮૧ની સાલમાં ભુવનસિંહના મજદૂરોને કૂવો ખોદતાં પરમતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની અલૌકિક પ્રતિમા મળી. ભૂગર્ભમાં દૂધ ભરેલા ખાડામાં સર્પોથી વિંટળાયેલ આ પ્રતિમા હતી.




તેની ઉપર લખાયેલ શીલાલેખ તે પ્રતિમાની કહાની જાણવા માટે સમર્થ છે. પરંતુ વાચી શકાય તો !

પ્રતિમાજીનું સર્પોથી વિંટળાવવું, મૂર્તિમાં ત્રિરંગી સાપનું રહેવું તે આ પ્રતિમાજીની સુરક્ષિતતાનું પ્રતીક છે. કોણ કેટલાય વર્ષોથી ભૂગર્ભમાં હશે. મૂર્તિ મળ્યા પછી હું મારા મિત્રો સાથે જોવા આવ્યો. દરેક વખતે મૂર્તિનું નવું રૂપ જોયું. આ મૂર્તિ પાર્શ્વનાથ ભગવાનની છે. તેની બહુ પછીથી ખબર પડી. શેઠ હીરાચંદના પ્રયાસોથી મંદિર પણ ત્યાં બન્યું. દૂરદૂરથી લોકો આવવા લાગ્યા. પ્રતિષ્ઠાની આગલી રાત્રીએ ૭ જણને આવેલા સ્વપ્નએ તો પ્રતિમાજી પ્રત્યે લોકોનો ભક્તિભાવ વધારી દીધો. બહુ સમય પછી વનવાસી ભાઈ, હીરાચંદની સાથે જઈને સ્વપ્નમાં કહેલ, રાવલમલજીને પ્રતિમાજી સોંપવા માટે લઈ આવ્યા. આ દિવસે તો અહીયાં મેળા જેવું વાતાવરણ હતું. મૂર્તિ બહાર મોકલવાનો ઘણો જ વિરોધ થયો. પરંતુ સમજાવટથી બધું કામ પાર ઉતરી ગયું. શ્રી જૈન સંસ્કૃતમાં શ્લોક બોલ્યા અને તિરંગી સાપ સિવાયના બધા જ સર્પો અદ્રશ્ય થઈ ગયા. પ્રતિમાજી ડોળીમાં લઈને ત્રણ દિવસની યાત્રા કરીને લોકોએ સડક પર પડેલી ગાડીમાં લાવીને મૂકી. આ ત્રણ દિવસની યાત્રામાં લોકો અબીલ, ગુલાલ, સિંદુર પ્રતિમાજીને લગાવતાં થાકતા ન હતા. આનંદ ઉત્સવ પહાડી ઉપર

# પારસનગરનું પાવન ધામ કર્યું

(રાગ : જૈન ધર્મ કા ડંકા આલમ મેં બજવાયા મહાવીર સ્વામીને)

પારસનગરનું પાવન ધામ કર્યું, બલિહારી પાર્શ્વ જિનેશ્વરની,
મંગલ કલ્લાણ આવાસં સહી, તીર્થ સ્પર્શનથી નીચ કર્મ દહી,
લબ્ધિ વિક્રમ રાજ પ્રભાવથી, પ્રભુ તારા ચરણ પધ સુહાની !
પારસનગરનું ...૧

ઉગના ગામડાની ખેતરથી, મૂર્તિ મળી આવી ભક્તિ ધૂની.
કૃપા કેશી સ્વામી મુનિની, બલિહારી પાર્શ્વ જિનેશ્વરની.
પારસનગરનું ...૨

જગતિમાં થયી હર્ષ અપારી, લટકાળ સુંદર શિવસુંદરી,
ભ્રમણા હરી સઘળી ભવભયની, બલિહારી પાર્શ્વ જિનેશ્વરની
પારસનગરનું ...૩

ભુવન સિંહે હીરાચંદને મળી, દુંદર દેહરીએ બનાવ્યા,
પદ્માવતીએ સ્વપ્ને કહી, એ છે મંગલ તીર્થપતિ સુહાની.
પારસનગરનું ...૪

સૌંપી પ્રતિમાં રાવલમલ ને વર્ષે, માઘ સુદ છઠના દિવસે,
વારી જાઉં હજારી એ સંપદની, બલિહારી પાર્શ્વ જિનેશ્વર ની
પારસનગરનું ...૫

દો હજાર ઈકાવનની વર્ષે, માઘ સુદ છઠના દિવસે,
રાજયશ કમલે પ્રતિષ્ઠા થયી, બલિહારી પાર્શ્વ જિનેશ્વર ની.
પારસનગરનું ...૬

જન મનમાં હરખ ઉમટયો, મણિ સમર્પણનું ગીત ગવાયો,
શિવનાથ જલ પાવન થયું બલિહારી પાર્શ્વ જિનેશ્વરની.
પારસનગરનું ...૭

શુભ આત્મ કમલમાં પ્રેમધરી, એ તીરથમાં મુજ દષ્ટિ ઠરી,
લબ્ધિ સૂરી સીમા નહિ આનંદની, બલિહારી પાર્શ્વ જિનેશ્વરની.
પારસનગરનું ..૮

○ કીર્તિ શાહ, અહમદાબાદ

હતો. ઠેરઠેર લોકો મસ્તક ઝુકાવી પ્રતિમાજીના દર્શન કરતા હતા. નાળિયેરનો પણ ઢગલો થઈ ગયો. ભાવોલ્લાસ સાથે અમે નગપુરા પહોંચ્યા. નગપુરા પૂર્વનાળા પર આવીને મેટાડોર ઊભી રહી ગઈ. ન આગળ જાય કે ન પાછળ. બધા જ પ્રયાસોની નિષ્ફળતા પછી શ્રી રાવલમલજીને આ મૂર્તિને કાદવથી ભરેલા ખેતરમાં રાખવાનો નિર્ણય લેવો પડ્યો. તે સમજાયું નહીં કે મૂર્તિ આ જગ્યાએ જ કેમ ઊભી રહી ગઈ. રાવલમલજીએ અમારૂં સ્વાગત કરી વિદાય પણ કર્યા. બે વર્ષ પછી ફરી પાછો હું અહીં આવેલ. આ સ્થળનું પરિવર્તન રૂપ જોયું અનેક નિર્માણ કાર્ય જોયા, તીર્થના રૂપમાં આ સ્થળની ખ્યાતિ અને સેંકડો લોકોને પ્રભુ ભક્તિથી થતો આનંદ જોઈને હું નાચી ઊઠ્યો. પછી તો દરેક વર્ષે આવવા લાગ્યો. ઉપધાનતપ મહોત્સવના આમંત્રણ પર ઉગના વાસીઓની સાથે આવ્યો. અમે અહીં ભક્તિમાં ગરકાવ થઈ ગયા. જીવનની સાર્થકતા મળી, પ્રભુ ભક્તિનો અવસર મળ્યો, હવે તો એ જ ઈચ્છા છે કે પાર્શ્વ પ્રભુના ચરણોમાં સમર્પિત થઈ જાઉં. પ્રભુ આ ઈચ્છા પૂરી કરે.

# પ્રાણ-પ્રતિષ્ઠા પ્રસંગે પાવનીય પ્રાર્થના

કલિકાલમાં જો કોઈ હોય એક અપૂર્વશક્તિ,
તો તે છે અંતરથી કરેલ જિનભક્તિ !

પારસમણિને લોખંડ સાથે સ્પર્શ કરાવો ત્યારે સોનું થઈ જાય, પરંતુ... પ્રભુ પારસનો વારસ (ભક્ત) જો એકવાર ખરા અંતરથી પ્રભુ પારસનું નામ જપે તો ભવાર્ણવ તરી જાય... યાને સ્વયં સિદ્ધ બની જાય. પંચમકાલમાં પ્રભુ પારસનાં નામ-કામ અને ચમત્કારથી કોક જ વિરલો અજાણ હશે...

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુનો મહિમા અપરંપાર છે. જેણે જેણે અનુભવ કર્યો તે પ્રભુના ગુણગાનમાં મસ્તાન-ગુલતાન બનીને મુક્તિને નિકટ બનાવી દે તેમાં શંકા જ નથી.

લબ્ધિ સમુદાયના એક ઓજસ્વી પ્રવક્તા આચાર્યદેવ રાજ્યશસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે ભવ્ય-દિવ્ય રીતે ઊજવાઈ રહેલા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ શાસનદેવ ! નિર્વિઘ્ને પાર પાડે એવી અભ્યર્થના કરીને મહોત્સવની હાર્દિક શુભકામના પાઠવું છું. લબ્ધિ ગુરૂભક્ત રાવલમલજીના મનોરથ સફળતાને વરે છે એ આનંદનો વિષય છે. પ્રાંતે ભવ્યજનો ! પ્રભુ પાર્શ્વના દર્શન વંદન સ્તવન દ્વારા જન્મ જરા મરણની જંજીરને તોડીને જલદી મુક્તિ મહેલના શાસ્વતનિવાસી બને એ જ એક અંતરની શુભાભિલાષા. - પૂ. શાન્ત તપોમૂર્તિ આચાર્ય શ્રી પુણ્યાનંદસૂરિજી મ.સા.



# ઉવસગ્ગહરં ગુણ ગાના

(રાગ : વંદેવીરમ્ સભી કો સુનાના)

બંદે ઉવસગ્ગહરં ગુણ ગાના
કૈસી મૂરત અજબ સૂરત
પ્રભુ નૈંનો સે નૈન મિલાના ! વંદે ૧

દર્શન પ્રભુ કા હૈ પુણ્ય સે પાયા
દિલ કો લગા જ્યોતિ જગા
બૂરે કર્મો કો જી હા ભગાના ! વંદે ૨

તત્વ પ્રભુ કા હૈ જ્ઞાન ખજાના
ચિત્તે ધરી દુઃખો હરી,
નર જન્મ કો સફલ બનાના ! વંદે ૩

શાસન પ્રભુકા ભાગ્યો મિલા હૈ
મોહ મિટે કર્મો કટે
ફિર જ્યોતિ સે જ્યોતિ મિલાના ! વંદે ૪

નગપુરામાં પ્રભુ આપ બિરાજો,
દર્શન કરી મુક્તિ વરી,
આત્મ કમલ મેં લબ્ધિ મિલાના ! વંદે ૫

# તીર્થ નિર્માણ પ્રારંભ

ઉગના ગામના ભુવનસિંહને કૂવો ખોદતા સમયે દૂધથી ભરેલા પાત્રમાં જીવતા સર્પોથી વીંટળાયેલી શ્રી પાર્શ્વ પ્રભુની પ્રતિમા મળી આવી. જે અત્યારે છત્તીસગઢના દુર્ગ શહેરથી ૧૪ કીલોમીટર દૂર આવેલ નગપુરા ગામના નિર્માણાધીન શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થમાં બિરાજમાન છે. જેની પૂજા અર્ચના અને ભક્તિમાં સમગ્ર દેશવાસીઓ મગ્ન થયા છે. મૂર્તિની પ્રાચીનતા વિશેની સંપૂર્ણ માહિતી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ કૈલાશનગર સૂરીશ્વર મ.સા.ના મણિની સાથે થયેલા પત્રવ્યવહાર દ્વારા મળે છે.

[illegible] मेहसाणा

[illegible]
श्री [illegible] जैन '[illegible]'

धर्मलाभ,

यह पत्र लेकर [illegible] के [illegible]
श्री [illegible] आदि कार्यकर्ता आपके पास आ रहे हैं।
[illegible] पार्श्वनाथ प्रभु की मिली है। [illegible]
[illegible] श्री पार्श्वनाथ प्रभु का [illegible]
[illegible]

[illegible]

[illegible] मैं [illegible]

[illegible]



## શ્રી પાસજી પ્રગટ પ્રભાવી

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, ... તુજ મૂર્તિ મુજ મન ભાવી રે,
મનમોહના જિનરાયા, ... સુર નર કિન્નર ગુણ ગાયા રે,
... મન મોહના. ॥૧॥

જે દિનથી મૂર્તિ દીઠી, ... તે દિનથી આપદા નાહી રે,
મટકાવું મુખ સુપ્રસન્ન, ... દેખત રીઝે ભાવિક મન્ન રે, મન ...
સમતા રસ કેરા કચોલાં. ... નયણા દીઠે રંગ રોલાં રે ... મન ...॥૨॥

હાથે ન ધરે હથિયાર, ... નહિ જપમાલાનો પ્રચાર રે ... મન ...
ઉત્સંગે ને ધરે વામા, ... તેહથી ઉપજે સબિ કામા રે ... મન ... ॥૩॥


ન કરે ગીત નૃત્યના ચાળા, ... એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે, ... મન ...
ન બજાવે આયે વાજાં, ... ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે, ... મન ...॥૪॥

એમ મૂર્તિ તુજ નિરૂપધિ, ... વીતરાગપણે કરી સાધી રે, ... મન ...
કહે માન વિજય ઉવજઝાયા, ... મેં અવલંખ્યા તુજ પાયા રે ...
મન મોહના જિનરાયા ...॥૫॥

## ભક્તિકારક ધર્મપ્રેમી શ્રી રાવલમલજી જૈન 'મણિ' ધર્મલાભ

આ કાગળ લઈને ભાઈ શ્રી હીરચંદ ભંસાલી અને બીજા કાર્યકર્તાઓ તમારી પાસે આવી રહ્યાં છે. ઉગના ગ્રામવાસીઓને જમીનનું ખોદાણ કરતી વખતે પાર્શ્વનાથ પ્રભુની એક દિવ્ય પ્રતિમા મળી છે. એમને આવેલા સ્વપ્નના આદેશ અનુસાર તમે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા લઈને નગપુરામાં જે દેરાસરનું પ્રારંભ કરાવવાના હતા તે હમણાં નહીં કરાવતા. આ તમારૂં નગપુરા ગામ ક્ષેત્ર શ્રી પાર્શ્વ પ્રભુનું વિહાર કરેલું સ્થાન હોય એવું પ્રતિત થાય છે. તમે કોઈપણ રીતે ઉગના જઈને પ્રતિમાજી નગપુરા લાવવાનો પ્રબંધ કરો એવી મારી ભલામણ છે. તમે ક્યારે જઈ રહ્યા છો, હું પાલી મારવાડની તરફ વિહારમાં છું. પાલી મારવાડમાં શ્રી પારસમલજી ભંસાલીના સરનામા પર સંપર્ક કરજો. મૂર્તિ જોઈને તમે મારી પાસે આવી જજો. તમે આવશો ત્યારે યોગ્ય કરીશ. તમે ભાગ્યશાળી છો કે તમને પ્રાચીન પ્રતિમાની સેવાનો અવસર મળ્યો છે.

– લિ. કૈલાશસાગરના ધર્મલાભ.



## દેવ ગુરૂ ભક્તિ સુશ્રાવક રાવલમજી 'મણિ'

લિ. કૈલાશસાગરજીનો ધર્મલાભ વાચશોજી. ખાસ લખવાનું કે તમારા દ્વારા મોકલાવેલો ઉગવાની પ્રાપ્ત થયેલી મૂર્તિનો ફોટો, શિલાલેખનો ફોટો તથા મૂળ તામ્રપત્ર વ્યવસ્થિત રીતે મળી ગયા છે. આનો અભ્યાસ કરીને શ્રી પાર્શ્વનાથની આ ભવ્ય પ્રાચીન પ્રતિમાનો ઈતિહાસ જાણીશ. આની નકલ પં. અભયસાગરજી મ.સા.ને મોકલું છું. એ પણ જાણકાર છે. ઈતિહાસ જાણવામાં તેમની મદદ મળશે. તમે જે સખત મહેનત કરી છે તેની અનુમોદના કરૂં છું હવે આગળ શું કરવાનું છે?



## પરમ પુરૂષ પરમાત્મા

પરમ પુરૂષ પરમાત્મા... સાહેબ જી,... પુરૂષદાણી પાસ હો,
શિવ સુખરા, ભ્રમર થાશું વિનતિ... સાહેબ જી,
અવસર પામી ઓળખું... સાહેબ જી,... સફળ કરો અરદાસ હો...શિવ...૧

હોય નંદન મોહભૂપરા... સા. ,... તેણે કર્યો જગ ઘંઘોલ હો... શિવ...
દ્રેષ કરી રાગ કેસરી... સા. ,... તેહના રાષા સોલ હો,... શિવ... ૨

મિથ્યા મહેતો આગલે... સા. ,... કામ કટક સરદાર હો,... શિવ...
ત્રણ રૂપ કરી તે રમે... સા. ,... હાસ્યાદિક પરિવાર હો... શિવ... ૩

મોહ મહીપરા જોર થી... સા. ,... જગ સઘલો કર્યો જોર હો... શિવ...
હરિહર સુન નર સહુ... સા. ,... જકી કર્મની ઘેર હો... શિવ...૪

ભવ સ્થિતિ ચઉગતિ ચોકમાં... સા.,... લોક કરે પોકાર હો,... શિવ...
આપ ઉદાસી હુઈ રહ્યા... સા.,... ઈમ કિમ રહેસ્યે કાર હો... શિવ... ૫

ક્ષણ શ્રેણી રી ગડઘટા... સા.,... હલકારો અરિહંત હો,... શિવ...
નાણ ખડગ મુજ કર દીયો... સા.,... ક્ષણમાં કરૂ અરિહંત હો... શિવ...૬

કરૂણા નયણ કટાક્ષ થી,... સા.,... રિપુ દલ થાલે વિસરાલ હો,... શિવ...
ખિમા વિજય જિન સંપદા... સા.,... પ્રગટે ઝાક ઝમાલ હો,... શિવ... ૭

તમે જ્યારે ના મુહૂર્ત પર પાલી આવશો ત્યારે નક્કી કરવાની ભાવના રાખું છું. અમદાવાદથી હરીભાઈ સોમપુરાને તમને મળવા માટે સૂચન કરૂં છું. પછી આગળનો કાર્યવિચાર કરશું.

– લિ. કૈલાશસાગરનો ધર્મલાભ.

દેવગુરૂ ભક્તિકારક રાવલમલજી 'મણિ' લિ. કૈલાશસાગરનો ધર્મલાભ વાચશોજી.

તમારો પત્ર મળ્યો. હું માનું છું કે તીર્થનું નિર્માણ સરળ નથી. તમે ચિંતા નહિં કરતા. આ કાર્ય મેં મારા માથે લઈ લીધું છે. શાસનનું કામ તમને મળ્યું છે. આ પત્રની સાથે તામ્રપત્રને વાચવાથી જે ઈતિહાસ મળે છે તે લખીને મોકલી રહ્યો છું. આ જૈન પત્રોમાં જાહેર કરી શકો છો. મેં પાલી અંજનશલાકા મહોત્સવના વ્યાખ્યાનમાં પ્રાચીન પ્રતિમા મળવાની, તામ્રપત્રમાં લખેલું વર્ણન તથા મારી નિશ્રામાં તીર્થ નિર્માણની જાહેરાત કરી દીધી છે. મારી રાય પ્રમાણે તમેશ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થના દુર્ગ, રાયપુર વગેરે ક્ષેત્રોના ભાઈઓની કમિટી બોલાવી લો. મુનિ જ્ઞાનસાગરજીની તબિયત અહિંયા સારી નથી. એટલે અહિંયા ઓળી સુધી રોકાવું પડશે. હિમ્મતનગરની પ્રતિષ્ઠા કરાવીને આવ્યા પછી તીર્થ નિર્માણની રૂપરેખા નિશ્ચિત કરવાની ભાવના રાખું છું. તમારે ત્યાં હરિભાઈ સોમપુરા આવી ગયા છે. એમની સાથે પ્લાનની વાતચીત કરીને કામ સોંપી દીધું છે. તમે ખુશીથી ભૂમિ પૂજનનું મુહૂર્ત કરાવી લો. તમે પૂરી હિમ્મત સાથે કામ કરજો. તમે મારી ભલામણ મુજબ આગલોડમાં આરાધના કરી શક્યા છો. મણિભદ્ર દાદા અને ઘંટાકર્ણ મહાવીર સહાય કરશે. મેં એમને પત્ર લખીને ભલામણ કરી છે. તમે પણ એમનો સંપર્ક કરતા રહેજો.

એમનું સરનામું : C/o. મોતીલાલ વર્ધીચંદ,
શોપ નં. ૨૪, દાગીના બજાર, મુંબાદેવી રોડ, મુંબઈ–૨.

પ્રતિમાજીની સેવા કરશો, ધરણેન્દ્ર પદ્માવતીએ સેવા કરી છે. શાસન સેવામાં ઉદ્યમ બનો એવી જ મારી અંતરની ઈચ્છા છે. તમને મહાન લાભ મળ્યો છે. તમે તીર્થ નિર્માણ માટે નિમિત્ત બન્યા છો. તમને સફળતા મળે એ જ મારા અંતરના આશિષ છે. મૂર્તિની સાથે મળેલો તામ્રપત્ર મારી પાસે છે. પન્યાસ શ્રી અભયસાગરજીની પાસે મોકલ્યું હતું એમનો અભિપ્રાય મોકલું છું. તમે ડૉ. કે. સી. જૈનની સાથે તેમને મળ્યા એ જાણી ખુશી થઈ. તમે રોજ સ્વાધ્યાય કરજો. ૐ હ્રીં અર્હં શ્રી સિમંધર સ્વામીને નમઃ નો જાપ કરતા રહેજો. ધર્મ આરધનામાં અભિવૃદ્ધિ કરશો.

– લિ. કૈલાશસાગરજીનો ધર્મલાભ



## શિલારોપણને દિવસે ભૂગર્ભ દૂધથી ભરાઈ ગયો


૧૨ ફેબ્રુઆરી ૧૯૮૬ ફાગણ સુદ ૨, સંવત ૨૦૪૨ વયોવૃદ્ધ પ.પૂ. મુનિરાજ શ્રી દર્શન વિજયજી મ.સા. અને શ્રી પાર્શ્વ જિનાલયનું શિલારોપણ દીક્ષાર્થી શ્રાવક શ્રી ચંદનમલજી હાડા જૈન તખતગઢ (રાજસ્થાન) નિવાસીના શુભ હસ્તે આનંદપૂર્વક કરવામાં આવ્યું. દેશભરમાં બિરાજેલા પ.પૂ. આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસ સાધુ ભગવંતો દ્વારા અભિમંત્રિત વાસક્ષેપ જેવો પ.પૂ. શ્રી દર્શન વિજયજી મ. સાહેબે કૂર્મશિલારોપણ પર નાખ્યો કે તરત જ ભૂગર્ભમાંથી દૂધની ધારા છૂટી અને માંગલિકતા વેરી ગઈ. આશ્ચર્ય, હર્ષ, આનંદની લહેરોએ ઉત્સાહ વેર્યો. જમીનમાં લગભગ ૧૪ ફૂટની ઊંચાઈ સુધી દૂધ જેવું પાણી અવર્ણનીય સુગંધ પ્રસરાવતું ત્રણ દિવસ સુધી કેમ ભરાઈ રહ્યું. અનુત્તરીત પ્રશ્ન ચિહ્ન આજે પણ આશ્ચર્યજનક છે.

## નાગ નાગણનું આગમન

દેવાધિદેવની ભક્તિમાં ડૂબી જવાનું મન કોને ન થાય ? તો પછી આવા પરમતારકની ભક્તિ અવસરનો લાભ વળી કોણ ન ઉઠાવે એ જ કારણ છે કે શિલારોપણના દિવસથી કોઈક વદ દશમે તો કોઈ ચૌદશે આ નાગનું જોડું એક સાથે પ્રમાણ કરી મૂળ ગભારા સુધી પ્રદક્ષિણા કરી અદ્રશ્ય થઈ જાય છે.

## શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથના મૂળનાયક
## શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ પ્રભુની ભક્તિના પ્રભાવે

નિર્વિવાદ સત્ય છે કે પ્રભુભક્તિમાં ઓતપ્રોત આત્માનું કલ્યાણ નિશ્ચિત છે અને નિજાનંદના સૌંદર્ય નિર્માણાધીન શ્રી નગપુરામાં બિરાજિત પ્રતિમા આ ચિદાનંદના કરવામાં સફળ છે. અમર ચિદાનંદ સ્વરૂપને સાકાર સફળતાને પરિપૂર્ણ કરી છે અજ્ઞાત શક્તિઓએ એ જ વર્ષો પછી પણ દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની આ પ્રમાણ સુખદ બની જાય



રસપાન પણ કરી શકે છે. ઉવસગ્ગહરં તીર્થ દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુની ભાવને મેળવવા માટે પ્રેરિત મૂર્તિકારની કલ્પના પ્રભુના કરવામાં સફળ થઈ છે. એ અનેક પૂજ્યવરોએ અને કારણ છે કે આજે હજારો પ્રતિમાને કરાયેલો સમ્યગ છે. દર્શનાર્થી ભાગ્યશાળી બની જાય છે. શ્રી પાર્શ્વ પ્રભુની આ પ્રતિમાના દર્શનથી જ.


*"રાજ્ય ભ્રષ્ટા નિજં રાજ્ય પદ ભ્રષ્ટા નિજં પદ્મા લક્ષ્મી ભ્રષ્ટા નિજં લક્ષ્મી પ્રાપનુવંતિ ન સંશયઃ !*
*ભાર્યોથી લભતે ભાર્યા, સુતાર્થી લભતે સુતમ ! વિતાર્થી લભતે વિતં નર સ્મરણમાત્રતઃ"*

કહીએ તો કંઈ ખોટું નથી કે કંઈ અતિશયોક્તિ શ્રી પાર્શ્વપ્રભુના વિચ્છેદ થયેલા આ સ્થળને શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરાના નિર્માણ સાથે અનેકાનેક શબ્દોએ એક કથાનું રૂપ ધારણ કરી લીધું છે. આધિ-વ્યાધિ રોગોનું નિવારણ તો સહેજે થઈ જાય છે તેથી જ તો દરરોજ સેંકડો માનતાઓ સમર્પણ કરવામાં આવે છે.

## અખૂટ ભંડાર

વયોવૃદ્ધ મુનિરાજ શ્રી કમલવિજયજી મ.સા., શ્રી કલહંસવિજયજી મ.સા., શ્રી વિશ્વકીર્તિવિજયજી મ.સા. ની છાયામાં રાજનાંદગાંવથી શ્રી વિજય લાલજી ગોલછા ૨૫૦ યાત્રાળુઓનો 'છ'રી પાળતો સંઘ લઈ કે જે આ નિર્માણધીન તીર્થનો સૌ

પ્રથમ પગપાળા સંઘ હતો. નો શ્રી પાર્શ્વ જન્મ દિવસ માટેનું આયોજન પેઢી તરફથી લગભગ પાંચ આવવાની ગણતરીથી વ્યવસ્થા કરવામાં આવી લગભગ ૧૦ થી ૧૨



અવસર હતો પોષ વદ ૧૦ કલ્યાણક મહોત્સવનું ત્રણ થયું. પોષ વદ ૧૦ ને દિવસે હજાર યાત્રાળુઓના સ્વામિવાત્સલ્યની હતી. પરંતુ સાંજ સુધી તો હજાર યાત્રાળુઓને પ્રસાદ વહેંચ્યો. અહિં તો અક્ષયપાત્રમાં અખૂટ ભંડાર બની ગયો.

## જલ સ્ત્રોત ભંડાર

નિર્માણાધીન તીર્થના ગામમાં ક્યાંય ૧૦૦ થી ૨૦૦ ફૂટની ઉંડાઈ સુધી પાણી નથી મળતું એ વાત અહિં ખૂબ જ જાણીતી હતી. અહિં નિર્માણ કાર્ય માટે પાણી એ ચિંતાનો વિષય બની ગયો હતો. ગરમીમાં તો નજીકના નાળા પણ સૂકાઈ જાય છે. પાણીની મુશ્કેલી તો સામે હતી જ. કાર્યકર્તાઓ મૂંઝવણ અને હેરાનગતિ અનુભવવા લાગ્યા. દૂરના તળાવોમાંથી પાણી લાવવાનું ખૂબ જ વિકટ હતું. સાંજે આરતીના સમયે કંઈક સંકેત મળ્યો કે પ્રસ્તુત ધર્મશાળાના સ્થળે ખોદકામ કરાવો. સંકેતના આધારે બોરિંગનું ખોદકામ ચાલુ કર્યું. માત્ર ૧૦ ફૂટની જ ઉંડાઈએથી જળ સ્ત્રોત થવાનું ચાલુ થઈ ગયું, આશ્ચર્ય અને ઉત્સાહ સાથે ખોદકામ વધુ ને વધુ ઊંડું થતું અને ૫૦ ફૂટની ઉંડાઈએ પહોંચતા તો અખૂટ જળભંડાર મળી ગયો. બોરિંગ લગાડવામાં આવ્યું અને એનાથી જ સારુયે નિર્માણ કાર્ય સરળતાથી ચાલવા લાગ્યું. વિજળી આવી જવાથી મોટર પંપની વ્યવસ્થા કરવામાં આવી.

## એક વાળ પણ વાંકો ન થાય

મુંબઈ-મલાડ નિવાસી શ્રી ધીરુભાઈ પરીખ ૪૦ યાત્રાળુઓ સાથે લકઝરી બસમાં ઘાટકોપર-થાણા, અંતરિક્ષજી ભાંડકજી દર્શન કરતા કરતા નગપુરા દર્શનાર્થે આવી ગયા. રાતનો સમય હતો, ભાંડકજીથી આગળ એક વળાંક પાસે એક ટ્રક સાથે બસ અથડાઈને ત્યાં બની રહેલા પૂલના એક ઊંડા ખાડામાં પડી ગઈ. શાસનદેવની કૃપાથી ન તો કોઈ યાત્રાળુને કોઈ જાતની આંચ આવી કે ન તો કોઈ જાતનું નુકસાન થયું. આ જોનારાઓએ દુર્ઘટના સ્થળનું વર્ણન કરતાં કહ્યું કે જે રીતે અકસ્માત થયો છે એ જોતાં એમ લાગે કે કોઈને ય એક લેશમાત્ર પણ આંચ ન આવી હોય.


## કેન્સર ગયું ક્યાં ?

નિતતનસુકિયા આસામના ૪૭ વર્ષના શ્રી વિમલ પ્રસાદ ચાલીહા હાવરા મુંબઈ મેલ (વાયા નાગપુર) શ્રીથી મુંબઈ પોતાના કુટુંબીજનો સાથે કેન્સરનો ઈલાજ કરાવવા જઈ રહ્યા હતા. રાયપુર સ્ટેશને એમના એક મિત્ર ''નવભારત'' ખરીદી લાવ્યા. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થના શિલારોપણના સમાચાર પર શ્રી વિમલ પ્રસાદની નજર પડી. વાંચતા વાંચતા ''ઉવસગ્ગહરં પાર્શ્વ'' શબ્દથી તેઓ અધિક પ્રભાવિત થયા. વિચાર કરતા બેવશ બની તેઓ બધાં જ દુર્ગ સ્ટેશને ઉતરી ગયા. ટેક્સી દ્વારા નગપુરા આવ્યા. નિર્માણાધીન તીર્થ સ્થળે દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુના ભાવવિભોર બની દર્શન કર્યા. જૈન ન હોવા છતાં પણ વિમલ પ્રસાદ પાર્શ્વ પ્રભુની ભક્તિમાં લીન બની ગયા. આખો દિવસ ત્યાં પસાર કર્યો અને રાત્રે ''ગીતાંજલિ'' દ્વારા મુંબઈ ગયા. ''ટાટા મેમોરિયલ હોસ્પિટલ'' કે જ્યાં આ અગાઉ તપાસ થઈ ગઈ હતી. કેન્સરના નિદાનના પ્રયાસમાં ઓપરેશનનો દિવસ નક્કી જ હતો. હોસ્પિટલના વોર્ડમાં દાખલ થયા બાદ ઓપરેશન પૂર્વે કરવામાં આવતી તપાસના રિપોર્ટના આધારે આશ્ચર્યચકિત ડૉ. પ્રફૂલ્લ દેસાઈએ પોતાનો પહેલાનો નિર્ણય રદ કરતા દર્દી વિમલ પ્રસાદનું ઓપરેશન નહીં કરવાની જાહેરાત કરી તેમજ તે સંપૂર્ણ રોગમુક્ત છે એમ પણ જણાવ્યું. લાગલગાટ બે દિવસ સુધીની તપાસ બાદ તેમને હોસ્પિટલમાંથી મુક્ત કરવામાં આવ્યા. ચાલીહા કુટુંબમાં આનંદ અને હર્ષનો પાર ન હતો. નિદાનની સંતૃષ્ટિ પછી કલકત્તા જતી વખતે ફરીથી નગપુરા આવી આખા કુટુંબે દર્શન કરી ઉપરની વિગત જણાવી. આ નિર્માણાધીન તીર્થમાં બિરાજમાન અલૌકિક શ્રી પાર્શ્વ પ્રભુના દર્શન માત્રથી સેકડો યાત્રાળુઓને થયેલા અને થતાં સ્વાસ્થ્ય લાભની અનેક ઘટનાઓ બનતી જ રહે છે.

## અંકલહા બોલવા લાગ્યો

કોંગિયાકલાના ૧૯ વર્ષના જન્મથી જ મૂંગા અંકલહા પરગનિહયાની વ્યથાથી કુટુંબના સૌ કોઈ દુઃખી હતા. પિતા વિશંભર બધા જ ઉપાયો કરી થાકી ગયા હતા. એ દરમ્યાન કેટલીયે વાર નગપુરામાં પાર્શ્વ મંદિર બનાવવાની વાત એ સાંભળી ચૂક્યા હતા. એક દિવસ તેમણે વર્તમાનપત્રમાં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થમાં શ્રી પાર્શ્વજયંતિ મહોત્સવના સમાચાર વાચ્યા. સમાચારથી સ્ફૂરણા થઈ. એમને કંઈક આશા બંધાઈ તે અંકલહાને લઈ તરત જ નગપુરા પહોંચી ગયા.

દર્શનાર્થીઓની હારમાં ભાવવિભોર બની પોતાનો વારો આવવાની રાહ જોતા ઉભા રહ્યા. દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુના દર્શન થતાં જ પોતાની બધી જ વ્યથા સમર્પિત કરી દીધી.



ત્યાં વાજિંત્રો તેમજ ઘંટડીઓનો કલરવ અને પ્રભુજીની આરતી ઉતરતું દૃશ્ય ભકિતમયતાનું વાતાવરણ પ્રસરાવી રહ્યું હતું. એ જ ભક્તિસભર વાતાવરણમાં અંકલહા તાળી વગાડતો સૌની સાથે ''જય જય આરતી આદિ જિણંદા'' બોલવા લાગ્યો. વિશંભર આશ્ચર્યથી ઘડીક અંકલહાને તો ઘડીક ઊંચા થઈને દેવાધિદેવને પ્રસન્નતાથી જોઈ ગદગદ થઈ ગયા. પાર્શ્વ પ્રભુને પ્રણામ કરતાં આળોટવા લાગ્યા. એમને આમ કરતા જોઈ લોકોની જિજ્ઞાસા શાંત થઈ. આખુ તીર્થક્ષેત્ર જયકારથી ગુંજી ઉઠ્યું. હવે અંકલહા સંપૂર્ણ રીતે બધું જ બરાબર બોલે છે.

## શશિકાન્તાને પુત્રરત્ન


માતૃત્વસુખથી વંચિત શશિકાન્તા મુંબઈ વાલકેશ્વર પર આવેલા શ્રી આદિનાથ જૈન મંદિરના ઉપરના મજલે ''દેવી પદ્માવતી'' સામે નિયમિત જતી અને એક જ પ્રાર્થના કરતી કે ''હે દેવી, મારો ખોળો ભરી દે'' એક રાત્રે સ્વપ્નમાં દેવી કહેતી દેખાઈ કે ''અઠ્ઠમતપ કરતી નગપુરા જા અને શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરામાં બિરાજિત પ્રતિમાના દર્શન એમને સ્વપ્નમાં કર્યા. એમને પોતાના પતિ જયંતિલાલને સ્વપ્નની વિગત કહી સંભળાવી. એમની સામે હવે એક જ પ્રશ્ન હતો કે આ નગપુરા છે ક્યાં? પૂછપરછના પ્રયત્નથી જયંતિભાઈને ગોવાલિયા ટેંક મંદિરના શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરામાં પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી મ. સા. ની છાયામાં મંદિરના શિલારોપણ મહોત્સવની સાથે તેઓ નગપુરા આવ્યા અને નિર્માણાધીન શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુની પૂજા પ્રાર્થના કરી, ૧૨ ડીસેમ્બર ૧૯૮૬ ને દિવસે શશિકાન્તાએ પુત્રરત્નને જન્મ આપ્યો. ખુશી વ્યક્ત કરી આ દંપતિએ ૨ જી ફેબ્રુઆરી ૧૯ નગપુરા આવી પુત્રના વજન બરાબર કેશર પ્રભુના ચરણે ચઢાવ્યું.

## ડૂબતી નાવને કિનારો મળ્યો

શ્રાવિકા દેવીબહેન તેમની અસ્વસ્થ તબિયતના કારણે દુઃખી હતા. બધા ઈલાજો કર્યા પરંતુ વ્યર્થ હતા. જીંદગીનો એક એક દિવસ ભારે લાગતો હતો. જીવનમાં ફક્ત હતાશા હતી. એક દિવસ તેઓ વાલકેશ્વરજીના દહેરાસરમાં આવ્યા હતા. ત્યાં પૂ. આ. શ્રી રાજયશ સૂરીશ્વરજી મ. સા. પાસેથી ભક્તિભાવથી ફોટોના દર્શન કરવા લાગ્યા. ધીમે ધીમે તેમની

તબિયત સુધરવા લાગી. તેમના સ્વપ્નમાં જીવવાની લાલસા આવી. દેવીબહેનમાં ઉમંગ અને ઉત્સાહ આવી ગયો. સહપરિવાર સાથે તીર્થયાત્રાએ આવ્યા અને આખા પરિવારમાં ખુશી છવાઈ ગઈ.

– મધુ કાંતિલાલ શાહ (ચોપાટી–મુંબઈ)



મેં ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુના દર્શનની માનતા માની હતી કે જો મારા છોકરાને હિસ્ટેરિયાની તકલીફ છે તે દૂર થશે તો દર્શને આવીશ, ત્રણ મહિનામાં રોગ મટી ગયો અને આજે હું પ્રભુના દર્શને આવ્યો છું.

– જયંતિલાલ મણીલાલ શાહ (શાહપુર–અમદાવાદ)

ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થની જાત્રા કરી અમે સહપરિવાર મીનીબસ મારફતે નાગપુર થઈને ભાંડકજી જઈ રહ્યા હતાં. દેવરી ગામ નજીક એક પૂલ નવો બને છે. તેથી ડાઈવરઝનમાંથી પસાર થતા અમારી મીનીબસ એક ટ્રક સાથે જઈ અથડાઈ. આ બધું અમે જોઈ રહ્યા હતા. ભારે દુર્ઘટનાની સંભાવનાથી મેં આખો બંધ કરી ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુનું રટણ કર્યું. એક પલમાં એવું લાગ્યું કે સર્પ જેવા પ્રાણીએ કંઈક કર્યું. એકદમ આંખો બંધ થઈ ગઈ અને થોડીવાર પછી હોંશ આવ્યા ત્યારે અમે મીનીબસની બહાર સુરક્ષિત પડ્યા હતા અને મીનીબસ ભંગાર હાલતમાં પડી હતી. ત્યાં જમા થયેલા લોકોને અમને સુરક્ષિત જોઈ નવાઈ લાગી. ગાડીની હાલત એવી હતી કે અમે સુરક્ષિત હોઈશું એમ કોઈ માને નહીં. અમને બધાને એવી પ્રતિતિ થઈ છે કે પાર્શ્વ પ્રભુની અધિષ્ઠાયી દેવી શ્રી પદ્માવતી દેવીએ ક્ષણે અમને સહાય કરી છે.

– વિકાસ ધીરૂભાઈ મહેતા (વડોદરા)

## અનેક ઘટનાઓનો સાર

દેવાધિદેવની શીતળ છાયામાં ઉપર મુજબની અનેક ઘટનાઓ બની રહી છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વગર માત્ર જિનેશ્વર પરમાત્મા શ્રી પાર્શ્વ પ્રભુના દર્શનાર્થે હજારો યાત્રાળુઓ અહિ આવે છે અને આનંદનો અનુભવ કરે છે. તીર્થના અધિષ્ઠાયકદેવ શ્રી મણિભદ્રવીર તીર્થભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. એમ અનુભવીઓના કહેવાથી જણાય છે. એવું થાય પણ શા માટે નહિ? ભક્તિમયમાં અકલ્પ્ય શક્તિ તો છે જ.

## ચિંતામણિ કલ્પતરૂ સમી પાર્શ્વપ્રતિમા

શ્રી ધરણેન્દ્ર પદ્માવતીથી પૂજાયેલી અચિંત્ય મહાપ્રભાવિક શ્રી પાર્શ્વપ્રભુની આ પ્રતિમા સારાયે વિશ્વમાં જેટલી પ્રતિમાઓ છે તેનાથી તદ્દન જુદી જ અને બરાબર એમના જેવી જ આ સૌથી પ્રથમ પ્રતિમા છે. અસાધારણ હોય પણ શા માટે નહીં ? મળેલા સાક્ષીઓનું કહેવું છે કે આ પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી પાર્શ્વ પ્રભુના જ શિષ્યપ્રભાવી આચાર્ય શ્રી કેશીસ્વામીએ જ કરી હતી. જરૂર આ દિવ્ય શક્તિઓ શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિમાં શ્રી કેશીસ્વામીની પુણ્યતાથી આ પ્રતિમા સાથે જોડાઈ ગયાની પ્રતિતી થાય છે. તેથી જ જો મનોહરી સાવનસુખા, ચન્દ્રકાંત પારેખ, મીનાક્ષી છાજેડ, બદામીબાઈ શ્રી શ્રીમાલ દિવ્યા પટેલ વગેરેએ કરેલી ''પુત્ર કે પુત્રી કાંઈ પણ પ્રાપ્ત કેમ ન થયા હોય? દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની આ પ્રાચીનતમ, દિવ્ય, ભવ્ય પ્રતિમા નિઃશંક ચિંતામણિ, કલ્પતરૂ સમી છે. અહિયાં બનતી ઘટનાઓથી આ બાબત સાબિત થાય છે.

''સર્વ મંગલ માંગલ્ય, સર્વ કલ્યાણ કારણં,  
''પાસહ સમરણં જો કુણઈ સંતુષ્ટે હિયએણ  
અઠ્ઠુતરસય વાહિ ભય, નાસઈ તસ્ય દૂરેણ !!

તથા

નો રોગા નૈવ શોકા ન કલહકલના નારિમારિપ્રચારા,  
નૈવાધિસમાધિર્ન ચ દર દુરિત દુષ્ટદારિદ્રયતા નો,  
નો શાકિન્યો ગ્રહાનો ન હરિ કરિ ગણવ્યાલવેતાલજાલા  
જાયન્તે પાર્શ્વ ચિન્તામણિનતિવશતઃ પ્રાણિનાં ભક્તિભાજમ !!

પરમતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુની ભક્તિમયતાથી જોડાયેલ આત્માની સાથે ઉપર કથનો અક્ષરશઃ સાબિત થાય છે. દેવાધિદેવ તો નિઃસંદેહ ઉપસર્ગોને હણવાવાળા છે. એવા સામર્થ્યવાન પ્રભુની સ્તુતિ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ 'ઉવસગ્ગહરં પાસંપાસં વંદામિ' કહેતા કરી તો એમાં આશ્ચર્ય શું? આજે પણ શ્રી પાર્શ્વ પ્રભુને કરેલો સમ્યગ પ્રણામ વ્યર્થ નથી જતો તેની સાબિતી શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વપતિ નગપુરા કરી શકાય છે.

## તપજપનો આનંદ

ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થના તીર્થોદ્ધાર-માર્ગદર્શક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્

રાજયશસૂરીજી મ.સા. ની નિશ્રામાં તપસ્વી સાધ્વીજી શ્રી ગીતપદ્માશ્રીજી મ.સા. એ આ તીર્થનું નિર્માણ નિર્વિઘ્ન પુરૂ થાય તે માટે ઉવસગ્ગહરં સ્ત્રોતના ૧૮૫ અક્ષર હોય છે તેના એક એક અક્ષરની આરાધનાના એક એવા ૧૮૫ અઠ્ઠમ તપ કરવાનો નિર્ણય કર્યો. આ લખાય સુધી તપસ્વી સાધ્વીજીએ ૫૪ અઠ્ઠમ તપ પૂર્ણ કર્યા છે.

## પૂજ્ય સાધ્વીશ્રીનો અભિગ્રહ

ઉગ્રતપસ્વી સાધ્વીશ્રી મંજૂશ્રીજી મ.સા. તેમના માસક્ષણનું પારણું આયંબિલથી કર્યું. ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થની પ્રતિષ્ઠા થાય ત્યાં સુધી એકાંતરે આયંબિલ કરવાનો અભિગ્રહ લીધો. કેવો અભૂતપૂર્વ અભિગ્રહ !

દેશભરમાં હજારો શ્રાવક-શ્રાવિકાઓએ ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુની આરાધના નિમિત્તે તીર્થમાં તથા અનેક સ્થળોએ અઠ્ઠમ તપની આરાધના કરી અને કરી રહ્યા છે.

ગોરેગાંવ મુંબઈના શ્રી વોરા તારાચંદ દામજીએ જુલાઈ ૧૦ તારીખ તીર્થમાં આવી અઠ્ઠમ તપની આરાધના કરી તેઓ લખે છે કે અહીં નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલુ છે. આવી પ્રાચીન પ્રતિમાનું પ્રાપ્ત થવું એ સદ્ ભાગ્ય છે. અહીં આવી ને મેં અઠ્ઠમ તપ કર્યો છે. પ્રભુ સેવાનો અનેરો મોકો મળ્યો છે જ્યારે હું ધ્યાનમાં હોઉ ત્યારે મને એમ લાગે છે કે પ્રભુજી હસતા હસતા ઉભા થઈ મારી સામે સ્મીત કરી રહ્યા છે. અહીં ધરણેન્દ્ર પદ્માવતીજી શાસનરક્ષક દેવો હજરા હજુર છે.



## શ્રી લબ્ધિનાથનું પાવન તીર્થ

આત્મ-કમલને વિકસાવનારું તીર્થ, ઉવસગ્ગહરં પાર્શ્વ,
ત્રણ ભુવનનું તિલક સમ ચમકતું તીર્થ, ઉવસગ્ગહરં પાર્શ્વ,
ભવ્યાત્માને ભદ્રંકર માર્ગ બનાવતું તીર્થ, ઉવસગ્ગહરં પાર્શ્વ,
ભક્તિથી પુણ્યાનંદની મસ્તી પ્રગટાવતું તીર્થ, ઉવસગ્ગહરં પાર્શ્વ,
વીર વાણીના પાવન પીયુષ પાન કરાવતું તીર્થ, ઉવસગ્ગહરં પાર્શ્વ,
મંગલ પ્રતિષ્ઠાની ધ્વજા લહારાવી, વિશ્વને લબ્ધિવંત બનાવો.

– પં. મહાસેન વિજય મ.
પં. વિનયસેન વિજય મ.



# શ્રી તીર્થ અંગે પાદરાથી પત્ર



મુંબઈથી ૧ ૨૦ ટિકિટ જેમાં બોરીવલી મહિલા મંડળની ટિકિટો હતી. પ્રમુખ હીરાબહેન હતાં અને શ્રી અનિલભાઈની ટ્રાવેલિંગમાં પ્રવાસ હતો.

૧. એક વખત શ્રી અનિલભાઈ અમારા ટ્રેઈનના ડબ્બામાં વાતો કરતા હતા ત્યાં રસોઈ માટેનો સગડો પાટિયા ઉપરથી નીચે પડ્યો અને અનિલભાઈના માથામાં વાગ્યો. વજનદાર હોવા છતાં શ્રી ઉવસગ્ગહરં તીર્થના પ્રતાપે ટીપું લોહી પણ ન નીકળ્યું. યાત્રિકો સર્વે નવાઈ પામી ગયા.

૨. શોર્યપુરીમાં અનિલભાઈનાં ધર્મપત્ની સરોજબહેન રસોઈ કરાવતાં હતાં. સગડાની નીચેનો પથ્થર ગરમ થઈને ટુકડા થયા તે ઉછળ્યા અને સીધા જ સરોજ બહેનના કપાળે વાગ્યો. બધાં જ ભેગાં થઈ ગયાં. પણ શાંતિ કહે મને શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાનની કૃપાથી કંઈ થયું નથી.

૩. યાત્રાળુ બધા જ શ્રી ઉવસગ્ગહરં તીર્થમાં ભાતું વાપરવા બેઠા હતા. એકદમ બૂમ પડી શ્રી પાર્શ્વનાથ ભગવાનની આંખમાંથી અમી ઝરે છે. અમે ૧ ૨૦ યાત્રિકો ભાતું પડતુ મૂકી દર્શન કરવા ગયા. એટલું બધુ અમી ઝર્યું કે ભગવાનની પલાંઠી ખૂબ જ રેલમછેલ થઈ ગઈ.

૪. શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સર્પથી વિંટળાયેલી છે. વળી આ મૂર્તિ ભૂગર્ભમાંથી મળી આવી છે.

૫. કરજણથી મહિલા મંડળ શ્રી અંતરીક્ષજી આદિ તીર્થ યાત્રાએ ૧૯૯૬માં ગયેલું તે વખતે પણ અમીઝરણા થયાં હતાં.


– કાંતિલાલ કાલિદાસ શાહ

રામપાર્ક સોસાયટી,

બંગલા નં. ઈ–૧૬,

પાદરા (જિ. વડોદરા)

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થે પરમ તારક દેવાધિદેવ શ્રી ઋષભાદિ તીર્થંકર પરમાત્માઓને
જે જે વૃક્ષોની છાયામાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયુ તે વૃક્ષોનું રોપાણ પરિચય સાથે થયેલ છે.




ઉવસગ્ગહરં ભેટવા મુજમન અધિક ઉમાહ્યો
પાર્શ્વ જિણંદની પૂજા કરી લીજે ભવ તણો લ્હાવો
આવ્યો દાદા ને દરબાર
કરો ભવોદધિ પાર
ની મસ્તી માં ઉવસગ્ગહરં તીર્થે આવતા શ્રદ્ધાળુઓ